અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
નવરાત્રિમાં તમન્ના ભાટિયા અને મૃણાલ ઠાકુર ભક્તિમાં લીન...!



પેજ-09
શુભમન ગિલ અભિષેક શર્માને હરાવીને પાંચમી વખત ICC એવોર્ડ જીત્યો....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 26.00 |
| વડોદરા | 37.00 | 25.00 |
| સુરત | 37.00 | 24.00 |

પેજ 5




ઈક્વિટી ફંડોમાં રોકાણ ૩૧ ટકા વધીને રૂ.૩૮,૩૦૭ કરોડ....

**14** OCTOBER-2026 WEDNESDAY

IAS વાઈવ્સ વેલફેર એસોસિયેશન દ્વારા ગરબાનું આયોજન : CM....



પેજ 12

**.....સુવિચાર.....**
હાર્યા પછી પણ જો તમે સ્મિત કરો તો સામેની વ્યક્તિની જીતનો જશ્ન ફિક્કો પડી જાય છે.

વર્ષ-15 । અંક-330 । વિક્રમ સંવત-2082 । આસો સુદ - 04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





| | 125 | NS 125 | N160 S/SS | 220 | RS 200 | NS 400 |
|---|---|---|---|---|---|---|
| एक्स-शोरूम कीमत | ₹94 937/- | ₹1 03 433/- | ₹1 25 576/- | ₹1 39 270/- | ₹1 80 115/- | ₹1 86 015/- |
| कैश ऑफर | ₹2 500/- | ₹2 500/- | ₹3 000/- | ₹3 000/- | ₹3 000/- | ₹5 000/- |
| PF सेविंग्स + 5 फ्री सर्विसेस | ₹3 500/- | ₹3 700/- | ₹4 500/- | ₹4 700/- | ₹5 900/- | ₹7 000/- |
| कुल बचत | ₹6 000/- | ₹6 200/- | ₹7 500/- | ₹7 700/- | ₹8 900/- | ₹12 000/- |

Flipkart | amazon.in पर भी उपलब्ध*
10 YEAR WARRANTY | BAJAJ SECURE
72198 21111
SHRIRAM Finance | IDFC FIRST Bank | BAJAJ AUTO CREDIT | L&T Finance | TATA CAPITAL Two Wheeler Loans

*नियम और शर्तें लागू, बचत केवल सीमित समय तक लागू, दर्शाई गई कुल सेविंग्स का तात्पर्य है कैश ऑफ़र से प्राप्त बचत की कुल राशि, जीरो प्रोसेसिंग फीस और 5 फ्री सर्विसेस (2 अतिरिक्त फ्री सर्विसेस). शून्य पीएफ पर सेविंग्स, फ़ायनान्सर पर निर्भर करते हुए लोकेशन्स के अनुसार बदल सकती हैं. फ़ायनान्स उपलब्ध है फ़ायनान्सर के अपने स्व-निर्णय पर. लागू होने वाले ऑफ़र अलग-अलग मॉडल या क्षेत्र के हिसाब से अलग-अलग हो सकते हैं. बताई गई एक्स-शोरूम कीमतें संबंधित मॉडल के बेस वैरिएंट की हैं. स्टंट्स, एक्सपर्ट्स द्वारा प्रोफ़ेशनल सुपरविज़न के तहत, आम जनता या आम रास्तों से हट कर नियंत्रित और बंद सीमित वातावरण में किए गए हैं. कृपया इन स्टंट्स की नकल करने का प्रयास न करें और हर समय ट्रैफ़िक तथा सुरक्षा नियमों का पालन करें.

**Authorised Dealers for Bajaj Auto Ltd.: Ahmedabad: Lal Darwaja** AMIN BAJAJ 9879203364, **Isanpur** 7600002894 • **Maninagar** ADITYA BAJAJ 6356024241, **Odhav** 6356024243, **Bapunagar** 6356024244, **Naroda** 6357102424 • **Sanand** ADITYA BAJAJ 9375073137 • **Gandhinagar** BANSARI BAJAJ 9429023456, **Kalol** 7027412345 • **Kadi** PARTH BAJAJ 9409421001 • **Himmatnagar** SAKAL BAJAJ 9909026046, **Modasa** 9925002281 • **Mehsana** PARTH BAJAJ 7046670466 • **Unjha** 7621020111 • **Palanpur** MAHESH BAJAJ, 8401303130 **Deesa** 7383437522, **Dhanera** 7567892213, **Tharad** 9979863923 • **Patan** SHIVAM BAJAJ 9925015140, **Sidhpur** 9157573343 • **Radhanpur** SHIVAM BAJAJ 9825533061, **Sami** 9638422030 • **Anand** AMIN BAJAJ 8734010115, **Borsad**, 7622822223 , **Ras** 9974577067 **Khambhat** 9909921997 • **Asodar** 9081993452 **Vasad** 9157711196 **Nadiad** SANTRAM BAJAJ 9904708740. • **Surendranagar** YUG BAJAJ 7069220225.

### 'આપ' ઉમેદવાર વિરુભાઈ કંડોરિયા ૩૫૦૦ કરતા વધુ મતોની જંગી લીડથી વિજયી બન્યા : ગોપાલ ઈટાલીયા

# દેવભૂમિ દ્વારકાની ભાડથર પંચાયત પેટાચૂંટણીમાં ખેડૂતો અને મજૂરોના સંયુક્ત પ્રયાસોથી 'આપ' ની ઐતિહાસિક જીત : ઈટાલીયા



**ભાજપ સરકાર સત્તાના અહંકારમાં અંધ બનીને ખેડૂતોની પીડા અને દુષ્કાળની માગણી પ્રત્યે આંખ આડા કાન કરી રહી છે : હજુ પણ સમય છે, ભાજપ સરકાર જાગે અને તાત્કાલિક ધોરણે સમગ્ર વિસ્તારમાં દુષ્કાળ જાહેર કરે : ગોપાલ ઈટાલીયા**

અમદાવાદ | વિસાવદરના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાડથર જિલ્લા પંચાયત પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરુભાઈ કંડોરિયાના ભવ્ય વિજયને ગુજરાતના ખેડૂતોનો વિજય ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતો લાંબા સમયથી વર્તમાન વર્ષને સત્તાવાર રીતે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની વાજબી માગણી કરી રહ્યા છે, પરંતુ ભાજપ સરકાર સત્તાના ભારે અહંકારમાં એટલી હદે અંધ બની ગઈ છે કે તેને ખેડૂતોની વાસ્તવિક પીડા અને મુશ્કેલીઓ દેખાતી નથી.

આ જ કારણસર ભાડથર પંચાયત વિસ્તારના ખેડૂતો, ખેતમજૂરો, ભાગિયાઓ અને પશુપાલકોએ સંગઠિત થઈને ભાજપને આ ચૂંટણીમાં ભૂંડામાં ભૂંડી રીતે હરાવવાનું કામ કર્યું છે અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરુભાઈ કંડોરિયાને ૩,૫૦૦ કરતાં પણ વધુ મતોની જંગી લીડથી વિજયી બનાવ્યા છે.

ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે જો સમગ્ર ગુજરાતના ખેડૂતો જાગૃત થઈને એક સાથે સંગઠિત બને અને ભાજપના શાસનને ઉખાડી ફેંકવાનો દ્રઢ સંકલ્પ કરે, તો દુનિયાની કોઈ તાકાત ખેડૂતોની શક્તિને રોકી શકે તેમ નથી. તેમણે દ્વારકા જિલ્લાના તમામ ખેડૂતોનો આભાર વ્યક્ત કર્યો હતો જેમણે પોતાના હક અને અધિકાર માટે ભાજપ સામે અવાજ ઉઠાવી તેમને જાકારો આપ્યો છે. ભાજપના નેતાઓને આકરી ચેતવણી આપતાં તેમણે જણાવ્યું હતું કે, સત્તાધીશો હજુ પણ સમયસર સુધરી જાય અને ખેડૂતોના હિતમાં તાત્કાલિક દુષ્કાળ જાહેર કરે; જો સરકાર પોતાની હઠ છોડશે નહીં, તો આગામી ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં સમગ્ર રાજ્યમાં ભાજપના વિરોધમાં 'ભાડથર' જેવી જ કારમી સ્થિતિનું પુનરાવર્તન થવામાં વાર નહીં લાગે.

## ભાડથર જિલ્લા પંચાયતમાં જીત અપાવીને ગુજરાતના ખેડૂતોએ ભાજપને સ્પષ્ટ સંદેશ આપ્યો છે: મનોજ સોરઠિયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાની ભાડથર જિલ્લા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીની ભવ્યાતિભવ્ય જીત થઈ છે. ગુજરાતના ખેડૂતોએ આ પરિણામ મારફતે ભાજપ સરકારને એક અત્યંત સ્પષ્ટ સંદેશ આપવાનું કામ કર્યું છે. જે જિલ્લા પંચાયત બેઠક પર અગાઉ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો વિજય થયો હતો, તે જ બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત દર્જ કરીને ભાજપના શાસન સામે જનતાના આક્રોશને વાચા આપી છે. રાજ્યમાં હાલ જ્યારે દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે અને ખેડૂતો પોતાની વાજબી માગણીઓ રજૂ કરે છે, ત્યારે પણ સત્તાધીશો ખેડૂતોને સંપૂર્ણપણે તરછોડી દે છે અને તેમને ન્યાય આપતા નથી. ભાડથરની જનતાએ આ ચૂંટણીમાં સરકારને સ્પષ્ટ બતાવી દીધું છે કે પીડિત અને અન્યાયગ્રસ્ત ખેડૂતો હવે કોઈ પણ સંજોગોમાં ભાજપની સાથે નથી.'આપ' નેતા મનોજ સોરઠિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, હું ગુજરાતના તમામ ખેડૂતો, ગામડાઓના નિવાસીઓ અને સામાન્ય નાગરિકોનો હૃદયપૂર્વક આભાર માનું છું, જેમણે આ દેશ અને ગુજરાતમાં ઈમાનદાર તથા ભ્રષ્ટાચારમુક્ત રાજનીતિ સ્થાપિત કરવા માટે આમ આદમી પાર્ટી પર વિશ્વાસ મૂકીને પૂર્ણ સમર્થન આપ્યું છે. આ સાથે જ આ ઐતિહાસિક વિજય માટે રાત-દિવસ અથાક મહેનત કરનારા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીથી લઈને તમામ સંનિષ્ઠ કાર્યકરો અને નેતાઓને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. પ્રજાના સહયોગ અને કાર્યકરોની મહેનતના બળે ઈમાનદારીની આ લડાઈ આગળ પણ આ જ રીતે મજબૂતીથી ચાલુ રહેશે.

### ખેડૂતો, મજૂરો, ભાગિયાઓની જીત થઈ, ભાજપના અહંકારની હાર થઈ: ઈસુદાન ગઢવી

# ભાડથર જી.પં. સીટ પર AAP ની જીત, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ખેડૂતોની, મજૂરોની, ભાગિયાઓની ગણાવી જીત



- **ભાજપના નાણાં અને પોલીસ દુરુપયોગની હાર થઈ,**
- **ભાજપને હજુ પણ કહેવા માગું છું કે આ વિસ્તાર દુષ્કાળગ્રસ્ત છે અને પાણીની વ્યવસ્થા પૂરી પાડો, નહિતર 2027માં 54 લાખ ખેડૂતો તમારા સુપડા સાફ કરી નાખશે,**
- **વીરુભાઈ, ઈસુદાનભાઈ કે આમ આદમી પાર્ટીએ તો માત્ર નિમિત છે,**
- **ઘણી જગ્યાએ ખેડૂતોને ધાક ધમકી આપી, જાતિવાદ પર ઉતરી આવ્યા પરંતુ ખેડૂતોએ એકતા બતાવી અને દરેક ગામમાં વીરુભાઈને લીડ મળી: ઈસુદાન ગઢવી**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ભાડથર જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો અંગે ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આ પરિણામ એ ભાજપના અહંકાર, જાતિવાદ, નાણાંબળ અને પોલીસ તંત્રના દુરુપયોગની કારમી હાર છે, જ્યારે મારા ખેડૂતો, મજૂરો, ભાગિયાઓ અને શ્રમિકોની ભવ્ય જીત છે. વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર ન કરીને ભાજપ સરકારે એવું બતાવવાનો પોકળ પ્રયાસ કર્યો હતો કે ખેડૂતો ખૂબ સુખી છે, પરંતુ જનતાએ જંગી મતદાન કરીને સરકારના આ દાવાઓ ફગાવી દીધા છે. ભાડથર જિલ્લા પંચાયત બેઠક પર સામાન્ય પરિવારમાંથી આવતા આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરુભાઈને આશરે ૩૭૦૦ જેટલી ઐતિહાસિક લીડ મળી છે. ભાજપના લગભગ ૧૫૦ જેટલા મોટા નેતાઓ ગાડીઓ અને બાઈકો લઈને ગામડે ગામડે ફરતા હતા, અનેક જગ્યાએ નાણાંની લાલચો આપી, ધમકીઓ આપી અને જાતિવાદ ફેલાવવાનો પૂરતો પ્રયાસ કર્યો, છતાં ખેડૂતો અને શ્રમિકોએ એકતા બતાવીને આ તમામ અસામાજિક તત્વોને આકરો ધિક્કાર આપ્યો છે.

ઈસુદાન ગઢવીએ વધુમાં ઉમેર્યું હતું કે, વિરુભાઈ, હું કે આમ આદમી પાર્ટી તો માત્ર નિમિત્ત છીએ, અસલી જીત તો આ વિસ્તારના પીડિત ખેડૂતો અને મજૂરોની એકતાની થઈ છે, કારણ કે બેઠકના દરેક ગામમાંથી 'આપ' ને જંગી લીડ પ્રાપ્ત થઈ છે. ભાજપ સરકારે હજુ પણ જાગવાની અને સુધરવાની જરૂર છે, જો તાત્કાલિક ધોરણે આ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં નહીં આવે અને ખેડૂતો માટે સિંચાઈના પાણી, પીવાના પાણી તથા પશુઓ માટે ઘાસચારાની યોગ્ય વ્યવસ્થા નહીં કરાય, તો આવનારા સમયમાં આક્રોશ વકરશે. શાસકો યાદ રાખે કે જો ખેડૂતોના પ્રશ્નો નહીં ઉકેલાય તો આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતના ૫૪ લાખ ખેડૂતો સંગઠિત થઈને ભારતીય જનતા પાર્ટીના આખા રાજ્યમાંથી સુપડા સાફ કરી નાખશે.

## ભાડથર જિલ્લા પંચાયત પેટા ચૂંટણીમાં 'આપ' ઉમેદવાર વિરુભાઈ કંડોરિયાનો જંગી વિજય : રાજુભાઈ બોરખતરીયા AAP

**ભાડથર બેઠક પર આમ આદમી પાર્ટીનો વિજય એ વાસ્તવમાં ભાજપ શાસન સામે પીડિત ખેડૂતોની જીત : રાજુભાઈ બોરખતરીયા AAP**



અમદાવાદ | આમ આદમી પાર્ટીના સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ અને પ્રદેશ સંગઠન મંત્રી રાજુભાઈ બોરખતરીયાએ દ્વારકા જિલ્લાની ભાડથર જિલ્લા પંચાયત પેટા ચૂંટણીના પરિણામો અંગે હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ પરિણામ એ માત્ર આમ આદમી પાર્ટીની જીત નથી પરંતુ સમગ્ર ગુજરાતના પીડિત ખેડૂતોની ઐતિહાસિક જીત છે. આ પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિરુભાઈ કંડોરિયા જંગી બહુમતીથી વિજયી બન્યા છે. રાજ્યમાં પ્રવર્તતી આકરી પરિસ્થિતિ છતાં ભાજપ સરકારના મંત્રીઓએ અહંકાર અને તોછડી ભાષામાં 'દુષ્કાળ જાહેર નહીં થાય' તેવો જે બેજવાબદાર જવાબ આપ્યો હતો, તે અહંકાર સામે ખેડૂતોએ પોતાની મત આપવાની શક્તિથી આકરો પ્રહાર કર્યો છે. ભાજપ સરકાર દ્વારા ખેડૂતો સાથે કરવામાં આવેલા સતત અન્યાય અને ઉપેક્ષા સામે ખેડૂતોએ એક થઈને આ વિજય અપાવ્યો છે. રાજુભાઈ બોરખતરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, આ જીત એ ખેડૂતોની અડગ નીતિ અને મજબૂત એકતાનું પરિણામ છે, જેમણે નક્કી કરી લીધું હતું કે વિષમ પરિસ્થિતિમાં પણ ખેડૂતોની પીડા પ્રત્યે આંખ આડા કાન કરનારી ભ્રષ્ટ ભાજપ સરકારને આ વખતે સખત જવાબ આપવો જ પડશે. સત્તાધારી પક્ષના અહંકારને ચૂર કરીને ખેડૂતોએ સંગઠિત થઈને યોગ્ય જવાબ આપી દીધો છે. ભાડથર જિલ્લા પંચાયત પેટા ચૂંટણીમાં મળેલી આ ભવ્ય અને જંગી બહુમતીથી સમગ્ર પક્ષ અને ખેડૂત આલમમાં ભારે આનંદનો વ્યાપ છે. ખેડૂતોના આ ઐતિહાસિક અધિકાર અને વિજયનો ઉત્સાહ આપણે સૌ સાથે મળીને ઉજવીશું અને ઈમાનદારીની આ લડાઈને આગળ પણ આ જ રીતે મજબૂતીથી ચાલુ રાખીશું.

# News Brief

## આમ આદમી પાર્ટીએ ભાડથર જિ. પં.ની સીટમાં ભાજપ કરતાં ડબલ મત હાસિલ કરીને જીત મેળવી: મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ ચૂંટણીના પરિણામો પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે ગાંધીનગર મહાનગરપાલિકા, થરા અને ઓખા નગરપાલિકા સહિત કેટલીક જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી અને પેટા ચૂંટણીઓના પરિણામો જાહેર થયા છે. આમ આદમી પાર્ટીએ ભાડથર જિલ્લા પંચાયતની સીટમાં ભાજપ કરતાં ડબલ મત હાસિલ કરીને જીત મેળવી છે. આ ગુજરાતના ખેડૂતોની અને ખેતમજૂરોની જીત છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી મજબૂતીથી ચૂંટણી લડી. ભાજપના તંત્ર, પૈસા અને સત્તાની સામે આમ આદમી પાર્ટીના 32 ઉમેદવારો મજબૂતીથી લડ્યા હતા. અમે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં જનતાના મુદ્દાઓને ઉપાડ્યા હતા અને મુદ્દાઓ પર ચૂંટણી થાય એવી કોશિશ કરી હતી. ગાંધીનગરની જનતાએ જે કંઈ પણ મેન્ડેટ આપ્યું છે, એને અમે સહર્ષ સ્વીકાર કરીએ છીએ. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં અમારી જે પણ સંગઠનાત્મક ખામીઓ રહી ગઈ છે, તેને સુધારવાનો આવનાર સમયમાં પ્રયાસ કરીશું અને અમે ગાંધીનગરમાં મજબૂત સંગઠન બનાવીશું. આગામી ચૂંટણી પહેલા અમે ગાંધીનગરમાં પાર્ટીને મજબૂત કરવાની પૂરી કોશિશ કરીશું. ગુજરાતમાં એક મજબૂત વિપક્ષ તરીકે આમ આદમી પાર્ટી હંમેશા જનતાના મુદ્દાઓ ઉપાડતી રહી છે અને જનતાના અવાજને બુલંદ કરતી રહી છે. આમ આદમી પાર્ટી મજબૂત વિપક્ષ તરીકે આ કામ કરતી રહેશે. ફરી એક વખત ગાંધીનગરની જનતાનો ખૂબ ખૂબ આભાર. સાથે સાથે ભાડથરની જનતા અને આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તા અને ઉમેદવારોને અભિનંદન પાઠવીએ છીએ.



## કંપનીમાં 10 ટકા ભાગીદારીની લાલચ આપી રેસ્ટોરાં સંચાલક સાથે 1.18 કરોડની છેતરપિંડી

અમદાવાદ | અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા અને નારણપુરામાં રેસ્ટોરાં ચલાવતા 51 વર્ષીય વેપારી સાથે Styrun Health Care નામની પેઢીને પ્રાઈવેટ લિમિટેડ કંપની બનાવવાના બહાને ચાર શખસોએ કુલ 1,18,00,000 રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.સિટી ગાઈડ જુઓ

આરોપીઓએ ફર્મમાં 10 ટકા ભાગીદારી અને 2 ટકા મેનેજમેન્ટ નફાની લાલચ આપીને કાસમઅલી અને તેમના પરિવાર પાસેથી 98,00,000 રૂપિયા તેમજ તેમના મિત્ર પાસેથી વધુ 20,00,000 રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું, પરંતુ બાદમાં ઓડિટના બહાને કોરા ચેક મેળવી રૂપિયા પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા અને લાંબા સમય બાદ પણ કોઈ નફો કે મૂળ રકમ પરત ન કરતા છેતરપિંડીનો આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ અંગે જુહાપુરામાં રહેતા અને નારણપુરામાં રેસ્ટોરાં ચલાવતા 51 વર્ષીય કાસમઅલી ખરોડિયાએ પોલીસ ફરિયાદ કરી છે. ઓક્ટોબર 2021માં મહંમદ, આબીદઅલી, અકબરઅલી અને મંજુરઅલી ચુડીયાએ જુહાપુરાના રહેવાસી કાસમઅલીનો સંપર્ક કરી તેમની ફર્મ Styrun Health Careને પ્રાઈવેટ લિમિટેડ કંપની બનાવવા માટે રોકાણની માંગણી કરી હતી. તેઓએ ફર્મમાં 10 ટકા ભાગીદારી અને 2 ટકા મેનેજમેન્ટ નફાની ઓફર આપી હતી. તેમના પર વિશ્વાસ મૂકીને કાસમઅલી અને તેમના પરિવારે 98,00,000 રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ માટે કાસમઅલીના બે દીકરાઓ, કામયાબઅલી અને મોહસીનઅલીના નામ પર 5-5 ટકા ભાગીદારીના નોટરાઈઝ્ડ કરાર પણ કરવામાં આવ્યા હતા. મે 2022માં આરોપીઓએ ઓડિટ રિપોર્ટ અને લેઝર બુકમાં એડજસ્ટમેન્ટ કરવાનું બહાનું કાઢીને કાસમઅલીના દીકરાઓ પાસેથી કોરા ચેક લીધા હતા અને તે રૂપિયા પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

## વાવેતર 31% વધ્યું છતાં તુવેરદાળ 50% મોંઘી કેમ? સામાન્ય જનતાને લૂંટતી નફાખોર લોબીનો પર્દાફાશ

અમદાવાદ | જીવનજરૂરી ખાદ્યપદાર્થોમાં ભાવ વધારો ડામવામાં સરકારની સુસ્તી વચ્ચે મોંઘવારી ઊંચા કૂદકા લગાવી રહી છે અને સામાન્ય લોકોની હાલત કફોડી થઈ ગઈ છે. અનેકવિધ ખાદ્યચીજો બાદ હવે તુવેરના ભાવમાં તોતિંગ ભાવ વધારો ઝીંકી દેવાયો છે. તાજેતરમાં જ પ્રતિ કિલો તુવેરદાળના ભાવમાં 30 રૂપિયાનો વધારો ઝીંકી દેવાતા તુવેરદાળનું પેકેટ હવે 180-160 રૂપિયાએ પહોંચ્યું છે. જેના ભાવ અગાઉ 130 રૂપિયા હતા. આશરે એક વર્ષ કરતા ઓછા સમયમાં તુવેરદાળના ભાવમાં 50 ટકાનો વધારો થયો છે.

ગુજરાતમાં તુવેરનું વાવેતર નોર્મલ 2.56 લાખ હેક્ટરમાં થાય છે તે સામે ગત વર્ષે 3.10 લાખ હેક્ટર અને ચાલુ વર્ષે 11મી ઓક્ટોબર સુધીમાં 3.37 લાખ હેક્ટરમાં થયું છે, અર્થાત્ વાવેતરમાં 31 ટકાનો મોટો વધારો થયો છે. ગત વર્ષે રાજ્યમાં વિક્રમી 1.40 ટન ઉત્પાદન ઉપરાંત બાદ ચાલુ વર્ષે પણ 3.71 લાખ ટન ઉત્પાદનનો પ્રાથમિક અંદાજ છે. સમગ્ર દેશમાં તુવેરનું ઉત્પાદન વર્ષ 2024-25માં 36.24 લાખ ટન અને ગત વર્ષ 2025-26માં 35.92 લાખ ટન એટલે કે સતત બે વર્ષ અગાઉના વર્ષો કરતા વધુ, વાર્ષિક 39 લાખ ટનનું ઉત્પાદન જળવાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે તુવેર સહિત કઠોળ મેથી-કોથમીર જેવા નથી કે જે પાક્યા પછી જે તે સમયે જ વેચવા પડે, આમ છતાં યાર્ડમાં ગત વર્ષ 2025ની નવરાત્રિથી દિવાળી વચ્ચેના સમયે તુવેરદાળ જથ્થાબંધમાં પ્રતિ 20 કિલો 900થી 1300 રૂપિયાના ભાવે વેચાતી હતી.

## નારોલમાં જૂની અદાવતમાં 23 વર્ષના યુવકનું રિક્ષામાં અપહરણ, માથામાં છરી અને પગે કુહાડીના ઘા ઝીંક્યા

**અમદાવાદના નારોલમાં જૂની અદાવતમાં 23 વર્ષીય યુવક આમીર શેખનું ચાર શખસોએ અપહરણ કરી ઢોર માર માર્યો. પીપળજ રોડ પર ભંગારના કારખાનામાંથી સજ્જુ પઠાણ, ગુલ્લુ, સતીષ અને મુકેશે યુવકને રિક્ષામાં ઉઠાવી, ચાલુ રિક્ષામાં છરી અને પંચના ઘા માર્યા.**

અમદાવાદ | અમદાવાદના નારોલ વિસ્તારમાં પીપળજ રોડ પર જૂની અદાવતની દાઝ રાખી ચાર શખસોએ ભંગારના કારખાનામાંથી એક 23 વર્ષીય યુવકનું રિક્ષામાં અપહરણ કરી, ચાલુ રિક્ષામાં માથામાં છરી તેમજ શરીરે લોખંડના પંચના ઘા માર્યા. જે બાદ અવાવરૂ સ્થળે લઈ જઈ જમણા પગે કુહાડીના ઊંધા ઘા ઝીંકી ફ્રેક્ચર કરી નાસી છૂટ્યા હતા. બીજી બાજુ ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે નારોલ પોલીસે 4 હુમલાખોરો સામે અપહરણ, હુમલો સહુને ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, અમદાવાદના ગણેશનગરમાં રહેતા અને મુસ્તુફા શેખના ભંગારના કારખાનામાં મજૂરીકામ કરતા 23 વર્ષીય આમીર સઈદ શેખ 11મી ઓક્ટોબરના રોજ બપોરે કારખાનામાં હાજર હતો. આ દરમિયાન અગાઉ થયેલી બોલાચાલીની અદાવત રાખી સજ્જુ ઉર્ફે શહેઝાદ પઠાણ, તેનો ભાઈ ગુલ્લુ, બનેવી સતીષ ઉર્ફે ગડા તથા મુકેશ ત્યાં ધસી આવ્યા હતા. ચારેય શખસોએ આમીરને જબરજસ્તી સજ્જુની રિક્ષામાં બેસાડી અપહરણ કર્યું હતું. આમીરે બૂમાબૂમ કરતાં સજ્જુએ તેના માથાના ડાબા ભાગે છરીના બે ઘા માર્યા હતા અને ગુલ્લુએ લોખંડના પંચ વડે શરીર તથા હાથ પર માર માર્યો હતો. ત્યારબાદ આરોપીઓ દેવ હોટલ ચોકડીથી શાસ્ત્રી બ્રિજ તરફ લઈ જઈ, મોં પર રૂમાલ બાંધી ગણેશનગર પાછળ અવાવરૂ જગ્યાએ ઢોરમાર મારવા લાગ્યા હતા.

કોઈ જોઈ જશે તેવી શંકા જતાં આરોપીઓ તેને રિક્ષામાં ગ્યાસપુર, ગુલાબનગર થઈ પીપળજ એપીએમસી માર્કેટ પાછળ ઈન્દિરાનગર વિભાગ-2 નજીક જંગલ જેવી જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં સજ્જુએ રિક્ષામાંથી કુહાડી કાઢી આમીરના જમણા પગના ઢીંચણ પર ઊંધા ત્રણ ઘા ઝીંક્યા હતા. ગામના લોકો ભેગા થતાં આરોપીઓ રિક્ષા લઈને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને 108 મારફતે એલ.જી. હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તેના પગમાં ફ્રેક્ચર હોવાનું સામે તથા માથાના ભાગે ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું હતું.

## નવા ફતવા બહાર પાડીને સરકારે માઁ જગદંબાની આરાધના અને નવરાત્રી પરંપરા પર તરાપ મારી : એડ. પ્રણવ ઠક્કર AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના લીગલ સેલના પ્રદેશ પ્રમુખ એડવોકેટ પ્રણવ ઠક્કરે ભાજપ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, પોતાને હિન્દુ હિતેચ્છુ ગણાવતી ભારતીય જનતા પાર્ટીની સરકારે પોલીસ તંત્રનો દુરુપયોગ કરીને નવરાત્રી ગરબા માટે ૧૨ જટિલ શરતો ધરાવતું જાહેરનામું બહાર પાડ્યું છે. પાર્ટી પ્લોટ, ક્લબ, શેરી ગરબા અને સોસાયટી ગરબા બધા માટે સમાન નિયમો લાદવામાં આવ્યા છે. મોટા કોમર્શિયલ આયોજનો માટે લાઉડસ્પીકરની મંજૂરી, ૨૦૦ મીટરનું ટ્રાફિક મેનેજમેન્ટ, ફાયર સેફ્ટી, સિક્યોરિટી ગાર્ડ, સીસીટીવી અને અલગ એન્ટ્રી-એક્ઝિટ જેવા નિયમો શક્ય હોઈ શકે છે, પરંતુ નાની સોસાયટીઓ કે શેરી ગરબા માટે આ શરતોનું પાલન કરવું તદ્દન અશક્ય છે. માઁ જગદંબાની પવિત્ર આરાધના માટે પણ સરકારના આવા તઘલખી ફતવાઓ અને



મંજૂરીઓ લેવી પડે તે અત્યંત આઘાતજનક છે. 'આપ' નેતા અને એડવોકેટ પ્રણવ ઠક્કરે વધુમાં ઉમેર્યું હતું કે, સરકાર આવા આકરા નિયમો બનાવીને પોતાની જવાબદારીમાંથી છટકી રહી છે અને કાલ સવારે કોઈ અઘટિત બનાવ બને તો આયોજકોને લાઈન દોરી દેવા માટે આ ફતવાઓ લાવવામાં આવ્યા છે. આવા નિયમોના ડરથી સોસાયટીઓ અને શેરીઓમાં ધીમે ધીમે આપણી પરંપરાગત નવરાત્રી બંધ થઈ રહી છે, કારણ કે ભાજપ એ માત્ર વેપલો કરતી પાર્ટી છે જેને ધર્મ કે પરંપરા સાથે કોઈ લેવાદેવા નથી. પાર્ટી પ્લોટ અને ક્લબમાં પોતાના મળતિયાઓનો મોટો આર્થિક વેપલો ચાલતો રહે તે માટે જ નાના શેરી ગરબાને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. શેરી કે સોસાયટી ગરબામાં કોઈ પણ પરમિશન કે કાનૂની મુશ્કેલી પડે તો આમ આદમી પાર્ટીનુ લીગલ સેલ સંપૂર્ણ મદદ માટે તૈયાર છે. પ્રજાના અધિકારો અને નવરાત્રીની સંસ્કૃતિ બચાવવા માટે 'આપ' દ્વારા હાઈકોર્ટમાં પણ અરજી કરવામાં આવશે.

# અમદાવાદ: વસ્ત્રાલમાં મજાક-મસ્તીમાં લોહિયાળ ખેલ ખેલાયો, મામાએ ચપ્પુ ઝૂંટવી સગીર ભાણાને રહેંસી નાખ્યો

અમદાવાદ | અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગર ટેકરા પાસે સોમવારે (12મી ઓક્ટોબર) રાત્રે મેદાનમાં પેડલ રિક્ષામાં બેસી મજાક-મસ્તી કરતા સગીર ભાણાને મામાએ ઠપકો આપતાં મામલો લોહિયાળ બન્યો હતો. ઉશ્કેરાયેલા સગીરે મામા, મામી તથા અન્ય એક વ્યક્તિ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત મામાએ સગીર પાસેથી ચપ્પુ છીનવી તેના પર વળતો હુમલો કરી તેને પતાવી દીધો હતો. આ બનાવમાં સગીરનું મોત નીપજતાં રામોલ પોલીસે બંને પક્ષે હત્યા અને હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ સામસામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વસ્ત્રાલ રતનપુરા ગામ પાસે ઈન્દિરાનગર ટેકરા ખાતે રહેતા દિનેશ પ્રહલાદ દેવીપૂજક અને તેમના પત્ની પૂજાબહેન 12મી ઓક્ટોબરની રાત્રે મેદાનમાં બેઠા હતા. આ દરમિયાન તેમનો સગીર ભાણો વિશાલ તેના મિત્રો વિજય અને વિશ્વાસ સાથે પેડલ રિક્ષામાં બેસી જોરજોરથી મજાક-મસ્તી કરતો હતો.



દિનેશે તેને મજાક-મસ્તી ન કરવા ઠપકો આપતાં સગીર ઉશ્કેરાઈ ગયો હતો અને ટેકરા પરથી ચપ્પુ લાવી દિનેશના પેટમાં ડાબી બાજુએ ઘા ઝીંકી દીધો હતો. વચ્ચે પડેલા મામી પૂજાબેનને કમરના ભાગે તથા સાથે રહેતા સુનિલ ઉર્ફે પોસ્કો સુરેશ દેવીપૂજકને છાતીના ભાગે ઈજા પહોંચાડી હતી. દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત દિનેશે સગીરના હાથમાંથી ચપ્પુ ઝૂંટવી લીધું હતું અને તેના બગલ નીચે તથા કમરના ભાગે ઘા મારતાં સગીર લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. તમામને સારવાર અર્થે 108 મારફતે અસારવા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે સગીરને મૃત જાહેર કર્યો હતો. આ મામલે મૃતકની બહેન પાયલબહેનની ફરિયાદના આધારે દિનેશ સામે હત્યાનો ગુનો નોંધાયો છે. જ્યારે પૂજાબહેનની ફરિયાદના આધારે મૃતક સગીર સામે હત્યાના પ્રયાસ સહિતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

સગીર નાનપણથી તેના મામા દિનેશ સાથે જ રહેતો હતો. પિતાના અવસાન બાદ માતાએ અન્યત્ર લગ્ન કરી લીધાં હોવાથી મામાએ તેનો ઉછેર કર્યો હતો. જોકે, છેલ્લા ત્રણ મહિનાથી તે મામાથી અલગ થઈને રખડતું જીવન જીવતો હતો. સોમવારે રાત્રે મામાએ માત્ર જાહેર જગ્યાએ મસ્તી કરવાની ના પાડતાં સામાન્ય બાબતમાં પરિવારમાં ખૂની ખેલ ખેલાઈ ગયો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# મિશન મંગલમના સહારે આત્મનિર્ભર બન્યાં અંજનાબેન વસાવા



(એજન્સી) રાજપીપલા | તા.13

નર્મદા જિલ્લાના ચીકદા તાલુકાના પાટડી ગામનાં શ્રીમતી અંજનાબેન ફતેસીંગભાઈ વસાવાએ પરંપરાગત ખેતી, પ્રાકૃતિક ખેતી અને સ્વદેશી ઉત્પાદનોના વેચાણ દ્વારા આત્મનિર્ભર બની મહિલાઓને પણ આર્થિક રીતે સશક્ત બનવાની પ્રેરણા પુરી પાડી છે.શ્રીમતી અંજનાબેન પ્રગતિ સ્વસહાય જૂથ સાથે જોડાયેલાં છે. સ્વસહાય જૂથના માધ્યમથી તેમને રૂ. ૨.૫ લાખનું ધિરાણ મળ્યું હતું, જેના સહયોગથી તેઓ પોતાની આર્થિક પ્રવૃત્તિઓને વધુ વેગ આપી શક્યાં છે. આજે તેમની સાથે અન્ય ૧૦ બહેનો પણ જોડાઈને આર્થિક સશક્તિકરણ તરફ આગળ વધી રહી છે. આમ, અંજનાબેનની સફળતા વ્યક્તિગત પ્રગતિ પૂરતી સીમિત ન રહેતાં અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.અંજનાબેન પરંપરાગત ખેતી પદ્ધતિને પ્રાધાન્ય આપીને મોર, લાલ ચોખા, દેશી જુવાર, દેવલી કોલમ જાતના ડાંગર, નાગલી અને દેશી મગફળી જેવા સ્વદેશી પાકનું ઉત્પાદન કરે છે. આ પાકનાં બિયારણ તેમને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), દેડિયાપાડા દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં હતાં. તેઓ પ્રાકૃતિક ખેતીમાં નીમાસ્ત્ર, બીજામૃત સહિતની પદ્ધતિઓનો ઉપયોગ કરીને જમીનની ફળદ્રુપતા જાળવવા અને પરિવારને ગુણવત્તાયુક્ત ખોરાક પૂરો પાડવા પ્રયત્નશીલ છે.

**પ્રાકૃતિક ખેતી થકી ૧૦ બહેનોને આપી પ્રેરણા**

### ૧૨ ગામોમાં પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન :

અંજનાબેન માત્ર ખેતી અને વેચાણ પૂરતાં સીમિત રહ્યાં નથી. તેઓ આત્મા પ્રોજેક્ટ હેઠળ ક્લસ્ટર રિસોર્સ પર્સન (CRP) તરીકે ૧૨ ગામોમાં કાર્યરત છે. આ કામગીરી દરમિયાન તેઓ અન્ય મહિલાઓ અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન આપે છે. પોતાના અનુભવના આધારે તેઓ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓથી માહિતગાર કરી વધુમાં વધુ લોકો આ ખેતી પદ્ધતિ અપનાવે તે માટે પ્રોત્સાહિત કરે છે.વધુમાં, નર્મદા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના પ્રયાસોથી ચીકદા તાલુકામાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર પણ કાર્યરત છે. આ કેન્દ્રનું સંચાલન અંજનાબેન પોતે કરે છે.

# Zydex કંપનીના ડાયરેક્ટર

## ડો.અજય રાયકાનું વ્હોટસએપ હેક કરી 1.03 કરોડની ઠગાઈ

(એજન્સી) વડોદરા | તા.13

વડોદરાની ઝાયડેક્સ કંપનીના ડાયરેક્ટરના નામે ઓનલાઈન ઠગોએ 1.03 કરોડની છેતરપિંડી કર્યાનો બનાવ બનતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.ગોત્રી સેવાસી રોડ પર આવેલી ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રાલીના જનરલ મેનેજર સુભાષભાઈ ગુપ્તાએ પોલીસને કહ્યું છે કે અમારી કંપનીમાં એસોસિયેટ મેનેજર મિનેશ દેસાઈ નેટબેન્કિંગ માટે ડાયરેક્ટરની એપ્રુવલ લેવલનું કામ કરે છે. ગઈ તા.નવમી ઓક્ટોબરે મારા ઉપર ડાયરેક્ટ દો અજય રાયકાનો મેસેજ આવ્યો હતો. ડાયરેક્ટરે મને એક મિટિંગમાં હોવાથી હાલ કોઈ ફોન નહીં કરે તેવી સૂચના આપી હતી. જેથી મેં ઓકે સર.. લખીને રીપ્લાય કર્યો હતો. ત્યારબાદ તેમને એક બેન્ક એકાઉન્ટ મોકલી તાત્કાલિક તેમાં રૂ.25.60 લાખ




ટ્રાન્સફર કરવા માટે કહ્યું હતું જેથી મેં મીનેશ દેસાઈને સૂચના આપી રકમ ટ્રાન્સફર કરાવી હતી. તેમણે રકમ ટ્રાન્સફર થયાની વિગત પણ મોકલવા કહ્યું હતું.ેડીવાર બાદ ફરીથી તેમણે બેન્ક એકાઉન્ટની વિગત મોકલી 18.20 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. આવી રીતે ફરીથી તેમણે બીજી એક બેંકની ડીટેલ મોકલી રૂ.23.90 લાખ ટ્રાન્સફર કરવા કહ્યું હતું. જ્યારે ત્યાર પછી રૂ.35.60 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. સુભાષ ગુપ્તાએ કહ્યું છે કે મેસેજ આવ્યો તે વ્હોટસએપ નંબર ઉપર ડાયરેક્ટર ડો.અજય રાયકાનું નામ તેમજ તેમનો ફોટો હોવાથી વિશ્વાસમાં આવી જઈ કુલ 1.03 કરોડ ટ્રાન્સફર કર્યા હતા. આ બાબતે ઓનલાઈન ઠગાઈ હોવાનું જાણી આવતા સાયબર સેલને જાણ કરી છે.

# 1.02 કરોડ હેક્ટર જમીન બિનઉપજાઉ



**જમીન બિન-ઉપજાઉ બનવાના મુખ્ય કારણો**

» વરસાદી પાણીના વહેણને લીધે ફળદ્રુપ માટીનું ધોવાતા જમીનની ગુણવત્તા બગડે છે.
» દરિયાના ખારા પાણી પ્રવેશશે જેથી જમીન બિન-ઉપજાઉ બની રહી છે.
» કેમિકલ યુક્ત ખાતર અને જંતુનાશક દવાના વપરાશથી જમીનની ફળદ્રુપતા નાશ પામે છે.
» ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની છે.
» ખેતરોમાં પાણી ભરાઈ જતાં જમીનમાં ક્ષારનું પ્રમાણ વધે છે જે પાક માટે નુકસાનકારક છે.
» ફેક્ટરીઓનું કેમિકલયુક્ત દૂષિત પાણી છોડવાથી જમીન બિનઉપયોગી બને છે. જમીનની ફળદ્રુપતા ઘટવાથી પાકના ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

(એજન્સી) ગાંધીનગર | તા.13

ગુજરાતમાં જમીનનું ધોવાણ, ક્ષાર અને રણીકરણની સમસ્યા ગંભીર બની છે. 1 કરોડથી વધુ જમીન બિન-ઉપજાઉ થવાની પ્રક્રિયામાં છે, જે કૃષિ માટે મોટો ખતરો છે. ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભજળના વધુ પડતા ખેંચાણ, ખારાશ અને અનિયમિત હવામાનને કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. છેલ્લા 8-10 વર્ષમાં રણ વિસ્તારમાં 1.85 લાખ હેક્ટરનો વધારો નોંધાયો છે. ગુજરાતમાં જમીનનું ધોવાણ, ક્ષારનું વધતું પ્રમાણ અને રણીકરણની સમસ્યા અત્યંત ગંભીર સપાટીએ પહોંચી ગઈ છે. આ કારણોસર 1 કરોડ કરતાં વધુ જમીન બિન-ઉપજાઉ અને રણ બનવાની પ્રક્રિયાનો સામનો કરી રહી છે. આ ચિંતાજનક પરિસ્થિતિને જોતા કૃષિ ક્ષેત્ર માટે પર જોખમ મંડરાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે આગળ વધી રહેલી ખારાશ અને અનિયમિત હવામાનને કારણે જમીનની ફળદ્રુપતા ઝડપી ઘટી રહી છે. જે ખેતી માટે ખતરો સાબિત થઈ શકે છે.

### જમીન વિરાન થવાની રેસમાં ત્રણ રાજ્ય

ગુજરાતમાં દરિયાનું ખારું પાણી જમીનમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છની જમીન વધુ ખારી અને બિન-ઉપજાઉ બની રહી છે. આ ઉપરાંત વધુ પડતા ભૂગર્ભજળના ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની રહી છે. કેમિકલ યુક્ત ખાતરો અને જંતુનાશક દવાના આડેધડ વપરાશથી જમીનની કુદરતી ફળદ્રુપતા નાશ પામી રહી છે. જમીન વિરાન થવાની રેસમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી ગુજરાત ત્રીજા ક્રમે રહ્યું છે.બીજી તરફ, રાજ્યમાં અંધાધૂંધ ઔદ્યોગિકરણ અને ઝડપી શહેરીકરણની સીધી અસર ખેતીલાયક જમીન પર પડી રહી છે. છેલ્લા પાંચેક વર્ષમાં જ ગુજરાતની આશરે 2.28 લાખ હેક્ટર ફળદ્રુપ જમીન બિન-ખેતીલાયક બની છે. સૌથી ચોકાવનારી વાત એ છે કે, સૌથી વધુ ખેતીલાયક જમીન રહેણાંક અને વાણિજ્યિક બાંધકામો માટે બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે.કૃષિ અને પર્યાવરણના નિષ્ણાતોના મતે, રણીકરણ અને આમારાશ ગુજરાત માટે લાલબત્તી સમાન છે. જો ઓર્ગેનિક ખેતી, દરિયાઈ વિસ્તારમાં ખારાશ નિયંત્રણ, વ્યાપક વૃક્ષારોપણ અને પાણીના યોગ્ય સંચય માટે માઈક્રો-ઈરિગેશન જેવા નક્કર પગલાં તાત્કાલિક ધોરણે લેવામાં નહીં આવે, તો રાજ્યમાં અન્ન અને ખેતી લાયક જમીનની ભારે અછત સર્જાશે તે દિવસો દૂર નથી.

# સાઉથ સીઝ ડિસ્ટિલરીઝ

**વર્ષ 1984થી અત્યાર સુધી વિશિષ્ટ સ્પિરિટનો વારસો ધરાવતી ડિસ્ટિલરીએ પોતાની આગવી સિંગલ મોલ્ટ વ્હિસ્કી બ્રાન્ડ "ક્રેઝી કોક" પ્રસ્તુત કરી**



(એજન્સી) મુંબઈ | તા.13

સાઉથ સીઝ ડિસ્ટિલરીઝ એન્ડ બ્રૂઅરીઝ પ્રાઈવેટ લિમિટેડ, એક સમૃદ્ધ વારસો ધરાવતી આલ્કોબેવ કંપની, તેની ઉપભોક્તાઓને પ્રથમ/રિટેલ વ્હિસ્કી બ્રાન્ડ 'ક્રેઝી કોક' પ્રસ્તુત કરવા સજ્જ છે. એક આંખથી જોતાં પૌરાણિક કૂકડાનાં સાથે આ નામ સ્વદેશી વ્હિસ્કીઓ માટે એક નવા યુગની શરૂઆતનું પ્રતીક સમાન છે, જે ભારતીય ઉપખંડની વ્યવસાયિક સફળતાની ઉજવણી કરે છે અને સમગ્ર દુનિયામાં વ્હિસ્કીપ્રેમીઓ માટે શ્રેષ્ઠ વિવિધ સ્વાદમાં તૈયાર કરે છે.પોતાની વિશિષ્ટ બ્રાન્ડને પ્રસ્તુત કરીને કંપની શ્રેષ્ઠ વ્હીસ્કીઓનું ઉત્પાદન કરવાના વારસાને ફરી સ્થાપિત કરે છે અને સિંગલ મોલ્ટ વ્હિસ્કીઓ (જવમાંથી બનાવેલી વ્હિસ્કીઓ) ને નવી ઊંચાઈએ લઈ જવાનો આશય ધરાવે છે. ક્રેઝી કોક 6-કાચા ભારતીય જવ કે અનાજમાંથી બનાવેલી વિશિષ્ટ સિંગલ મોલ્ટ વ્હિસ્કી છે. આ જવ કે 6-ભારતીય અનાજને ઉત્તર ભારતના સુંદર મેદાની રાજ્યોમાંથી કાળજીપૂર્વક પસંદ કરવામાં આવ્યાં છે. જવ કે 6-ભારતીય અનાજને પલાળી, અંકુરિત કરી અને સૂકવીને મોલ્ટ તૈયાર કરવામાં આવે છે તથા ત્યારબાદ કોપરના પાત્રોમાં પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ કરીને તેને ગાળવામાં આવે છે, જેને પરિણામે વિશિષ્ટ અને સુંદર સ્વાદ ધરાવતી શાનદાર વ્હિસ્કી બને છે અને તેમાં સુંદર સુંગધ હોય છે. વ્હિસ્કીને સંપૂર્ણ અને જટિલ સ્વાદ માટે એક્સ-બૉર્બન (મોલ્ટ અને રાઈ ઉપરાંત 51 ટકા મકાઈ હોય એવી શુદ્ધ વ્હિસ્કી) અને એક્સ-શેરી પીપડાઓમાં પકવવામાં આવે છે. ક્રેઝી કોક ધુઓ માટે ખાસ ધુમાડો ધરાવતી બેચ અતિ સુંદર સ્વાદ ઉમેરે છે.

**યોજનાઓનો લાભ લેવા માટે ઈચ્છુક લાભાર્થીઓ e-SamajKalyan પોર્ટલ પરથી મેળવી શકશે**

# બિનઅનામત વર્ગના લાભાર્થીઓ માટે શૈક્ષણિક, આર્થિક અને સ્વરોજગારલક્ષી વિવિધ યોજનાઓ અમલમાં

(એજન્સી) રાજપીપલા | તા.13

નર્મદા જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિનઅનામત વર્ગના લાભાર્થીઓના શૈક્ષણિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓના માધ્યમથી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવામાં તેમજ સ્વરોજગાર શરૂ કરવામાં સહાયરૂપ થવાનો હેતુ છે. નિગમ દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજનાઓમાં (૧) વિદેશ અભ્યાસ લોન યોજના, (૨) શૈક્ષણિક અભ્યાસ લોન યોજના, (૩) કોમર્શિયલ પાયલોટ તાલીમ લોન યોજના, (૪) સ્વરોજગારલક્ષી લોન યોજના, (૫) ભોજન બિલ સહાય યોજના, (૬) ટ્યુશન સહાય યોજના, (૭) JEE, NEET અને GUJCET જેવી પ્રવેશ પરીક્ષાઓ માટે કોચિંગ સહાય યોજના તથા (૮) સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ સહાય યોજનાનો સમાવેશ થાય છે. ઉક્ત યોજનાઓ અંગેની પાત્રતા, જરૂરી દસ્તાવેજો, સહાયની વિગતો તથા અરજી પ્રક્રિયા સહિતની વિસ્તૃત માહિતી મેળવવા માટે લાભાર્થીઓએ e-SamajKalyan પોર્ટલ https://esamajkalyan.gujarat.gov.in ના હોમપેજ પર Corporation વિભાગમાં GUEEDC પર ક્લિક કરવાનું રહેશે.વધુ માહિતી અને માર્ગદર્શન માટે ઈચ્છુક લાભાર્થીઓ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ)ની કચેરી, રૂમ નં. ૨૧, ભોંયતળિયે, જિલ્લા સેવા સદન, રાજપીપળા, જિલ્લા નર્મદાનો રૂબરૂ સંપર્ક કરી શકશે.આ ઉપરાંત, શૈક્ષણિક અભ્યાસ લોન યોજના અને સ્વરોજગારલક્ષી લોન યોજનાનો લાભ લેવા ઈચ્છુક અને પાત્રતા ધરાવતા જરૂરિયાતમંદ લાભાર્થીઓએ નિગમની નિયત પ્રક્રિયા મુજબ ઓનલાઈન અરજી ફોર્મ ભરી સબમિટ કરવાનું રહેશે.

### માહિતી અધિકારીઓનાં નામ, હોદ્દા અને સંપર્કની વિગતો જાહેર કરવા લોક અધિકાર મંચની માગ

વડોદરા | ગુજરાતમાં સરકારી જાહેર સંસ્થાઓમાં કાયદાના કથિત ભંગ, ગેરવહીવટ અને ખાનગી શાળાઓની કામગીરી સામે લોક અધિકાર મંચ ભારતના આગેવાન મહેશ સોલંકીની આગેવાનીમાં ગઈકાલે સામાજિક કાર્યકરો એકત્ર થયા હતા અને ગુજરાતના તમામ જિલ્લાના કલેક્ટરો મારફતે રાજ્યપાલને સંબોધતું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં માહિતી અધિકાર અધિનિયમ-2005, ગુજરાત જાહેર સેવા સંબંધિત કાયદા-નિયમો તથા શિક્ષણના અધિકાર અધિનિયમ-2009 સહિતના કાયદાઓનું યોગ્ય રીતે પાલન કરાવવાની માગ કરવામાં આવી છે. સંગઠનના જણાવ્યા મુજબ, વિવિધ સરકારી કચેરીઓ અને જાહેર સેવા સત્તા મંડળોમાં માહિતી અધિકારીઓની કામગીરીમાં પારદર્શિતા જળવાય તે માટે જરૂરી પગલાં લેવાં જોઈએ. દરેક જાહેર સંસ્થામાં માહિતી અધિકારીનું નામ, હોદ્દો, ફોન નંબર, કચેરીનું સરનામું, બેઠક વ્યવસ્થા અને ઈમેઈલ સરનામું દર્શાવતાં જાહેર માહિતી બોર્ડ મૂકવાની માગ કરવામાં આવી છે. આ ઉપરાંત, માહિતી અધિકારીઓને મળતી અરજીઓની નોંધણી માટે સરકારના નિયમો અનુસાર વિવિધ રજિસ્ટરો નિયમિત રીતે તૈયાર કરવામાં આવે અને તેની જાળવણી થાય તે સુનિશ્ચિત કરવા રજૂઆત કરવામાં આવી છે.

# ભવાની માતાના મંદિર સાથે જોડાયેલો સુરતના ગરબાનો 450 વર્ષ જૂનો ઈતિહાસ

(એજન્સી) સુરત | તા. 13

સુરતમાં નવરાત્રી દરમિયાન ઠેરઠેર ભવ્ય આયોજન સાથે આધુનિક ગરબાની રમઝટ જામી છે, ત્યારે કોટ વિસ્તારના ભવાની વડ ખાતે આવેલા ભવાની માતાજીના મંદિરમાં આજે ત્રીજના દિવસે સાલગીરાનો અવસર છે. સ્થાનિક લોકવાયકા મુજબ, સુરતમાં શેરી ગરબાની શરૂઆત આ મંદિરેથી થઈ હતી અને ત્યારબાદ આ પરંપરા શહેરની અન્ય શેરીઓમાં પ્રસરી હતી. આશરે 450 વર્ષ જૂની આ પરંપરામાં સમય સાથે ગરબાનું સ્વરૂપ બદલાયું છે. અગાઉ તાળીઓના તાલે માતાજીની સ્તુતિ સાથે રમાતા ગરબાની પરંપરા આજે પણ ભવાની વડના રહેવાસીઓએ જાળવી રાખી છે. જોકે, અગાઉની સરખામણીએ ગરબામાં જોડાતા ભક્તોની સંખ્યા ઘટી છે, પરંતુ મંદિરનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ આજે પણ જળવાયેલું છે. આજના સમયમાં મોટા મેદાનો અને પાર્ટી પ્લોટમાં ડીજે, લાઈટિંગ અને આધુનિક સંગીતના તાલે ગરબા રમાય છે, જ્યારે જૂના સુરતના શેરી ગરબાની ઓળખ માતાજીની આરાધના, પરંપરાગત લોકગીતો અને તાળીઓના તાલ સાથે જોડાયેલી હતી. ભવાની વડ ખાતે માતાજીની સ્તુતિ સાથે ગરબા રમવાની પરંપરા શરૂ થઈ હોવાની સ્થાનિક માન્યતા છે. ત્યારબાદ શહેરની પોળો અને શેરીઓમાં નવરાત્રી દરમિયાન ગરબા રમવાની પરંપરા વિકસી હતી. સમય જતાં ગરબાનું સ્વરૂપ બદલાતું ગયું અને ભવ્ય આયોજનોનું પ્રમાણ વધ્યું, પરંતુ શેરી ગરબાની પાછળ રહેલી ધાર્મિક શ્રદ્ધા આજે પણ જૂના સુરતના સાંસ્કૃતિક વારસાનો મહત્વનો હિસ્સો છે.મંદિરના પૂજારી રોશન ગોસ્વામીના જણાવ્યા મુજબ, તેમના પરિવારની સાત પેઢીઓ અહીં પૂજા કરતી હતી અને હાલ તેઓ આઠમી પેઢી તરીકે પૂજાની પરંપરા આગળ ધપાવી રહ્યા છે. તેમના વડવાઓ પાસેથી મળેલી માહિતી મુજબ, ભવાની માતાજીનું મંદિર સુરતની જૂની ધાર્મિક પરંપરા સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ભવાની વડ ખાતે આજે અગાઉની સરખામણીએ ગરબામાં જોડાતા ભક્તોની સંખ્યા ઘટી છે. નવરાત્રીની ઉજવણીનું સ્વરૂપ બદલાતાં મોટા આયોજનો અને આધુનિક ગરબા તરફ લોકોનો ઝોક વધ્યો છે. તેમ છતાં, ભવાની વડના રહેવાસીઓએ પરંપરાગત ગરબાની ઓળખ જાળવી રાખી છે. અહીં ગરબો માત્ર નવરાત્રીની ઉજવણી પૂરતો મર્યાદિત નથી, પરંતુ પેઢીઓથી ચાલી આવતી ધાર્મિક આસ્થા અને સ્થાનિક સામૂહિક જીવન સાથે પણ જોડાયેલો છે. આથી ભક્તોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં મંદિરનું ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ઘટ્યું નથી.



## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે.

**કર્ક : ડ. હ.**

તમારૂ મોહિત કરનારૂ વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો! બાળકોનું ઘરકામ પૂરૂ કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**સિંહ : મ. ટ.**

તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે.

**તુલા : ર. ત.**

તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. પરિવાર સાથેની સામાજિક પ્રવૃત્તિઓ ખૂબ જ આનંદપ્રદ હશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**મકર : ખ. જ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

## ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સન્માન

# અમરેલી એસ.પી. સંજય ખરાત દ્વારા રાજુલાના પોલિસ કો. રવિરાજભાઈ વરુનુ સન્માન થયુ

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ઉત્કૃષ્ઠ કામગીરી બદલ નોંધ લેવાઈ



રિપોર્ટર કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા શ્રી રવિરાજભાઈ બી. વરુ નું અમરેલી એસ.પી. શ્રી સંજય ખરાત સાહેબ દ્વારા સરકારશ્રીની 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત પ્રશંસાપત્ર આપી ને બહુમાન કરવામા આવ્યુ હતુ. તેમના દ્વારા બારપટોળી ગામે પ્રતાપભાઈ ભીમભાઈ ની અરજી ના આધારે તેમના માનસિક રીતે અસ્થિર પત્નીએ તેમના ઘરેણા આશરે પંદર લાખની કિંમત ના પડોશીને આપી દીધેલ જે પરત મેળવી ને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ફરીયાદીને પરત કર્યા હતા.જેમા રવિરાજભાઈ ની કામગીરી, સુજબુજ અને ગુન્હો ઉકેલવાની જહેમત ની નોંધ લઈ ને તેમને પ્રશંસા પત્ર આપવામા આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે રવિરાજભાઈ એ તેમની પોલિસ ની કામગીરી મા રાજુલા વિસ્તાર મા તેમની કામગીરી, સાહસ અને લોકો સાથે ના પોઝીટીવ વ્યહવહાર થી લોકો ના હ્રદય મા ખુબ સન્માન મેળવ્યુ છે.

## પોલીસે મામલો થાળે પાડ્યો

# રતનપુર(ક) ના સરકારી ગોચરમાં મોટાપાયે રેતી ખનનનો આક્ષેપ, માપણી દરમિયાન હોબાળો

કમલેશ પટેલ. સંખેડા





રતનપુર(ક) (સંખેડા) : છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના રતનપુર(ક) ગામના સરકારી ગોચરમાં મોટાપાયે રેતી ખનન થયું હોવાનો ગંભીર આક્ષેપ ગામના લોકોએ સરપંચ મોતીભાઈ રોહિત પર લગાવ્યો છે. ગામના પ્રશાંત ચંદુભાઈ બારીયા દ્વારા મોટાપાયે બે નંબરનું ખનન થતું હોવાની ફરિયાદ ખનીજ ખાતામાં કરી માપણીની અરજી કરવામાં આવી હતી. જેના પગલે ઉચ્ચ અધિકારી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ટીમ આજે રતનપુર(ક) ગામે ગોચરની ખનન થયેલ જગ્યાની માપણી માટે પહોંચી હતી. ગામના લોકોના જણાવ્યા મુજબ, અધિકારીઓ સ્થળ પર પહોંચતા જ ગામલોકોએ કહ્યું કે સરપંચને જાણ કરો. અધિકારીઓએ સરપંચને જાણ કરતા સરપંચ મોતીભાઈ રોહિત પોતાના માણસો સાથે સ્થળ પર દોડી આવ્યા હતા અને “માપણી નથી કરવાની” તેમ કહી અધિકારીઓને અને ગામના લોકોને રોકવાનો પ્રયાસ કરતા વાતાવરણ ઉગ્ર બની ગયું હતું.મામલો વધી જતા ગામના લોકો દ્વારા 112 પર કોલ કરી પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલો થાળે પાડ્યો હતો. ત્યારબાદ આવેલ અધિકારીઓ દ્વારા ગામના લોકોના સાથ સહકારથી પંચકસ કરી ખનન કરાયેલ ગોચરની જગ્યાની માપણી કરવામાં આવી હતી અને તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.દરમિયાન ગામના એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, “અત્યાર સુધી જિલ્લાના અધિકારી કે કલેક્ટરનું એક પણ રૂં ફરકતું નથી. મેં અત્યાર સુધી 50 જેટલી અરજીઓ કરેલી છે. આવા વ્યક્તિઓ સામે અધિકારીઓમાં શક્તિ ન હોય એવું લાગે છે.”તેમ રતનપુર ગામના મંગુભાઈ પરમારે જણાવ્યું.

# ખેલ મહાકુંભમાં સંખેડાના કલ્પેશ બારીયાએ ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું





કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લામાં ચાલી રહેલા ખેલ મહાકુંભમાં સંખેડાના કલ્પેશ બારીયાએ ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમણે 40 પ્લસ એજ કેટેગરીમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. જિલ્લા કક્ષાએ યોજાયેલી આ સ્પર્ધામાં કલ્પેશ બારીયાએ તમામ હરીફોને પાછળ રાખી સંખેડા તાલુકાનું ગૌરવ વધાર્યું છે.તેમની આ જીતથી સંખેડા પંથકમાં ખુશીનો માહોલ છે. મિત્રો, પરિવારજનો અને રમત પ્રેમીઓ તેમને અભિનંદન પાઠવી રહ્યા છે. હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં છોટાઉદેપુર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# આરોગ્ય વિભાગના અધિકારી અને એનિમલ રેસ્ક્યુ ટીમના સચિન પંડિતે ગામમાં ફરી બીમાર શ્વાનોને પકડી સારવાર આપી

કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના બહાદરપુર ગામમાં રખડતા શ્વાનોમાં બીમારી ફેલાઈ છે, જેનાથી ઘણાના મોત થયા છે. તંત્ર દ્વારા તાત્કાલિક રાહત કામગીરી શરૂ કરાઈ.પશુચિકિત્સક ડો. ચાવડા, જગદીશભાઈ, આરોગ્ય વિભાગના અધિકારી અને એનિમલ રેસ્ક્યુ ટીમના સચિન પંડિતે ગામમાં ફરી બીમાર શ્વાનોને પકડી સારવાર આપી.ટીમે નબળા શ્વાનોને ગ્લુકોઝ ચડાવ્યું. ખરજવા અને ચેપી ઈન્ફેક્શનવાળા શ્વાનોને ઈન્જેક્શન અને દવાઓ પણ અપાઈ.ડોક્ટરે જણાવ્યું કે શ્વાનોમાં પાચન નબળું પડવું અને ખરજવાનું ઈન્ફેક્શન ફેલાય છે, જે ઝડપથી ફેલાય છે.ગ્રામજનોને સાવચેતી રાખવા જણાવ્યું છે કે શ્વાનોને બિસ્કિટ, મીઠી વસ્તુઓ, દૂધ કે રોટલી જેવો ભારે ખોરાક ન આપો. તેના બદલે ખીચડી અને દહીં આપો.





# શ્રેષ્ઠ પોષણ સેવા સન્માન સમારોહ 2026માં શ્રી આંકોલવાડી કન્યા પ્રા.શાળા તાલાલા તાલુકામાં પ્રથમ

નરેન્દ્ર દવે જૂનાગઢ

તાલાળા તાલુકાના બાદલપરા ગામે તા.11-10-2026 ના રોજ તાલાલા અને સૂત્રાપાડા તાલુકાના પીએમ પોષણ મધ્યાહન ભોજન યોજના હેઠળ ફરજ બજાવતા તમામ MDM સંચાલકો, કુક અને કુક કમ હેલ્પરોને વિશેષ આમંત્રિત કરી શ્રેષ્ઠ કામગીરી કરનારાને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો, પીએમ પોષણ મધ્યાહન ભોજન યોજના હેઠળ 2026 દરમ્યાન તાલાલા અને સૂત્રાપાડા તાલુકામાંથી શ્રેષ્ઠ કામગીરી કરનાર ટોચના 3 મધ્યાહન ભોજન કેન્દ્રોના સંચાલકો અને સંબંધિત શાળાઓના આચાર્યશ્રીઓને શિલ્ડ એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા જેમાં શ્રી આંકોલવાડી કન્યા પ્રાથમિક શાળા સમગ્ર તાલાલા તાલુકામાં પ્રથમ આવતા, આ શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકશ્રી રાજેન્દ્રભાઈ જોશી



અને આચાર્યશ્રીને સન્માનીત કરવામાં આવ્યા હતા, આમ શાળાની સમર્પિત ટીમે “બાલદેવો ભવ:” ની ઉક્તિને ચરિતાર્થ કરી છે. બાળકોને માત્ર પૌષ્ટિક ભોજન જ નહીં, પરંતુ માતૃ વાત્સલ્યભર્યું ઘર જેવુ વાતાવરણ ઉભું કરી ભોજન પીરસવાની તેમની આગવી સૂઝ અને નિષ્ઠા સમગ્ર જિલ્લા માટે પ્રેરણારૂપ બની છે.

## યાત્રાધામ અંબાજીના વિકાસને વેગ

# કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે મેળવી જાણકારી

પાલનપુર : કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે આજે અંબાજી ખાતે ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની મુલાકાત લઈને સ્થળ નિરીક્ષણ કર્યું હતું. કેબિનેટ મંત્રીશ્રીએ અંબાજી શક્તિ કોરિડોર, અંબાજી બાયપાસ રોડ તેમજ અંબાજી-તારંગા રેલવે લાઇન પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ કરી પ્રોજેક્ટ્સની પ્રગતિ અને સંબંધિત કામગીરી અંગે જાણકારી મેળવી હતી.કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે અંબાજી શક્તિ કોરિડોર પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરી, અંબાજી બાયપાસ રોડના નિર્માણકાર્ય તેમજ અંબાજી-તારંગા રેલવે લાઇન પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટ્સ યાત્રાધામ અંબાજીના વિકાસ, યાત્રાળુઓની સુવિધા અને પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્ધ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે. મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓ પાસેથી પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ અંગે વિગતો મેળવી જરૂરી સૂચનો આપ્યાં હતાં.આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના આદિવાસી બહુલ વિસ્તારોનો સર્વાંગી અને ઝડપી વિકાસ થાય તેમજ આદિવાસી પરિવારોને તમામ પાયાની સુવિધાઓ સુલભ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. આદિવાસી વિસ્તારોમાં સુવિધાઓની ઉપલબ્ધતામાં રહી ગયેલી નાની-મોટી ખામીઓને દૂર કરી વિકાસકાર્યોને વધુ વેગવાન બનાવવા



સરકાર પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આદિવાસી વિસ્તારોમાં અનેક વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. આ વિકાસપ્રવાહને વધુ મજબૂત બનાવી આગામી સમયમાં પણ આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેશે. વિકાસની સાથે યાત્રાધામ અંબાજીના ધાર્મિક અને પ્રવાસન ક્ષેત્રે વિકાસને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.કેબિનેટ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર દેશના શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર એવા અંબાજી શક્તિપીઠના વિકાસ અને ધાર્મિક પ્રવાસનને વેગ આપવા અંબાજી મંદિરથી ગબ્બર સુધીનો કોરિડોર આશરે રૂ. ૧,૬૦૦ કરોડથી વધુના ખર્ચે બે તબક્કામાં વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પ્રગતિ હેઠળ છે, જ્યારે બીજા તબક્કાનું કામ પણ ત્યારબાદ શરૂ કરવામાં આવશે. ભાદરવી પૂનમના મેળા સહિતના ધાર્મિક પ્રસંગોએ અંબાજીમાં ઉમટતા શ્રદ્ધાળુઓની ભીડનું સુચારુ સંચાલન થાય, સ્થાનિક નાગરિકોને અવરજવરમાં રાહત મળે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્ઢ બને તે હેતુથી અંબાજી બાયપાસનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## નવરાત્રિના ત્રીજા નોરતે ગુંતલી માતાજીના ચરણે સાંખલા પરિવારની ભેટ!

# માતાજીને ૧ ગ્રામની ઈમિટેશન જ્વેલરીનો હાર અર્પણ કર્યો

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામની સીમમાં આવેલા ઐતિહાસિક ગુંતલી માતાજીના મંદિરે નવરાત્રિના પાવન પર્વે ભક્તિ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળી રહ્યો છે. નવરાત્રિના ત્રીજા નોરતે દેશલપરના વતની અને નખત્રાણા નગરમાં આવેલી ‘સાગર ઈમિટેશન જ્વેલરી - આરતી કટલેરી’ના માલિક શાંતિલાલ જાદવજી સાંખલા પરિવાર દ્વારા ગુંતલી માતાજીના ચરણે ૧ ગ્રામની ઈમિટેશન જ્વેલરીનો સુંદર હાર અર્પણ કરવામાં આવ્યો હતો. માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા સાથે સાંખલા પરિવારે હાર અર્પણ કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ભાનુબેન શાંતિલાલ સાંખલાએ જણાવ્યું હતું કે નવરાત્રિના પવિત્ર દિવસોમાં માતાજીની સેવા કરવાનો અવસર મળવો એ પરિવાર માટે આનંદ અને ગૌરવની વાત છે. અગાઉ પણ તેમના પરિવાર દ્વારા માતાજીના મંદિરે હાર અર્પણ કરવામાં આવ્યો હતો. નવરાત્રિના પાવન દિવસોમાં ગુંતલી માતાજીના મંદિરે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવી માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. સાંખલા પરિવાર દ્વારા હાર અર્પણ કરવાની આ ભક્તિભાવપૂર્ણ પહેલ માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક બની રહી છે.



## જામનગરમાં યુવાનની હત્યાના ગુનામાં પકડાયેલા ત્રણેય આરોપી ત્રણ દિવસના રિમાન્ડ પર

જામનગર : જામનગર શહેરમાં રાજપાર્કથી અન્નપૂર્ણા ચોકડી તરફ જવાના માર્ગ પર શુક્રવારે મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતમાં યુવાનના મોતનો બનાવ પૂર્વઆયોજિત હત્યાનું કાવતરું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. અગાઉ થયેલી બોલાચાલી અને મનદુઃખનો ખાર રાખીને થાર મોટરકાર વડે આઈ-20 કારને પાછળથી જોરદાર ટક્કર મારવામાં આવી હતી. આ બનાવમાં અફઝલ રહીમ ચાવડા નામના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા.પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, ગત તા.29મીની રાત્રે ચાની હોટલ પાસે થાર મોટરકારમાં સવાર શખ્સો સામે સામસામે તાકીને જોવાના મામલે બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આ મનદુઃખનો ખાર રાખીને આરોપીઓએ શુક્રવારે મોડી રાત્રે સ્કૂટર પર રેકી કરી આઈ-20 કારનો પીછો કર્યો હતો.

## CEC ના રાજીનામાં ની. માંગ સાથે કોંગી અગ્રણીઓ જોડાયા

# રાજપીપલા માં કોંગ્રેસ ની સૂત્રોચ્ચાર સાથે રેલી નીકળી




રાજપીપલા : રાજપીપલા માં આજે CEC ના રાજીનામાં ની માંગણી ના સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસની રેલી નીકળી હતી જેમાં કોંગી અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા .પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લા કોંગ્રેશ સંગઠને છેલ્લા કેટલાક સમયથી નિષ્ક્રિયતા છોડી સક્રિય પ્રવૃત્તિ હાથ ધરી છે જે મુજબ આજે રાજપીપલા માં ગાંધીજી ની પ્રતિમા પાસેથી CEC ના રાજીનામાં ની માંગણી ના સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેશની રેલી નીકળી હતી

## આરતી બાદ ખેલૈયાઓએ DJના તાલે મન મૂકીને રાસ-ગરબાનો આનંદ માણ્યો

# બ્રહ્મસેના સાવરકુંડલાના શ્રી શક્તિ નવરાત્રી મહોત્સવને સફળતાનાં 15 વર્ષ







સાવરકુંડલા: બ્રહ્મસેના સાવરકુંડલા દ્વારા છેલ્લા 15 વર્ષથી સતત આયોજિત શ્રી શક્તિ નવરાત્રી મહોત્સવ સમસ્ત બ્રહ્મસમાજની એકતા, સંસ્કૃતિ અને સંગઠનનું પ્રતીક બની રહ્યો છે. બ્રહ્મસેનાના અથાગ પ્રયાસો અને બ્રહ્મ પરિવારના સહયોગથી વર્ષમાં એક જ વાર દાન એકત્રિત કરીને માત્ર બ્રહ્મસમાજ પરિવાર માટે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

મહોત્સવનો દીપ પ્રાગટ્ય અમરેલી જિલ્લા બ્રહ્મસમાજનાં મહિલા મહામંત્રી અલ્પાબેન જોશી તથા મંત્રીશ્રીઓ નેહાબેન દવે અને ભાવનાબેન વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ઉત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખશ્રી મુકેશભાઈ ત્રિવેદી તથા ટ્રસ્ટી મંડળ દ્વારા માતાજીની આરતી કરવામાં આવી હતી. આરતી બાદ ખેલૈયાઓએ DJના તાલે મન મૂકીને રાસ-ગરબાનો આનંદ માણ્યો હતો.આ ભવ્ય આયોજનને સફળ બનાવવા બ્રહ્મસેનાના પ્રમુખશ્રી વિશ્વાસભાઈ દવે, ઉપપ્રમુખશ્રી જીગ્નેશભાઈ ભરાડ, કન્વીનરશ્રી તુષારભાઈ અધ્વર્યુ, માર્ગદર્શકશ્રી કિરીટભાઈ મહેતા તથા સમગ્ર બ્રહ્મસેના ટીમે જહેમત ઉઠાવી છે.

છેલ્લાં 15 વર્ષથી સતત યોજાતો આ મહોત્સવ બ્રહ્મસમાજના ભાઈચારા, સંસ્કાર અને એકતાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે. માતાજીના આશીર્વાદ બ્રહ્મસેનો પરિશ્રમ અને બ્રહ્મ પરિવારના સહયોગથી સફળતાની નવી ઊંચાઈઓ સર કરતો આ મહોત્સવ ખરેખર અભિનંદનને પાત્ર છે. સમગ્ર આયોજક ટીમ, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ અને સહયોગીઓને હાર્દિક અભિનંદન.બ્રહ્મસેના સાવરકુંડલા – બ્રહ્મ પરિવારની એકતા, સંસ્કાર અને સંગઠનનું ગૌરવ.

# અંજારમાં ધારાશાસ્ત્રી અને કથાકાર દિનેશભાઈ રાવલના નિવાસસ્થાને વૈદિક સત્સંગનું આયોજન

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નવરાત્રિના પાવન પ્રથમ નોરતે અંજાર ખાતે ભક્તિ, જ્ઞાન અને અધ્યાત્મનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. જાણીતા ધારાશાસ્ત્રી અને કથાકાર શ્રી દિનેશભાઈ રાવલના નિવાસસ્થાને સાધકો માટે વૈદિક સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્સંગ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત રવિ ભાણ સંપ્રદાયના સાધકોને આત્મજ્ઞાની દિલીપભાઈ ઠક્કર લિખિત આધ્યાત્મિક પુસ્તક ‘સત્યના સંગાથે’ અર્પણ કરવામાં આવ્યું હતું.નવરાત્રિના પ્રથમ દિવસે માતાજીની આરાધના અને આધ્યાત્મિક ચિંતનના પવિત્ર માહોલમાં યોજાયેલા આ સત્સંગે જ્ઞાન અને સદવિચારના પ્રસારનો સુંદર સંદેશ આપ્યો હતો. સત્સંગ પૂર્ણ થયા બાદ પુસ્તક અર્પણ કરીને સાધકોને આધ્યાત્મિક સાહિત્યના વાંચન અને આત્મચિંતન તરફ પ્રેરિત કરવાનો પ્રયાસ કરવામાં



આવ્યો હતો.આજના આધુનિક યુગમાં આધ્યાત્મિક સાહિત્યનું વાંચન વ્યક્તિને જીવનમૂલ્યો, સદવિચાર અને આત્મજ્ઞાન તરફ દોરી જવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ‘સત્યના સંગાથે’ પુસ્તકનું અર્પણ માત્ર પુસ્તકની ભેટ નહીં, પરંતુ જ્ઞાન, સંસ્કાર અને આધ્યાત્મિક જાગૃતિનો સંદેશ વહેંચવાનો સુંદર પ્રયાસ બની રહ્યો હતો.આ પ્રસંગે જાણીતા ધારાશાસ્ત્રી અને કથાકાર દિનેશભાઈ રાવલ, કપિલ શાસ્ત્રી, આત્મજ્ઞાની દિલીપભાઈ ઠક્કર, નવીનભાઈ જોબનપુત્રા, મહેન્દ્રભાઈ કોટક, સામજીભાઈ તથા ભગવાનજીભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

# યુદ્ધની અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતનો GDP ગ્રોથ 7 ટકા રહેવાનો અંદાજ, વિશ્વનો સરેરાશ વિકાસદર 3.1 ટકા: IMF

(એજન્સી) નવી દિલ્હી | તા.13

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) એ ભારતના આર્થિક વિકાસના અંદાજમાં વધારો કર્યો છે. 2026 માટે ભારતનો GDP વૃદ્ધિદર 7% રહેવાનો અંદાજ છે, જે અગાઉ 6.4% હતો. મજબૂત સ્થાનિક માંગ અને સર્વિસ સેક્ટરની સારી કામગીરીને કારણે ભારત આગામી બે વર્ષ સુધી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બની રહેશે. ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ ભારતના આર્થિક વિકાસના અંદાજમાં વધારો કરીને 2026 માટે 7% કર્યો છે. અગાઉ જુલાઈમાં IMFએ ભારતનો GDP વૃદ્ધિદર 6.4% રહેવાનો અંદાજ આપ્યો હતો. આ સાથે 2027 માટે પણ ભારતનો વૃદ્ધિદર 7% રહેવાનો અંદાજ આપવામાં આવ્યો છે. આ અંદાજ અગાઉના 6.7% કરતાં વધારે છે. IMFના નવા અંદાજ પ્રમાણે ભારત આગામી બે વર્ષ સુધી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા તરીકેનું સ્થાન જાળવી રાખશે. IMFએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે ભારતના આર્થિક વિકાસને મજબૂત સ્થાનિક માંગ અને સર્વિસ સેક્ટરની સારી કામગીરીનો ટેકો મળી રહ્યો છે. અનુકૂળ વસ્તી વિષયક પરિબળો, વિસ્તરતું સ્થાનિક બજાર અને સતત થઈ રહેલા માળખાકીય સુધારા પણ ભારતની વિકાસક્ષમતાને મજબૂત બનાવી રહ્યા છે.

IMFનો આ નવો અંદાજ ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા જાહેર કરાયેલા અંદાજના એક અઠવાડિયા બાદ આવ્યો છે. RBIએ ચાલુ વર્ષ માટે ભારતનો GDP વૃદ્ધિદર 7.1% રહેવાનો અંદાજ આપ્યો હતો. બીજી તરફ, IMFએ વૈશ્વિક સ્તરે ઊભી થયેલી ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ છતાં ભારતના વિકાસ અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે. અમેરિકા-ઈરાન સંઘર્ષ અને રશિયા-યુક્રેન યુદ્ધ જેવી પરિસ્થિતિઓ ઊર્જાની આયાત પર નિર્ભર ભારત માટે પડકારરૂપ બની શકે છે. આ ઉપરાંત, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવની અસર પણ અર્થતંત્ર પર પડી શકે છે. તેમ છતાં, સ્થાનિક માંગ અને સર્વિસ સેક્ટરની મજબૂત કામગીરી ભારતના વિકાસને ટેકો આપી રહી છે.

IMFના અંદાજ મુજબ, 2026માં બ્રેન્ટ, દુબઈ ફતેહ અને વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ જેવા ક્રૂડ ઓઈલના સરેરાશ ભાવ પ્રતિ બેરલ 95.74 ડોલર રહી શકે છે. આ 2025ની સરખામણીમાં 41%નો વધારો દર્શાવે છે. 2027માં ક્રૂડ ઓઈલના ભાવ ઘટીને પ્રતિ બેરલ 87.39 ડોલર રહેવાનો અંદાજ છે, જે 2026ની સરખામણીમાં લગભગ 9% ઓછો છે. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ ભારત માટે પડકાર બની શકે છે, કારણ કે તેની અસર આયાત ખર્ચ, મોંઘવારી અને દેશની આર્થિક પ્રવૃત્તિઓ પર પડી શકે છે.IMFએ 2026 માટે વિશ્વનો આર્થિક વિકાસદર 3.1% રહેવાનો અંદાજ આપ્યો છે, જે જુલાઈના 3%ના અંદાજ કરતાં થોડો વધારે છે. 2027માં વૈશ્વિક વિકાસદર 3.4% રહેવાની આગાહી યથાવત્ રાખવામાં આવી છે. બીજી તરફ, વિકસિત અર્થતંત્રોના વિકાસના અંદાજમાં પણ સુધારો થયો છે. જર્મનીનો વૃદ્ધિદર 2026માં 1.3% રહેવાનો અંદાજ છે, જે અગાઉ 0.7% હતો. બ્રિટન માટેનો અંદાજ પણ 1%થી વધારીને 1.3% કરવામાં આવ્યો છે. વિકસિત અર્થતંત્રોનો સંયુક્ત વૃદ્ધિદર 2026માં 2.1% રહેવાની આગાહી છે, જે અગાઉ 1.7% હતો.IMFએ ઊભરતાં બજારો અને વિકાસશીલ અર્થતંત્રો માટે 2026નો વૃદ્ધિદર 3.7% રહેવાનો અંદાજ આપ્યો છે. જુલાઈમાં આ અંદાજ 3.8% હતો. ચીન, રશિયા અને બ્રાઝિલ સહિતનાં કેટલાંક મોટાં અર્થતંત્રો તેમજ મધ્ય પૂર્વના કેટલાક દેશોમાં વિકાસ ધીમો પડવાની અથવા આર્થિક સંકોચન થવાની શક્યતાને કારણે આ ઘટાડો કરવામાં આવ્યો છે.

## ટોન્બો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે




(એજન્સી) મુંબઈ | તા.13

ટોન્બો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડ તેના રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ ખુલ્લો મૂકવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બુધવાર, 14 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે, જે આઈપીઓ ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલાં છે. આઈપીઓમાં બિડીંગ અને ઓફર બંધ થવાની તારીખ સોમવાર, 19 ઓક્ટોબર, 2026 રહેશે.આ ઓફર માટે દરેક ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ રૂ. 665થી રૂ. 700 નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 21 ઈક્વિટી શેર માટે બિડ કરી શકશે અને ત્યારબાદ 21 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. આ ઓફરમાં સંપૂર્ણપણે શેરધારકો દ્વારા તેમના શેર વેચાણની ઓફરનો સમાવેશ થાય છે. આ અંતર્ગત રૂ. 2ની ફેસ વેલ્યુ ધરાવતા કુલ 1,21,74,046 ઈક્વિટી શેર વેચાણ માટે મૂકવામાં આવશે. ટોન્બો ઈમેજિંગ ઈન્ડિયા લિમિટેડનું મુખ્ય મથક બેંગાલુરુમાં આવેલું છે. કંપની વૈશ્વિક સ્તરે સંરક્ષણ ક્ષેત્ર માટે ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો બનાવતી ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (ઓઈએમ) છે. કંપની સર્વેલન્સ, રિકોનેસન્સ, ટાર્ગેટિંગ અને કંટ્રોલ માટે સેન્સિંગ, ડેટા પ્રોસેસિંગ, કમ્યૂનિકેશન અને ગાઈડન્સ સિસ્ટમ્સનું ડિઝાઈન, ડેવલપમેન્ટ અને તેનું ઉત્પાદન કરે છે. કંપનીની પ્રોડક્ટ્સમાં થર્મલ ઈમેજિંગ કોર, વેપન સાઈટ્સ, હેન્ડહેલ્ડ થર્મલ ઈમેજિંગ બાયનોક્યુલર્સ, ટાર્ગેટિંગ સિસ્ટમ્સ, મિસાઈલ સીકર્સ અને ફાયર કંટ્રોલ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

## News Brief

### રૂપિયાની 6 મહિનાની સૌથી મોટી છલાંગ, એક જ દિવસમાં રૂપિયાની સ્થિતિમાં મોટો સુધારો

ભારતીય રૂપિયામાં સોમવારે નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. અમેરિકી ડોલર સામે રૂપિયો 96 પૈસા મજબૂત થઈ 95.75ના કામચલાઉ સ્તરે બંધ થયો હતો. છેલ્લા 6 મહિનાથી વધુ સમયગાળામાં એક જ દિવસમાં રૂપિયામાં નોંધાયેલી આ સૌથી મોટી વૃદ્ધિ હતી. સપ્તાહના અંતે ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા વિદેશી હૂંડિયામણ સંબંધિત નવા નિયમોને આ સુધારા પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે.આંતરબેંક વિદેશી હૂંડિયામણ બજારમાં સોમવારે રૂપિયો ડોલર સામે 95.61ના સ્તરે ખુલ્યો હતો. દિવસ દરમિયાન રૂપિયો મજબૂત થઈ 95.57ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે તેની નીચી સપાટી 95.96 રહી હતી. દિવસના અંતે રૂપિયો 95.75ના કામચલાઉ સ્તરે બંધ થયો હતો. તેના અગાઉના બંધ સ્તરની સરખામણીમાં રૂપિયામાં 96 પૈસાનો વધારો નોંધાયો હતો. આ પહેલાં 2 એપ્રિલે રૂપિયામાં એક જ દિવસમાં 166 પૈસાનો મોટો સુધારો જોવા મળ્યો હતો. શુક્રવારે રૂપિયો ડોલર સામે 96.71ના સ્તરે બંધ થયો હતો.રૂપિયામાં ઘટાડાને નિયંત્રિત કરવા માટે ભારતીય રિઝર્વ બેંકે શનિવારે વિદેશી હૂંડિયામણના વ્યુત્પન્ન સોદા સંબંધિત નિયમો કડક બનાવ્યા હતા. આ પગલાંનો હેતુ રૂપિયાની વિરુદ્ધ સટ્ટાકીય પ્રવૃત્તિઓને મર્યાદિત કરવાનો અને બજારમાં ડોલરની માગ પર નિયંત્રણ લાવવાનો છે. રિઝર્વ બેંકે બેંકોને 2 મિલિયન અમેરિકી ડોલરથી વધુની ડોલર ખરીદી માટે 20 ટકા અનામત રાખવા જણાવ્યું છે.

સપ્ટેમ્બરમાં એસઆઈપીમાં વિક્રમી રૂ.૩૨,૪૯૦ કરોડનો રોકાણ પ્રવાહ

# ઈક્વિટી ફંડોમાં રોકાણ ૩૧ ટકા વધીને રૂ.૩૮,૩૦૭ કરોડ

**ડેટ ફંડોમાંથી જંગી રૂ.૧.૮૩ લાખ કરોડનું રોકાણ પાછું ખેંચાયું : ગોલ્ડ ઈટીએફમાં રોકાણ ૭૧ ટકા વધીને રૂ.૪૪૫૧ કરોડ નોંધાયું : ઉદ્યોગની એયુએમ ૫.૧ ટકા ઘટી**




મુંબઈ : સેકન્ડરી માર્કેટમાં સપ્ટેમ્બર મહિનામાં મોટું ધોવાણ જોવાયું હોવા સામે રોકાણકારોએ નીચા ભાવોએ રોકાણની તક ઝડપીને મ્યુચ્યુઅલ ફંડો થકી રોકાણમાં સારો ઉત્સાહ બતાવ્યો છે. ખાસ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણમાં ૩૧ ટકાની મોટી વૃદ્ધિ થઈ છે. ઓકટોબરની તુલનાએ સપ્ટેમ્બર ૨૦૨૬ મહિનામાં ઈક્વિટી ફંડોમાં રોકાણ પ્રવાહ ૩૧ ટકા વધીને રૂ.૩૮,૩૦૭ કરોડ નોંધાયો છે. જો કે ડેટ સ્કિમોમાંથી રોકાણકારોએ મોટો ઉપાડ કરતાં એકંદર મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ પ્રવાહ સપ્ટેમ્બરમાં નેગેટીવ રહ્યો છે.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના જાહેર થયેલા આંકડા મુજબ ઓગસ્ટ ૨૦૨૬માં ઈક્વિટી સ્કિમોમાં રોકાણ રૂ.૨૯,૩૨૮.૬૨ કરોડ રહ્યો હતો, જે સપ્ટેમ્બરમાં રૂ.૩૮,૩૦૬.૫૫ કરોડ નોંધાયો છે. માસિક સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)નો મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ હિસ્સો સર્વોચ્ચ ઊંચાઈએ રૂ.૩૨,૪૯૦ કરોડ નોંધાયો છે. જ્યારે સ્મોલ-કેપ ફંડોમાં રોકાણ પ્રવાહ રૂ.૯૦૦૦ કરોડથી વધુ રહ્યો છે. જે ઈક્વિટી ફંડ કેટેગરીઓમાં સૌથી વધુ રહ્યો છે. અલબત ડેટ મ્યુચ્યુઅલ પંડોમાં નેટ રોકાણ ઉપાડ રૂ.૧,૮૩,૧૫૫.૭૬ કરોડનો નોંધાયો છે. જે ઓગસ્ટમાં રૂ.૮૧૨૭.૩૨ કરોડની નેટ રોકાણ પોઝિટીવ પ્રવાહ રહ્યો હતો.

એમ્ફીના ચીફ એક્ઝિક્યુટિવ વેંકટ ચેલાસાનીએ જણાવ્યું હતું. કે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એયુએમ સપ્ટેમ્બરમાં ૫.૧ ટકા ઘટીને રૂ.૮૨.૬૪ લાખ કરોડ રહેવા પાછળનું પ્રમુખ કારણ માર્ક-ટુ-માર્કેટ (એમટીએમ) નુકશાની અને ડેટ ફંડોમાંથી રોકાણ ઉપાડ રહ્યા છે. ઈક્વિટી ફંડોમાં સતત ૬૭માં મહિને રોકાણ પ્રવાહ પોઝિટીવ રહી રૂ.૩૮,૩૦૭ કરોડ નોંધાયો છે. આ સાથે એસઆઈપીઝનો હિસ્સો પણ ૧૦.૦૬ કરોડ એસઆઈપી એકાઉન્ટો થકી રૂ.૩૨,૪૯૦ કરોડ રેકોર્ડ રહ્યો છે.સ્મોલ-કેપ ફંડોમાં ઈક્વિટી રોકાણ પ્રવાહ રૂ.૯૦૩૮.૫૭ કરોડ અને મિડ કેપ ફંડોમાં રૂ.૭૮૩૪.૮૪ કરોડ રહ્યો છે. ફ્લેક્સી કેપ ફંડોમાં રોકાણ રૂ.૫૦૫૯.૪૨ કરોડની તુલનાએ વધીને રૂ.૬૭૦૧.૮૦ કરોડ રહ્યું છે. લાર્જ-કેપ ફંડોમાં રોકાણ રૂ.૮૫૯.૪૭ કરોડ પોઝિટીવ રહ્યું છે. જ્યારે ડેટ ફંડોમાં રોકાણ ઉપાડ રૂ.૧.૮૩ લાખ કરોડ રહ્યો છે.

હાઈબ્રિડ ફંડોમાં રોકાણ નેગેટીવ રહ્યું છે. જેમાં રૂ.૪૫૬.૬૮ કરોડની જાવક રહી છે. જે ઓગસ્ટમાં રૂ.૧૦,૦૪૫.૩૪ કરોડ પોઝિટીવ પ્રવાહ રહ્યો હતો. આર્બિટ્રાજ ફંડોમાં રોકાણ જાવક રૂ.૩૯૫૬.૩૮ કરોડ રહી છે, જે ઓગસ્ટમાં રૂ.૩૭૮૯.૦૨ કરોડ પોઝિટીવ પ્રવાહ રહ્યો હતો. બેલેન્સ્ડ-એડવાન્ટેજ ફંડોમાં રોકાણ જાવક રૂ.૯૧૨.૪૩ કરોડ રહી છે. મલ્ટિ એસેટ એલોકેશન ફંડોમાં રોકાણ રૂ.૩૬૬૬.૯૮ કરોડ નોંધાયું છે.

એક્સચેન્જ ટ્રેડેડ ફંડો (ઈટીએફ)માં રોકાણ ૫૩ ટકા વધીને રૂ.૧૫,૫૦૧.૪૦ કરોડ રહ્યું છે. જે ઓગસ્ટમાં રૂ.૧૦,૧૬૦.૮૬ કરોડ રહ્યું હતું. ગોલ્ડ ઈટીએફમાં રોકાણ પ્રવાહ રૂ.૨૫૯૬.૭૦ કરોડની તુલનાએ ૭૧ ટકા વધીને રૂ.૪૪૫૦.૬૧ કરોડ રહ્યું છે. સિલ્વર ઈટીએફમાં રોકાણ વધીને રૂ.૧૯૭૪.૩૨ કરોડ અને ઈક્વિટી ઈટીએફમાં રોકાણ રૂ.૯૯૫૯.૯૬ કરોડ રહ્યું છે. માસિક એસઆઈપીઝ રોકાણ હિસ્સો રૂ.૧૯૩ કરોડ વધીને રૂ.૩૨,૪૯૦ કરોડ રહ્યો છે.મ્યુચ્યુઅલ ફંડોની ઈક્વિટી એયુએમ રૂ.૩૯.૨૧ લાખ કરોડની તુલનાએ ૪.૩ ટકા ઘટીને રૂ.૩૭.૫૪ લાખ કરોડ રહી છે. જ્યારે ડેટ ફંડ એયુએમ રૂ.૧૯,૩૩ લાખ કરોડથી ૮.૮ ટકા ઘટીને રૂ.૧૭.૬૪ લાખ કરોડ રહી છે.

## એશિયા પર તોળાતું ભયાનક ઈંધણ સંકટ, જાપાને દબાવ્યું 'રેડ બટન'!

"તમારી તેલ ટાંકી અને કટોકટી ટાંકી તાત્કાલિક ભરો, કારણ કે આવનારો સમય ભયંકર હોઈ શકે છે." પશ્ચિમ એશિયામાં યુદ્ધની આગ હવે સમગ્ર વિશ્વને, રસોડાથી લઈને વાહન ટાંકી સુધી, ધમકી આપી રહી છે. એશિયન દેશો તેમની કલ્પનામાં પણ ન હોય તેવા ઈંધણ સંકટનો સામનો કરી રહ્યા છે. ક્રૂડ ઓઈલ સપ્લાય ચેઈન પર ઘેરાયેલા કાળા વાદળોને ધ્યાનમાં રાખીને, એક મુખ્ય તેલ આયાતકાર દેશે તાજેતરમાં "લાલ બટન" દબાવ્યું છે. ક્રૂડ ઓઈલના વધતા જતા ભાવ અને યુદ્ધ જેવા વાતાવરણથી ઊર્જા નિષ્ણાતો ચિંતિત છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવે માત્ર ક્રૂડ ઓઈલની ઉપલબ્ધતા જ નહીં, પરંતુ દેશમાં તેના સલામત પરિવહન અંગે પણ ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. એશિયન દેશો સામે સૌથી મોટી સમસ્યા તેમની તેલની જરૂરિયાતો માટે અન્ય દેશો પાસેથી આયાત પર ભારે નિર્ભરતા છે. તેથી, જો તેલ પુરવઠો માર્ગ થોડા દિવસો માટે પણ અવરોધિત કરવામાં આવે છે, તો ઘણા દેશો પાસે બેકઅપ માટે પૂરતું તેલ રહેશે નહીં. બળતણ સંકટના આ ગંભીર ભયનો સામનો કરીને, જાપાને તાત્કાલિક "લાલ બટન" દબાવ્યું છે. આંતરરાષ્ટ્રીય ઉર્જા મંચની વર્ચ્યુઅલ બેઠક દરમિયાન, જાપાનના વેપાર પ્રધાન, યોસેઇ અકાઝાવાએ તમામ એશિયન દેશોને તાત્કાલિક તેમના તેલ ભંડાર વધારવા માટે ભારપૂર્વક વિનંતી કરી. જાપાને જણાવ્યું હતું કે આ નિર્ણાયક તબક્કે, મધ્ય પૂર્વના તેલ ઉત્પાદક દેશો અને એશિયાના આયાત કરતા દેશો વચ્ચે એક મજબૂત કડી બનાવવાની જરૂર છે. જાપાને આ બંને પક્ષો વચ્ચે "પુલ" તરીકે કામ કરવાની ઓફર કરી છે જેથી અવિરત વૈશ્વિક ઉર્જા પુરવઠો સુનિશ્ચિત થાય.ઈરાન-યુએસ યુદ્ધ અને રાજકીય ઉથલપાથલે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને વિક્ષેપિત કરી છે. આ પરિસ્થિતિ જાપાન જેવા દેશો માટે ખાસ કરીને ખતરનાક સાબિત થઈ રહી છે, જેમની પાસે પોતાના કુદરતી સંસાધનોનો માત્ર થોડો ભાગ છે. જાપાનની મર્યાદા એ છે કે તેનું 90 ટકાથી વધુ ક્રૂડ ઓઈલ સીધું મધ્ય પૂર્વમાંથી આવે છે.

## બોન્ફિલિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડનો IPO 15 ઓક્ટોબર, 2026ના ગુરુવારથી ખુલશે

બોન્ફિલિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડ (The "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ શરૂ કરશે.આ ઓફર માટે ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ શેર રૂ. 558થી રૂ. 586 નક્કી કરવામાં આવ્યો છે ("Price Band").રોકાણકારો લઘુતમ 25 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 25 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં બિડ્સ લગાવી શકશે ("Minimum Bid Lot").એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બુધવાર, 14 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ શરૂ થશે.આ ઓફરમાં બોન્ફિલિઓલી એસ.પી.એ. (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા કુલ 4,32,39,042 ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 10 છે.બોન્ફિલિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડ ("The Company") ભારતની સૌથી મોટી ટેક્નોલોજી આધારિત કંપનીઓમાંની એક છે, જે મિકેનિકલ અને ઈલેક્ટ્રો-મિકેનિકલ પાવર ટ્રાન્સમિશન તેમજ ઔદ્યોગિક ડ્રાઈવ સોલ્યુશન્સ પૂરા પાડે છે. કંપની વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાતાં મહત્વપૂર્ણ અને પ્રિસિઝન-એન્જિનિયર્ડ ગિયર મોટર્સ, ગિયરબોક્સ અને ડ્રાઈવ સિસ્ટમ્સની વિશાળ રેન્જનું ઉત્પાદન કરે છે.કંપનીનો મજબૂત પાયો વિશ્વભરમાં જાણીતી બોન્ફિલિઓલી

## ઝેટવર્ક મેન્યુફેક્ચરિંગ બિઝનેસીસ લિમિટેડનો IPO 15 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે

બોન્ફિલિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડ (The "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટેની બિડ/ઓફર ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ શરૂ કરશે.આ ઓફર માટે ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ શેર રૂ. 558થી રૂ. 586 નક્કી કરવામાં આવ્યો છે ("Price Band").રોકાણકારો લઘુતમ 25 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 25 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં બિડ્સ લગાવી શકશે ("Minimum Bid Lot").એન્કર ઈન્વેસ્ટર્સ માટે બિડીંગની તારીખ બુધવાર, 14 ઓક્ટોબર, 2026 નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ શરૂ થશે.આ ઓફરમાં બોન્ફિલિઓલી એસ.પી.એ. (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા કુલ 4,32,39,042 ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. 10 છે.બોન્ફિલિઓલી ટ્રાન્સમિશન્સ લિમિટેડ ("The Company") ભારતની સૌથી મોટી ટેક્નોલોજી આધારિત કંપનીઓમાંની એક છે, જે મિકેનિકલ અને ઈલેક્ટ્રો-મિકેનિકલ પાવર ટ્રાન્સમિશન તેમજ ઔદ્યોગિક ડ્રાઈવ સોલ્યુશન્સ પૂરા પાડે છે. કંપની વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાતાં મહત્વપૂર્ણ અને પ્રિસિઝન-એન્જિનિયર્ડ ગિયર

# ટાટા, મારુતિથી લઈને મહિન્દ્રા સુધી, આ કારો પર મળી રહ્યું છે બમ્પર ડિસ્કાઉન્ટ!

(એજન્સી) નવી દિલ્હી | તા.13

નવરાત્રિ પર્વે ટાટા, મહિન્દ્રા, મારુતિ, હ્યુન્ડાઈ અને હોન્ડા દ્વારા કારો પર 3.35 લાખ સુધીનું બમ્પર ડિસ્કાઉન્ટ જાહેર કરાયું છે. Tata Curvv EV, Mahindra Scorpio N, Grand Vitara અને Honda Elevate પર કેશ છૂટ, એક્સચેન્જ અને કોર્પોરેટ બોનસ સહિતની ઓફર્સ 31 ઓક્ટ

ફેસ્ટિવ સીઝનને નવી કાર ખરીદવા માટે સૌથી શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન મોટાભાગની કાર કંપનીઓ પોતાના મોડેલ્સ પર ભારે ડિસ્કાઉન્ટ આપે છે.હ્યુન્ડાઈની કારો પર આકર્ષક સ્કીમ્સહ્યુન્ડાઈ ઓક્ટોબર 2026માં પોતાની કારોની સંપૂર્ણ રેન્જ પર રૂ.1.25 લાખ સુધીના ડિસ્કાઉન્ટ અને અન્ય ફાયદા આપી રહી છે. જેમાં કેશ ડિસ્કાઉન્ટ, નવરાત્રિ બુકિંગ બોનસ, એક્સચેન્જ કે સ્ક્રેપેજ બેનિફિટ, અપગ્રેડ બોનસ અને કોર્પોરેટ અથવા સરકારી કર્મચારીઓ માટે ખાસ ઓફર્સ શામેલ છે. આ ઉપરાંત, 2025 મોડેલ યર (MY2025)ની પસંદગીની જૂની સ્ટોક વાળી કારો પર રૂ.20,000 સુધીના વધારાના લાભ પણ મળી શકે છે.હોન્ડા પોતાની કારો પર રૂ.2.35 લાખ સુધીના ડિસ્કાઉન્ટ અને અન્ય બેનિફિટ્સ આપી રહી છે. કંપનીની SUV Honda Elevateના જૂના મોડેલ પર સૌથી વધુ રૂ.2.35 લાખ સુધીનો ફાયદો મળી રહ્યો છે, જેમાં રૂ.50,000 સુધીનું કેશ ડિસ્કાઉન્ટ શામેલ છે. Honda Cityના પેટ્રોલ વેરિઅન્ટ પર રૂ.1.71 લાખ સુધીના લાભ આપવામાં આવી રહ્યા છે, જેમાં રૂ.60,000 સુધીની રોકડ છૂટ શામેલ છે. Honda Amazeની નવી જનરેશન પર રૂ.66,800 સુધી અને જૂના મોડેલ પર રૂ.57,600 સુધીના ફાયદા મળી શકે છે. આ તમામ ઓફર્સ 31 ઓક્ટોબર 2026 સુધી માન્ય છે.

# માતા-પિતાના અવસાન બાદ FD ના વ્યાજ પર કોણે ભરવો પડશે ટેક્સ?

(એજન્સી) નવી દિલ્હી | તા.13

દેશમાં આજે લોકો સોશિયલ મીડીયાથી મોટાભાગની માહિતી મેળવી લે છે. પરંતુ તેમાં ક્યારેક અલગ-અલગ સૂચનો જોવા મળતા હોય છે. ખાસ કરીને પેન્શન, EPFO કે FD પરની માહિતી જ્યાં-ત્યાંથી ચકાસવાના બદલે યોગ્ય વેબસાઈટ પરથી જ માહિતી મેળવવી. એવા અનેક કિસ્સા સામે આવ્યા છે જેમાં લોકોને ખબર નથી કે માતા-પિતાના અવસાન બાદ FD પરનો વ્યાજ ટેક્સ કોણે ચૂકવવો પડે છે. આ બાબતે એક્સપર્ટ પાસેથી યોગ્ય જાણકારી લઈએ.એક્સપર્ટ કહે છે કે માતા-પિતાના અવસાન પછી પરિવાર એક મોટી ભાવનાત્મક ખોટ અનુભવે છે. તેની સાથે જ, તેમના નામે રહેલી ફિક્સ્ડ ડિપોઝિટ (FD) અને બેંક ખાતાઓનું સંચાલન કરવું પણ જરૂરી બની જાય છે. માતા-પિતાની FD પર મળતા વ્યાજ પર ટેક્સ કોણે ભરવો–બાળકોએ કે મૃતક માતા-પિતાએ–તે અંગે ઘણીવાર મૂંઝવણ રહે છે. આનો જવાબ વ્યાજ ક્યારે મળ્યું અને FD પર કોનો કાનૂની અધિકાર છે તેના પર આધાર રાખે છે. આ વિષય અંગેની મહત્વપૂર્ણ વિગતો આ મુજબ છે.FD ના મુદ્દલ અને વ્યાજ પરના કરમાં તફાવતમાતા-પિતા પાસેથી વારસામાં મળેલી ફિક્સ્ડ ડિપોઝિટની મૂળ (મુદ્દલ) રકમ પર સામાન્ય રીતે કોઈ આવકવેરો લાગતો નથી. જોકે, તે FD પર મળતું વ્યાજ સંપૂર્ણપણે કરપાત્ર હોઈ શકે છે. તેથી, વ્યાજની કમાણી કયા સમયગાળા દરમિયાન થઈ છે અને તેનો હિસાબ કોની આવકમાં ગણવો, તે જાણવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.મૃત્યુ પહેલાં મળેલા વ્યાજ પર ટેક્સની જોગવાઈમાતા-પિતાના મૃત્યુની તારીખ સુધી FD પર જે પણ વ્યાજ જમા થયું હોય, તે કમાણી મૃતક વ્યક્તિની જ આવક ગણાય છે. આવી સ્થિતિમાં, તેમના કાનૂની પ્રતિનિધિ તરીકે વારસદારે નિયત પ્રક્રિયા મુજબ મૃતક વતી ઈનકમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવું પડે છે.

## એશિયન પેઈન્ટ્સ બ્યુટીફૂલ હોમ પેઈન્ટિંગ સર્વિસીસની સાથે તહેવારો કે પ્રસંગમાં તમારા ઘરને સજાવશે

(એજન્સી) નવી દિલ્હી | તા.13

લગ્ન હોય કે કોઈ તહેવાર, આવા ખાસ પ્રસંગો ઘણીવાર ઘરને નવો લુક આપવાનો અને પરિવારજનો તથા મહેમાનોના સ્વાગત માટે તેને તૈયાર કરવાનો યોગ્ય સમય હોય છે. પરંતુ ઘરને તૈયાર કરતી વખતે રંગોની પસંદગી, સમયમર્યાદા અને પેઈન્ટિંગની સમગ્ર પ્રક્રિયાનું




સંચાલન કરવું, અન્ય તૈયારીઓની સાથે પડકારરૂપ બની શકે છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને એશિયન પેઈન્ટ્સે, તેની બ્યુટિફુલ હોમ્સ પેઈન્ટિંગ સર્વિસિસ (BHPS) દ્વારા એક નવું અભિયાન શરૂ કર્યું છે, જે ઘરના રૂપાંતરણનો સરળ, સુવ્યવસ્થિત અને ઝંઝટમુક્ત અનુભવ રજૂ કરે છે. ઘરમાં યોજાનારા લગ્નની તૈયારીઓની પૃષ્ઠભૂમિમાં રજૂ થયેલું આ અભિયાન, પરિવારની યાદગાર પળો અને ખાસ પ્રસંગ માટે ઘરને સજાવવા-સંવારવાનો ઉત્સાહ સુંદર રીતે રજૂ કરે છે. આ ફિલ્મો દર્શાવે છે કે કેવી રીતે ઘરમાલિકો વિવિધ ડિઝાઈન વિકલ્પો શોધી શકે છે, AI Colour Visualizerની મદદથી અલગ-અલગ પેઈન્ટ શેડ્સ અને વૉલપેપર પોતાના ઘરમાં કેવા દેખાશે તેની કલ્પના કરી શકે છે અને સમગ્ર પેઈન્ટિંગનું કામ સમયસર પૂર્ણ કરવા માટે અનુભવી પ્રોફેશનલ્સ પર વિશ્વાસ મૂકી શકે છે. એક ફિલ્મમાં સબ્યસાચી દ્વારા ડિઝાઈન કરાયેલા વૉલપેપર્સ રજૂ કરવામાં આવ્યા છે અને દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે વિવિધ ડિઝાઈન અને કોમ્બિનેશન્સ પરિવારની વ્યક્તિગત પસંદગી અને આગવી શૈલીને પ્રતિબિંબિત કરે છે. બીજી ફિલ્મમાં AI Colour Visualizerની વિશેષતા દર્શાવવામાં આવી છે, જે ઘરમાલિકોને પેઈન્ટિંગનું કામ શરૂ થાય તે પહેલાં જ પસંદ કરેલા પેઈન્ટ શેડ્સ અથવા વૉલપેપર્સ તેમના ઘરમાં કેવા દેખાશે તે વિઝ્યુઅલાઈઝ કરવામાં મદદ કરે છે. બ્યુટિફુલ હોમ્સ પેઈન્ટિંગ સર્વિસિસ (BHPS) રંગ અને ડિઝાઈનની પસંદગીથી લઈને સમગ્ર કામ પૂર્ણ થાય ત્યાં સુધીની માર્ગદર્શિકા, AI આધારિત વિઝ્યુઅલાઈઝેશન, આધુનિક પેઈન્ટિંગ ટૂલ્સ અને નિષ્ણાતોની દેખરેખ જેવી સંપૂર્ણ સેવાઓ પ્રદાન કરે છે. સમયસર કામ પૂર્ણ કરવાની ગેરંટી નહીં તો, 20% મની-બેક ખાતરી સાથે, ઘરમાલિકો પ્રોફેશનલ્સ દ્વારા સંચાલિત સરળ, સુવ્યવસ્થિત અને ઝંઝટમુક્ત પેઈન્ટિંગ અનુભવનો લાભ લઈ શકે છે.

# મેન ઓફ પ્લેટિનમ આધુનિક સફળતાની દરેક અભિવ્યક્તિને અનુરૂપ નવી ડિઝાઈન સાથે તેના કલેક્શનને વિસ્તારે છે

મુંબઈ: પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલ (પીજીઆઈ) ઈન્ડિયાએ મેન ઓફ પ્લેટિનમનું નવું કલેક્શન રજૂ કર્યું છે. આ કલેક્શનમાં પુરુષોની સફળતાની સફરના જુદા-જુદા તબક્કાને અનુરૂપ ચેઈન, પેન્ડન્ટ, બ્રેસલેટ અને વીંટીનો સમાવેશ થાય છે. બ્રાન્ડના નવા કેમ્પેઈનમાં રોહિત શર્મા અને અનિરુદ્ધ રવિચંદર આ કલેક્શનને રજૂ કરી રહ્યા છે. આ કલેક્શન એક મૂળભૂત માન્યતાને સાકાર કરે છે કે લાંબા સમય સુધી ટકી રહેતી સફળતા ચારિત્ર્યના પાયા પર ઊભી થાય છે. પોતાની અલગ ઓળખ અને માર્ગ બનાવવાનો દ્રઢ નિશ્ચય, સતત આગળ વધતા રહેવાની ક્ષમતા અને સિદ્ધિઓને કાયમી મહત્ત્વ આપતાં મૂલ્યો સફળતાને ટકાઉ બનાવે છે.આ કલેક્શન મેન ઓફ પ્લેટિનમની દુનિયાને વધુ વિસ્તારે છે. તેમાં આગવી ઓળખ ઊભી કરતાં આકર્ષક પ્લેટિનમનાં ઘરેણાંની સાથે હળવી અને આધુનિક ડિઝાઈનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેનો નિયમિત ઉપયોગ કરી શકાય છે. આકર્ષક આકારો, જ્યોમેટ્રિક સરફેસીસ, એકબીજા સાથે જોડાયેલી કડીઓ તેમજ રંગો અને ફિનિશિંગ વચ્ચેના સુમેળભર્યા વિરોધાભાસથી વ્યક્તિગત શૈલીની વિવિધ અભિવ્યક્તિઓ સર્જાય છે. તેમાં સફળતા અને પ્રતિષ્ઠાની ઓળખ આપતાં ઘરેણાંથી લઈને પુરુષની પોતાની ઓળખનો હિસ્સો બની જાય તેવાં ઘરેણાંનો સમાવેશ થાય છે.



રોહિત શર્માનો સંયમ અને નેતૃત્વ સફળતાને ટકાવી રાખતાં ચારિત્ર્ય અને મૂલ્યોની વાત કરે છે. અનિરુદ્ધ રવિચંદરનો આત્મવિશ્વાસ અને સતત બદલાવ સ્વીકારીને આગળ વધવાની તૈયારી સફળતા હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા ચારિત્ર્યને દર્શાવે છે. બંનેની સફળતાની અલગ-અલગ સફર ઘરેણાંને પહેરનાર પુરુષોના નિર્ણયો અને મૂલ્યો સાથે જોડવાનો માર્ગ પૂરો પાડે છે.

દરેક ઘરેણાના કેન્દ્રમાં પ્લેટિનમ છે, જે લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા માટે જાણીતી કિંમતી ધાતુ છે. તેની મજબૂતાઈ અને કુદરતી સફેદ રંગ આકર્ષક અને વિશિષ્ટ ઘરેણાંથી લઈને રોજિંદા ઉપયોગ માટેનાં સુઘડ ઘરેણાં સુધીની વિવિધ ડિઝાઈનનો આધાર બને છે. દરેક ઘરેણું તેને પહેરનાર પુરુષના ચારિત્ર્યને રજૂ કરે એ રીતે તૈયાર કરવામાં આવ્યું છે.રોહિત શર્માએ જણાવ્યું હતું કે, "પ્લેટિનમ તેની લાંબા સમય સુધી ટકી રહેતી મજબૂતાઈ માટે જાણીતું છે. મારા મતે, આ ગુણ તેને જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે છતાં આગળ વધતા રહેવા માટે જરૂરી ચારિત્ર્યનું એક સશક્ત પ્રતીક બનાવે છે. હું હંમેશાં માનતો આવ્યો છું કે સફળતા મહત્વપૂર્ણ છે, પરંતુ ત્યાં સુધી પહોંચવા માટે તમે કયો માર્ગ અપનાવો છો તે પણ એટલું જ મહત્વનું છે. દબાણની પરિસ્થિતિમાં તમે કેવા નિર્ણયો લો છો, બાબતો તમારી ઈચ્છા મુજબ ન થાય ત્યારે કેવી પ્રતિક્રિયા આપો છો અને તમારી સાથે અન્ય લોકોને કેવી રીતે આગળ લઈ જાઓ છો, આ બધી બાબતો તમારા વ્યક્તિત્વ વિશે ઘણું કહી જાય છે. ચારિત્ર્ય અંગેનો આ વિચાર મેન ઓફ પ્લેટિનમ સાથે મને ગાઢ રીતે જોડે છે."અનિરુદ્ધ રવિચંદરે જણાવ્યું હતું કે, "મારા માટે સફળતાનો અર્થ હંમેશાં પોતાની જાત પર વિશ્વાસ રાખવો, પોતાનો માર્ગ બનાવવો અને સતત વિકાસ કરતા રહેવું એ પ્રકારનો રહ્યો છે. તમે શું કરો અથવા કેવા બનો તે અંગે લોકોના અલગ-અલગ અભિપ્રાયો હંમેશાં રહેશે, પરંતુ પોતાની જાત પ્રત્યે વફાદાર રહેવાનો દ્રઢ નિશ્ચય જ ખરેખર મહત્વનો છે. ચારિત્ર્ય અંગેનો આ વિચાર મેન ઓફ પ્લેટિનમ સાથે મને ગાઢ રીતે જોડે છે. પ્લેટિનમ તેની લાંબા સમય સુધી ટકી રહેતી મજબૂતાઈ માટે જાણીતું છે. મારા માટે તે સતત વિશ્વાસ રાખવા, સર્જનાત્મકતા જાળવી રાખવા અને આગળ વધતા રહેવા માટે જરૂરી આંતરિક શક્તિનું સશક્ત પ્રતીક છે."પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલનાં ગ્લોબલ માર્કેટ ડેવલપમેન્ટના હેડ અને ભારત તથા મધ્ય પૂર્વનાં મેનેજિંગ ડિરેક્ટર વૈશાલી બેનર્જીએ જણાવ્યું હતું કે, "પુરુષો હવે જીવનની વધુ જુદી-જુદી પળોએ અને વધુ વિવિધ રીતે ઘરેણાં પહેરી રહ્યા છે. આ કલેક્શન દ્વારા અમે મેન ઓફ પ્લેટિનમને પહેલેથી સફળતા હાંસલ કરી ચૂકેલા પુરુષો માટેનાં વિશિષ્ટ ઘરેણાંથી આગળ લઈ જઈ રહ્યા છીએ.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો સુદ - 04

# દંડ, અપમાન, સજા દ્વારા ભય ફેલાવવાની રાજનીતિ

આજકાલ પાટનગર દિલ્હીમાં ઘડિયાળના કાંટા ઊંધા ફરી રહ્યા છે. સરકાર આજકાલ કોઈ એવા ઈલમની શોધમાં છે જેમાં આંદોલન થઈ જ ન શકે. વળી નવાઈ એ છે કે આવો વિચાર આંદોલનો કરીને સત્તા પર આવેલી સરકારનો મૌલિક વિચાર છે! ભાજપના નેતાઓની પ્રમુખ બદનામી એ છે કે સત્તામાં આવ્યા પછી કોઈ પણ સત્તાધારીને જે જે પ્રજાદમનના અને એકાધિકારના ખરાબ વિચારો આવે એ તમામ વિચારો આ નેતાઓને આવી ગયા છે અને એનું પ્રદર્શન પણ થઈ ગયું છે. શાસન વ્યવસ્થા કોઈ સામાન્ય વાત નથી. પ્રાચીનકાળથી દુનિયામાં અનેક સામ્રાજ્યોમાં અનેક પ્રકારની શાસન પ્રણાલિકાઓ માણસજાતે જોઈ છે અને ઈતિહાસમાં એ બધા પ્રયોગો અને અખતરાઓ વિસ્તારપૂર્વક આલેખાયેલા છે. જે જે શાસકોએ પ્રજા પર પોતાનું અધિકાધિક પ્રભુત્વ સ્થાપવાના મોહમાં વધુમાં વધુ અંકુશ રાખ્યા છે તે તમામ શાસકો તત્કાલીન પ્રજા માટે અને ઈતિહાસકારોની દ્રષ્ટિએ બહુ જ તિરસ્કૃત નીવડયા છે. કેટલાક જ શાસકો એવા હોય છે જે પ્રજાની સ્વતંત્ર સુખાકારીને ચાહતા હોય છે. એ સિવાય માત્ર પોતાની રાજસ્વીતાનું સુલતાની પ્રદર્શન કરનારા શાસકો સદાય વિવિધ રીતે પ્રજાને યાતના આપનારા સાબિત થયા છે. સૌથી નવાઈની વાત એ છે કે તેઓ જ્યારે પ્રજાને ઘોર પીડા આપે છે ત્યારે પણ તેઓ એવું જ સાબિત કરવાના પ્રયત્નમાં રહે છે કે અમે પ્રજાનું કલ્યાણ કરી રહ્યા છીએ. એટલું જ નહીં, પોતાના ત્રાસને પ્રજાકલ્યાણમાં ખપાવવા માટે તેઓ અસત્યગામી પ્રચારનો એક આખો સિલસિલો ચાલુ કરે છે.

છેલ્લા કેટલાક સમયથી ભાજપમાં એક નવી લોબી પરદા પાછળ તૈયાર થઈ રહી છે જે સૈદ્ધાંતિક રીતે એનડીએ સરકારના પ્રજાપીડનના નિર્ણયોનો ઉગ્ર વિરોધ કરે છે. સુબ્રમણ્યમ સ્વામીએ એમના પુસ્તકમાં ભલે કહ્યું કે મોદી અને શાહની આસપાસ સોનેરી-રૂપેરી ચમચા-ચમચીઓની ટોળકી ગોઠવાયેલી છે. પરંતુ મોદી-શાહની જાણ બહાર એક અલગ યુનિયન પણ આકાર લઈ રહ્યું છે જે કેન્દ્ર સરકારના વારંવારના કામચલાઉ, ઉભડક અને સાંધાટાંકા જેવા અલ્પબુદ્ધિયુક્ત નિર્ણયોની સતત ટીકા કરે છે. વારંવારના ખોટા અને ઉતાવળા નિર્ણયોથી ભાજપનું નેતૃત્વ હવે નબળું પડી ગયું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ અનેક મહત્ત્વની રાષ્ટ્રીય બાબતોમાં પોતાનો અભિપ્રાય ગુપ્ત રાખે છે. સંઘ વડા મોહન ભાગવત સંઘને વફાદાર છે કે ભાજપને ? એ મોટી સમસ્યા છે. ભાજપ પાસે સંઘની દશા બાપ મટીને દીકરો થવા જેવી થઈ ગઈ છે. અથવા તો એમ કહેવાય કે સંઘનું વાઘછાપ અસ્તિત્વ જળવાયું છે પણ એના વાઘનખ મોદીએ કોઈ દીન અને દયાળુ મ્યુઝિયમમાં મોકલી આપ્યા છે. ટ્રાફિક સંબંધિત નવા તઘલખી અધિનિયમોનો વિરોધ રાષ્ટ્રવ્યાપી છે. અને કેન્દ્ર સરકાર એમ માને છે કે જે રીતે લોકોએ નોટબંધી સહન કરી લીધી, પ્રજાએ જીએસટીનો ત્રાસ સહન કર્યો, સરકારે અનેક બાબતોમાં ચલાવેલી અઠંગ ગપ્પાબાજી પણ સાંભળી લીધી, તેમ ગડકરીના ટ્રાફિક સંબંધિત તરંગો પણ પ્રજા સહન કરી લેશે. પરંતુ એ શક્યતા દેખાતી નથી. કારણ કે વ્યાવહારિક રીતે નવા નિયમોનો અમલ શક્ય જ નથી. કેન્દ્રની એનડીએ સરકારની દાનત હવે લોકો સમજવા લાગ્યા છે કે આ સરકારને વારંવાર આખા દેશને ઠેબે ચડાવવાની ટેવ છે. કોઈ ને કોઈ બહાને જનજીવન ડહોળવાનો ભાજપને શોખ હોય એમ દેખાય છે. ઘરેથી ન્હાઈધોઈને તૈયાર થઈ હરિનામ લઈ, પૂજાપાઠ કરી ઓફિસે જવા નીકળેલા એક્ઝિક્યુટિવને ચાર રસ્તે જે તુમાખીથી ટ્રાફિક પોલીસ અટકાવે છે એના કડવા ઘૂંટડા પી રહેલી પ્રજાએ હવે મિસ્ટર મોદી પ્રત્યેનો આદર ગુમાવી દીધો છે. નમો સરકાર મેમો સરકાર બની ગઈ છે. વિકાસ પાગલ થયો છે એ તો લોકોનો જુનો અનુભવ છે પરંતુ એ પાગલ વિકાસ હવે રસ્તા પર આવી ગયો છે.

બોર્ડર જેવી વોર-ફિલ્મને કારણે 'કવર' કરવાના નુસખાથી પ્રજા પરિચિત છે. જ્યારે દુશ્મનની હરોળ વિંધીને એમાં ઘુસવા માટે કોઈ સૈનિક આગેકૂચ કરતો હોય ત્યારે દુશ્મનનું ધ્યાન આડે પાટે ફંટાવવા માટે બીજી દિશામાં સખત ગોળીબાર કરવામાં આવે. આ ક્રિયાને 'કવર કરવું' એમ કહેવાય. સર્જીકલ સ્ટ્રાઈકને ચૂંટણીપ્રચારમાં પણ વાપરનારી સરકાર હવે કવર કરવામાં માસ્ટર બની ગઈ છે. પ્રજાનું ધ્યાન અન્યત્ર કેમ ફંટાવવું એ કળા દિલ્હી સરકારને હસ્તગત થઈ ગઈ છે. દેશમાં મંદી છે, ઘણી ફેક્ટરીઓ બંધ થાય છે, કોર્પોરેટ સેક્ટરમાંથી કર્મચારીઓને છુટ્ટા કરવામાં આવે છે એવા સમયે સરકાર એના એકાદ ઉચ્ચાધિકારીના રાજીનામા પર વટ કરે છે ને આંદોલનકારીઓને હવા આપે છે. થોડાક જ દેખાવમાં લોકો કેટલા બધા સળગતા પ્રશ્નો વીસરી જાય છે. સરકારી વાજિંત્ર બની ગયેલા મહત્ મીડિયા સત્તાની આરતી ઊતારવામાંથી ઊંચા આવતા નથી.

મોદી સરકાર જ્યારથી સત્તામાં આવી છે ત્યારથી તે એવા જત્નયો લે છે જેની સીધી અસર દરેકે દરેક માણસને થાય. નિર્ણય એવો જ લેવાનો કે તે નિર્ણયની ઝપટમાં છેવાડાનો માણસ પણ આવી જાય એ જ સરકારની નેમ છે. નોટબંધીએ એકેએક માણસને લાઈનમાં ઉભો રાખી દીધા. બધાએ પોતાની તિજોરીમાંથી, ખિસ્સામાંથી, પાકીટમાંથી કે રસોડાની બરણીમાં છુપાવીને રાખેલા બચતના પૈસા જમા કરાવવા દોડવું પડયું. એના પછી જીએસટીના અણઘડ અમલીકરણે કરોડો વેપારીઓને મુશ્કેલીમાં મુક્યા. આ દરમિયાન જ દબાતા પગલે એવો નિયમ પણ અમલમાં મુકવામાં આવ્યો કે દરેક ટુ-વ્હીલરની હેડલાઈટ ફરજિયાત ચાલુ રહે. પબ્લિકને સરકારી નિર્ણયમાં સતત કેમ એન્ગેજ રાખવી એ જ સરકાર વિચારે છે.

# ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે જનઆક્રોશનો જ્વાળામુખી ફાટ્યો

## રાજીનામાંની માંગ

વઘઈમા હજારો લોકોની વિશાળ રેલીથી ગૂંજ્યુ ડાંગ; જ્ઞાનેશ કુમારના રાજીનામાની ઉગ્ર માંગ સાથે વઘઇ તાલુકા કોંગ્રેસનું પ્રચંડ વિરોધ પ્રદશર્ન

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના વઘઈ ખાતે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વઘઇ તાલુકા કોંગ્રેસ દ્વારા પ્રચંડ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.ડાંગ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય તેમજ હાલ ડાંગ જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા મંગળભાઈ ગાવિત અને વઘઈ તાલુકા કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ બળવંતભાઈ દેશમુખની આગેવાનીમાં હજારોની સંખ્યામાં લોકો રેલીમાં જોડાયા હતા. વિશાળ જનમેદની સાથે નીકળેલી આ રેલીમાં ચૂંટણી પંચની કામગીરી સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા, લોકશાહીની વિશ્વસનીયતા અને મતદારોના અધિકારોના મુદ્દાને કેન્દ્રમાં રાખીને યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી બુલંદ કરવામાં આવી હતી. રેલી દરમિયાન વિરોધના સૂત્રોચ્ચાર સાથે લોકશાહીની રક્ષા અને ચૂંટણી વ્યવસ્થામાં પારદર્શિતાની માંગ ઉઠાવવામાં આવી હતી.અહી મંગળભાઈ ગાવિત જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરે અને બળવંતભાઈ દેશમુખ ની આગેવાનીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના અગ્રણી કાર્યકરો અને સમર્થકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



વઘઈ ખાતે એકત્રિત થયેલી વિશાળ જનમેદનીએ ચૂંટણી પંચની જવાબદારી અને નિષ્પક્ષતા અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.આ પ્રદર્શન દ્વારા ચૂંટણી વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી હતી. વઘઈમાં યોજાયેલું આ વિરોધ પ્રદર્શન માત્ર રાજકીય કાર્યક્રમ પૂરતું સીમિત ન રહેતાં લોકશાહી સંસ્થાઓની જવાબદારી અને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અંગેનો સંદેશ આપવાનો પ્રયાસ બન્યું હતું. હજારો લોકોની હાજરીએ ડાંગ જિલ્લામાં કોંગ્રેસના વિરોધને આક્રમક સ્વરૂપ આપ્યું હતું.જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વઘઈમાં યોજાયેલી આ રેલીથી ડાંગના રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો છે. કોંગ્રેસે આ વિરોધ દ્વારા ચૂંટણી પંચની કામગીરી અંગે પોતાના સવાલોને જનતા સમક્ષ મૂક્યા છે અને લોકશાહી તથા મતાધિકારની રક્ષાનો મુદ્દો વધુ મજબૂત રીતે ઉઠાવ્યો છે. આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમ માં મુકેશ પટેલ,તબરેઝ અહેમદ (બબલુ), નિતેશ ચૌધરી, લાલભાઈ ગાવિત, આશાબેનગામીત, માર્થાબેન,ગીતાબેન,સમંતિબેન, નરેશ રેન્જડ, ટી આર કામડી, વસંત તુમડા, મગન ગાવિત, સૂર્યકાંત ગાવિત, વઘઇ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# જુનાગઢમાં નિ:શુલ્ક મેગા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી.જુનાગઢ તથા શ્રી હાટકેશ હોસ્પિટલ, જુનાગઢ અને સિનિયર સીટીઝન મંડળ, જુનાગઢનાં સંયુક્ત ઉપક્રમે હાટકેશ હોસ્પિટલ, જુનાગઢ ખાતે નિ:શુલ્ક મેગા સર્વરોગ નિદાન



કેમ્પનું આયોજનતા.11/10/26 ને રવિવાર નાં રોજ સવારે 9 થી 12 કલાક દરમિયાન યોજાયેલ, જેમાં હાટકેશ હોસ્પિટલનાં અલગ અલગ રોગનાં નિષ્ણાંત એવાં 12 ડૉક્ટરોએ સેવા આપેલ જેમાં ફિઝિશિયન, આંખ, નાક કાન ગળા ના સર્જન,ઓર્થોપેડિક, ડેન્ટિસ્ટ અને આયુર્વેદિક ડોક્ટર વિગેરે એ પોતાની સેવાઓ આપી હતી,આ કેમ્પમાં દર્દી માટે જરૂરી રિપોર્ટ્સ, મેમોગ્રાફી ફ્રી હતાં તેમજ દર્દીના હાડકાની ઘનતા સ્પેશિયલ મશીન દ્વારા ચેક કરી આપવામાં આવેલ અને દવાઓ પણ આપેલ હતી. આ કેમ્પમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.આ કેમ્પ ને સફળ બનાવવાં ત્રણેય સંસ્થાનાં પ્રમુખશ્રી તથા સંસ્થાનાં કમીટી મેમ્બર્સ અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ રસીલાબેન સોઢાએ એક યાદીમાં જણાવ્યું છે.

# અંતરિયાળ કચ્છના મુરચબાનામાં શિક્ષણની જ્યોત પ્રગટાવનાર જત પરિવારની પ્રેરણાદાયી સફર!

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

મન મક્કમ હોય તો કોઈપણ મુશ્કેલી સફળતાના માર્ગમાં અવરોધ બની શકતી નથી–આ વાતને સાર્થક કરતી પ્રેરણાદાયી સફર કચ્છ જિલ્લાના લખપત તાલુકાના અંતરિયાળ મુરચબાના ગામના દાણેતા જત પરિવારની છે. એક સમયે વીજળી, પાણી, રસ્તા અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે જીવન જીવતા આ પરિવારે આજે શિક્ષણ, વિજ્ઞાન, પર્યાવરણ, જીવદયા અને સમાજસેવા જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.આ પરિવર્તન પાછળ પરિવારના મોભી કાસમભાઈનો શિક્ષણ પ્રત્યેનો અડગ સંકલ્પ અને બનાસકાંઠાથી શિક્ષક તરીકે ફરજ બજાવવા આવેલા પ્રજાપતિ ગોવિંદભાઈનો નિષ્ઠાપૂર્વકનો સહયોગ મહત્ત્વનો રહ્યો છે. એક વાલી તરીકે કાસમભાઈની જવાબદારી અને એક શિક્ષક તરીકે ગોવિંદભાઈની ફરજ જ્યારે મિત્રતાના મજબૂત તાંતણે જોડાઈ, ત્યારે પરિવારમાં શિક્ષણની એવી જ્યોત પ્રગટી કે જેણે નવી પેઢી માટે સફળતાના અનેક દ્વાર ખોલી આપ્યાં.પોતે ધોરણ-૨ સુધી ભણ્યા, પરંતુ સંતાનોને ઉચ્ચ શિખરો સર કરાવવાનો સંકલ્પ કર્યો: જત હાજી સુવંધ, જેમને લોકો પ્રેમથી હાજી બાપા તરીકે ઓળખે છે, તેમના મોટા પુત્ર કાસમભાઈ આજુબાજુમાં શાળાની સુવિધા ન હોવાને કારણે માત્ર ધોરણ-૨ સુધી જ અભ્યાસ કરી શક્યા હતા. પોતે વધુ ભણી ન શક્યા તેનો વસવસો તેમના મનમાં સતત રહ્યો હતો. જોકે, આ અફસોસને તેમણે નિરાશામાં ફેરવવાને બદલે પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટેની પ્રેરણા બનાવી લીધો.પોતે શિક્ષણથી વંચિત રહ્યા હોવા છતાં પોતાનાં સંતાનોને શિક્ષણથી વંચિત ન રહેવા દેવાનો તેમણે દૃઢ નિર્ધાર કર્યો. આ સંકલ્પને સાકાર કરવામાં શિક્ષક પ્રજાપતિ ગોવિંદભાઈનો સહયોગ મહત્ત્વપૂર્ણ બન્યો. બંને વચ્ચે વિકસેલી આત્મીય મિત્રતા અને બાળકોના ભવિષ્ય માટેની સહિયારી ચિંતાએ પરિવારના શૈક્ષણિક વિકાસમાં નવી દિશા આપી.શિક્ષણથી લઈને વિજ્ઞાન અને જીવદયા સુધી બાળકોની નોંધપાત્ર સિદ્ધિઓ: કાસમભાઈના પરિવારનાં બાળકો જત અનવર, જત હુરબાઈ, જત મુમલ, જત સુખિયાણી, જત સાહેબખાતું અને જત નજીરાએ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને સેવાભાવના આધારે નોંધપાત્ર સિદ્ધિઓ



મેળવી છે.પરિવારની સિદ્ધિઓમાં પ્લાસ્ટિકના કચરામાંથી પેટ્રોલિયમ બનાવવાની નવીન શોધ અને તે સંબંધિત પેટન્ટ મેળવવાની ઉપલબ્ધિ વિશેષ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત પ્લાસ્ટિકમુક્ત અભિયાન, પર્યાવરણ સંરક્ષણ, જીવદયા, શિક્ષણ અને નારી સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં પણ પરિવારે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.પરિવારની જણાવેલી સિદ્ધિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે: - પ્લાસ્ટિકમાંથી પેટ્રોલિયમ બનાવવાની શોધ: પ્લાસ્ટિકના કચરાના ઉપયોગ અંગે નવીન સંશોધન કરી સંબંધિત પેટન્ટ મેળવ્યું હોવાનો દાવો.- વર્લ્ડવાઇડ બુક ઑફ રેકોર્ડ્સ: વર્ષ ૨૦૨૫માં પ્લાસ્ટિકમુક્ત અભિયાન સંબંધિત સન્માન પ્રાપ્ત કર્યું.- કરુણા અભિયાન એવોર્ડ-૨૦૨૫: જીવદયા અને સેવાકીય પ્રવૃત્તિઓ બદલ સન્માન.- રાજ્યકક્ષાએ સન્માન: વર્ષ ૨૦૨૫માં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તથા વર્ષ ૨૦૨૬માં શિક્ષણમંત્રી રીવાબા જાડેજાના હસ્તે વિશેષ સન્માન મળ્યાનું જણાવાયું છે.- ગણિત-વિજ્ઞાન પ્રદર્શન: વર્ષ ૨૦૨૫માં જિલ્લા કક્ષાએ બે વખત પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.- શ્રેષ્ઠ નારી શક્તિ એવોર્ડ-૨૦૨૬: નારી સશક્તિકરણ અને શિક્ષણ ક્ષેત્રે પ્રદાન બદલ સન્માન.- અખિલ કચ્છ જત સમાજનું સન્માન-૨૦૨૬: સમાજ દ્વારા પરિવારની સિદ્ધિઓની નોંધ લઈ સન્માનિત કરવામાં આવ્યો.- પ્રકૃતિ મિત્ર એવોર્ડ-૨૦૨૬: ૧૧ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ સન્માનિત કરવામાં આવનાર હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત પરિવારનાં પ્રતિભાશાળી બાળકોની સિદ્ધિઓને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૬ માટેની ફાઈલ દિલ્હી ખાતે પ્રક્રિયા હેઠળ હોવાનું જણાવાયું છે. આ અંગે સત્તાવાર જાહેરાત કે પુષ્ટિ થાય ત્યારબાદ જ તેને અંતિમ સિદ્ધિ તરીકે ગણાવી શકાય.એક વાલી અને એક શિક્ષકની મિત્રતા બની પરિવર્તનની મશાલ : મુરચબાના જેવા અંતરિયાળ વિસ્તારમાં પાયાની સુવિધાઓનો અભાવ હોવા છતાં શિક્ષણ પ્રત્યેની લગન, પરિવારનો સહયોગ અને શિક્ષકની નિષ્ઠા બાળકોના જીવનમાં મોટું પરિવર્તન લાવી શકે છે, તેનું આ પરિવાર જીવંત ઉદાહરણ છે.કાસમભાઈએ પોતાના અધૂરા રહી ગયેલા શિક્ષણના સપનાને સંતાનોના ભવિષ્ય સાથે જોડ્યું, જ્યારે ગોવિંદભાઈએ શિક્ષક તરીકેની ફરજને માત્ર વ્યવસાય પૂરતી મર્યાદિત ન રાખતાં બાળકોના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. બંનેના સહિયારા પ્રયાસોએ સાબિત કર્યું કે શિક્ષણની સાચી તાકાત માત્ર શાળાની ઈમારતો કે આધુનિક સુવિધાઓમાં જ નહીં, પરંતુ વાલીનો સંકલ્પ, શિક્ષકની નિષ્ઠા અને બાળકોને આગળ વધવાની મળતી તકમાં રહેલી છે.અંતરિયાળ કચ્છના આ જત પરિવારની સફર સમાજને સંદેશ આપે છે કે સંજોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય, પરંતુ શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સાચું માર્ગદર્શન મળે તો નવી પેઢી સફળતાના અનેક શિખરો સર કરી શકે છે.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજપીપળા ખાતે 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ' કાર્યક્રમ યોજાયો

રાજપીપળા, મંગળવાર:- સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજે રાજપીપળા સ્થિત કુમાર આશ્રમશાળા ખાતે 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ' અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેટર્સને પ્રોત્સાહિત કરવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં નાંદોદ ધારાસભ્ય ડૉ. દર્શનાબેન ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને આઈ.ટી.આઈ. રાજપીપળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવીન વિચારો, સંશોધન, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો તેમજ સરકારની વિવિધ યોજનાઓ અને સહાય અંગે માર્ગદર્શન આપવાનો હતો.કાર્યક્રમ દરમિયાન જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી માવાણીએ



બેન્કેબલ યોજના સહિત સરકારશ્રી દ્વારા ઉદ્યોગસાહસિકોને આપવામાં આવતી વિવિધ સહાય અને યોજનાઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં. ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ SSIP 2.0 અંતર્ગત નવીન વિચારો અને ઈનોવેશનની નોંધણી પ્રક્રિયા તેમજ સરકારશ્રી દ્વારા મળવાપાત્ર સહાય અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.કોલેજના પ્રિન્સિપાલશ્રી માંગરોલા અને તેમની ટીમે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રી દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અને સહાય અંગે માહિતી આપી હતી. જ્યારે આઈ.ટી.આઈ.ના પ્રિન્સિપાલશ્રી અને તેમની ટીમે આઈ.ટી.આઈ. માં અમલમાં રહેલા વિવિધ પ્રોજેક્ટ્સ, તાલીમની તકો અને સરકારશ્રી તરફથી મળતી સહાય અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓને પોતાના નવીન વિચારોને સાકાર કરવા, સ્વરોજગાર તરફ આગળ વધવા અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે કારકિર્દી ઘડવા માટે પ્રેરણા તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# ધ્વનિ પ્રદૂષણ અટકાવવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ

ગીર સોમનાથ | ઔદ્યોગિક પ્રવૃત્તિઓ, લાઉડ સ્પીકર્સ, જાહેર સંબોધન પ્રણાલીઓ, મ્યૂઝીક સિસ્ટમ્સ, વાહનોના હોર્ન અને અન્ય યાંત્રિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળોએ ઘોંઘાટના સ્તરના કારણે સલામતી તથા સ્વાસ્થ્ય માટે આસપાસની હવાના ગુણવત્તાનું ધોરણ જાળવવાના ઉદ્દેશ્યથી ધ્વનિ ઉત્પન્ન કરતા સ્ત્રોતોના નિયમન માટે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. આ જાહેરનામા અનુસાર માઈક સિસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર જિલ્લામાં વરઘોડા, રાજકીય, સામાજીક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલીકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સિસ્ટમ ભાડે આપી શકશે નહી.હોસ્પિટલો, શૈક્ષણીક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને 'સાઈલન્ટ ઝોન' તરીકે જાહેર કરવામાં આવે છે. જેથી 'સાઈલન્ટ ઝોન' તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં માઈક સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહી.એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક સિસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરી શકાશે નહી.ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવી રીતે જાહેર જગ્યાએ ખુલ્લામાં વગાડી શકાશે નહી. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્ટોલ કરી શકાશે નહી. તેમજ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યક્તિએ 'સાઉન્ડ સીસ્ટમ લિમિટર(ધ્વની નિયંત્રક)' વગરની પબ્લિક એડ્રેસ સીસ્ટમ/લાઉડ સ્પીકર/ સાઉન્ડ સિસ્ટમનુ વેંચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી. રહેશે.આ જાહેરનામામાં માઈક સિસ્ટમ વગાડવા માટે પ્રતિબંધમાંથી છૂટછાટ માટેની શરતો નક્કી કરવામાં આવી છે. જે અનુસાર માઈક સિસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને સવારના ૦૬.૦૦ કલાકથી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી જ કરી શકાશે.માઈક સીસ્ટમ વગાડવાની પરવાનગી માટે તેના માલીકે/ભાગીદારે સંબંધિત મામલતદાર અને એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને દિન-૭ પહેલા અરજી કરીને પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા જી. પી.એક્ટની કલમ-૧૩૧,૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા.૧૫-૧૦-૨૦૨૬ થી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

# આણંદમાં નિર્માણ પામી રહેલી અત્યાધુનિક ૩૫૦ બેડની સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતા આરોગ્ય રાજ્યમંત્રી



આણંદ | આણંદ ખાતે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટ દ્વારા નિર્માણ પામી રહેલી ૩૫૦ બેડની અત્યાધુનિક સિવિલ હોસ્પિટલની મુલાકાત રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ હોસ્પિટલના ચાલી રહેલા બાંધકામની કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ ત્યાં હાજર ડોક્ટરો સાથે ચર્ચા કરીને જરૂરી બાબતોથી માહિતગાર થયા હતા.આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો મુખ્ય હેતુ આટલું મોટું ભવન અને મોટો ખર્ચ કરીને અંત્યોદય સુધીના નાનામાં નાના વ્યક્તિ અને પરિવારને ઓપરેશન સહિત દવા વગેરેની શ્રેષ્ઠ સારવાર વિનામૂલ્યે અને સરળતાથી મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ નવી સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના આધુનિક સાધનો, ઓપરેશન થિયેટર તેમજ ચાઈલ્ડ અને મધર માટેની સ્પેશિયલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ હોસ્પિટલ સરકાર દ્વારા કરવામાં આવેલી લોકકલ્યાણની કામગીરીનું એક ઉત્તમ ડેસ્ટિનેશન બનશે, જેનાથી સામાન્ય જનતાને ખૂબ જ મોટો લાભ મળશે.આ પ્રસંગે મંત્રીશ્રીએ હોસ્પિટલના બાંધકામને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરીને લોકાર્પણ કરવાની આશા વ્યક્ત કરી હતી. તેમણે મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર ચાલી રહેલા આ તમામ કન્સ્ટ્રક્શનના કાર્યો ઝડપભેર પૂર્ણ થાય અને જનતાના ઉપયોગમાં આવે તે માટે સરકારી સ્તરે પૂરતી તકેદારી રાખવામાં આવી રહી હોવાનું પણ જણાવ્યું હતું.આ સમયે મંત્રીશ્રીની સાથે સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી આર. એન. ડોડીયા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, આણંદના પ્રાંત અધિકારી શ્રી અને મદદનીશ કલેકટર શ્રી અંજલી ઠાકુર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોક્ટર પિયુષ પટેલ સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાના હસ્તે ૦૪ શિષ્યવૃત્તિઓ તથા ઈ-બુકનું લોન્ચિંગ કરાયું

આણંદ | રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અને રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાની વિશેષ ઉપસ્થિતિમાં વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ ઈપ્કોવાલા ઓડિટોરિયમમાં સરદાર પટેલ યુનિવર્સિટી અને સેમ્યુઅલ હેનિમેન એકેડેમી ફોર હોમિયોપેથી (SHAH) ના સંયુક્ત ઉપક્રમે એમઓયુ(MoU) લોંન્ચિંગ, એમઓયુ(MoU) એક્સચેન્જ, SHAH શિષ્યવૃત્તિ લોન્ચિંગ અને સેવા સંકલ્પ અભિયાન-'નશામુક્ત યુવા' કાર્યક્રમ




યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, હોમિયોપેથી અને આયુર્વેદ એ બંને એવી ચિકિત્સા પદ્ધતિઓ છે જે પ્રકૃતિની જેમ માણસના શરીરને નુકસાન પહોંચાડ્યા વગર સુરક્ષિત સ્વાસ્થ્ય પૂરું પાડે છે. વ્યક્તિના રોગ પાછળ તેના વિચારો અને માનસિક સ્થિતિ જવાબદાર હોય છે, અને હોમિયોપેથી દર્દીના મનના મૂળ કારણને પકડીને સાચો ઈલાજ આપે છે. રાજ્યપાલશ્રીએ હોમિયોપેથીના જનક ડૉ.સેમ્યુઅલ હેનિમેનના કાર્યોને યાદ કરતા જણાવ્યું હતું કે હોમિયોપેથી એ માત્ર શરીરની ચિકિત્સા નથી પરંતુ તે મનની ચિકિત્સા છે. યુવા પેઢીને હોમિયોપેથીના માર્ગે જોડીને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો આ પ્રયાસની સરાહના કરી હતી. તેમણે તમામ તબીબો અને વિદ્યાર્થીઓને શુદ્ધ હોમિયોપેથી અપનાવીને નિરામય અને સ્વસ્થ સમાજ રચવામાં પોતાનું યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.આધુનિક યુગમાં અનિયમિત જીવનશૈલી અને ખોરાકની ભેળસેળ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, એલોપેથી દવાઓની સાઈડ ઈફેક્ટ્સ વધી રહી છે. વૈદિક પરંપરાના 'તન્મે મનઃ શિવકલ્પમસ્તુ' મંત્રનો ઉલ્લેખ કરી તેમણે સમજાવ્યું કે ક્રોધ, ઈર્ષ્યા અને અસંતોષ જેવા માનસિક વિકારો જ શરીરને રોગગ્રસ્ત બનાવે છે.

# વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

ગીર સોમનાથ | જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રોજગાર કચેરી- ગીર સોમનાથ દ્વારા વેરાવળની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે તા.૧૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ કાર્યક્રમ અને રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું છે. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ કાર્યક્રમ અન્વયે જિલ્લાના સંશોધકો દ્વારા નવા સંશોધનો રજુ કરવામાં આવશે તેમજ રોજગારવાંચ્છું ઉમેદવારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં રાધિકા એન્ટરપ્રાઈઝ( બીકેટી ટાયર)- ભુજ, મહાવીર એન્ટરપ્રાઈઝ- રાજકોટ, ત્રિમૂર્તિ ઓટો ( હોન્ડા)- વેરાવળ, રિલાયન્સ સ્માર્ટ (મોલ)-વેરાવળ તેમજ પરફેક્ટ ઓટો ( મારુતિ સુઝુકી) વેરાવળ કંપનીઓ /સંસ્થાઓ હાજર રહેશે. શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદામાં આવતા હોય તેવા રોજગારવાંચ્છુ ઉમેદવારો સ્વખર્ચે ઉપસ્થિત રહી શકે છે. આ ભરતી મેળામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ આધાર કાર્ડ તથા શૈક્ષણિક લાયકાતના જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે એમ જિલ્લા રોજગાર કચેરીની એક યાદીમાં જણાવાયું છે.

# આણંદ જિલ્લામાં ફળ, ફૂલ અને શાકભાજી પ્રદર્શન-હરીફાઈનું આયોજન

આણંદ | આણંદ જિલ્લાના ખેડૂતો આધુનિક બાગાયતી ખેતી પદ્ધતિઓ અપનાવે અને નવીન તકનીકોના માધ્યમથી આર્થિક રીતે સદ્ધર બને તેવા શુભ હેતુ સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, આણંદ દ્વારા ઓક્ટોબર માસમાં ફળ, ફૂલ અને શાકભાજી પ્રદર્શન તથા હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. બાગાયતી પાકોના ઉત્પાદન અને તેની ગુણવત્તામાં વધારો કરી વધુ આવક મેળવવા ઈચ્છતા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો માટે આ એક સુવર્ણ તક છે. આ કાર્યક્રમ દ્વારા ખેડૂતોમાં જાગૃતતા લાવવા અને તેમને આધુનિક ખેતીના પ્રવાહમાં જોડવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.રાજ્યમાં છેલ્લા ત્રણ દાયકા દરમિયાન બાગાયત ક્ષેત્રનો વ્યાપ અને ઉત્પાદન અભૂતપૂર્વ રીતે વધ્યા છે. ગુજરાતમાં બાગાયતી ખેતી હેઠળનો વિસ્તાર ૩૦ વર્ષ પૂર્વે જે ૪.૭૯ લાખ હેક્ટર હતો, તે આજે વધીને ૨૧.૫૯ લાખ હેક્ટર સુધી પહોંચ્યો છે, જે આ ક્ષેત્રમાં થયેલી નોંધપાત્ર પ્રગતિની સાક્ષી પૂરે છે. રાજ્યના ખેડૂતો હવે માત્ર પરંપરાગત ખેતી પૂરતા મર્યાદિત ન રહેતા, આધુનિક પદ્ધતિઓ વડે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ફળો, ફૂલો અને શાકભાજીનું ઉત્પાદન કરી રહ્યા છે. આ પેદાશોની વૈશ્વિક બજારમાં નિકાસ કરીને ખેડૂતો પોતાની આવકમાં પણ મોટો વધારો કરી રહ્યા છે.આણંદ જિલ્લામાં યોજનાર આ પ્રદર્શન અને હરીફાઈ દ્વારા સ્થાનિક ખેડૂતોને બાગાયતી પાકોની નવીનતમ તકનીકોથી માહિતગાર કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં સહભાગી થવાથી ખેડૂતો અન્ય સફળ ખેડૂતોના અનુભવો અને આધુનિક પદ્ધતિઓ વિશે જાણી શકશે, જે અંતે પાકની ગુણવત્તા અને ઉત્પાદકતા સુધારવામાં મદદરૂપ થશે. જિલ્લાના તમામ ઉત્સાહી ખેડૂતો આ આયોજનનો મહત્તમ લાભ લે તે માટે અપીલ કરવામાં આવી છે.

# ઓક્ટોબર મહિનામાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી બટાટાના પાકથી મેળવો ઊંચું ઉત્પાદન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ઓક્ટોબર મહિનો એ શિયાળુ- રવિ શાકભાજીના વાવેતર માટે સૌથી અનુકૂળ સમય ગણાય છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અપનાવતા ખેડૂતો માટે બટાટા (Potato) નું વાવેતર કરવું એ અત્યંત નફાકારક સાબિત થઈ રહ્યું છે. ઓક્ટોબરના મધ્યથી અંત સુધી એટલે કે તારીખ ૧૫ થી ૩૧ ઓકટોબર સુધીનું તાપમાન બટાટાના વાવેતર માટે ઉત્તમ ગણાય છે. બટાટાના પાક માટે રેતાળ- ગોરાડુ અથવા હળવી જમીન સૌથી શ્રેષ્ઠ ગણાય છે. ચોમાસુ પાક લીધા બાદ જમીન ને ૨-૩ વખત ઊંડી ખેડીને રોટા વેટરથી જમીન પોચી અને ભુરભુરી બનાવવી. આખરી ખેડ વખતે એકર દીઠ ૪૦૦ થી ૫૦૦ કિલો ઘન જીવામૃત જમીનમાં ભેળવી દેવું. બિયારણનું પ્રમાણ એકર દીઠ ૬૦૦ થી ૮૦૦ કિલો આંખો- અંકુર વાળા બટાટાની જરૂર પડે છે. વાવેતર કરતા પહેલા બટાટાના ટુકડા કે નાની ચિપ્સને બીજામૃતના દ્રાવણમાં ૧૦-૧૫ મિનિટ બોળીને રાખ્યા બાદ છાંયડામાં સૂકવીને વાવણી કરવી. આનાથી સડો, કાળી ફૂગ (Black Scurf) અને ઉગાવો નિષ્ફળ જવાની સમસ્યાઓ સામે ૧૦૦% રક્ષણ મળે છે.બટાટાનું વાવેતર હંમેશાં બેડ/પાળી (Ridge and Furrow) બનાવીને કરવું. બે પાળી વચ્ચે ૫૦ થી ૬૦ સેમી (૨ ફૂટ) અને બે બટાટા વચ્ચે ૧૫ થી ૨૦ સેમી અંતર રાખી ૨ થી ૩ ઈંચ ઊંડે વાવેતર કરવું. બટાટાને જમીનના પ્રકાર મુજબ ૮ થી ૧૦ પિયતની જરૂર પડે છે. વાવેતર પછી તરત હળવું પિયત આપવું.દર ૧૫ દિવસે એકર દીઠ ૨૦૦ લીટર જીવામૃત પિયતના પાણી સાથે આપવું અથવા પાંદડા પર પંપ વડે છંટકાવ કરવો. પાળી પર સૂકું ઘાસ કે પાકના અવશેષો ઢાંકવાથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે અને અળસિયાનો ઉપદ્રવ વધી બટાટાનો વિકાસ ઝડપી બને છે.ચરમી (Blight) નો રોગ બટાટામાં જોવા મળે છે. જેમાં છોડના પાંદડા કાળા પડી સુકાઈ જવાના રોગ સામે ૧૫ દિવસ જૂની ખાટી છાશ ૧૫ લીટરના પંપમાં ૫૦૦ મિલી અથવા તામ્રયુક્ત છાશનો છંટકાવ કરવો. ચૂસિયા જીવાત, લીલા તડતડિયા/મોલો તેના બચાવ માટે નીમાસ્ત્ર અથવા અગ્નિઆસ્ત્રનો છંટકાવ કરવો.બટાટાનો પાક ૯૦ થી ૧૧૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. પ્રાકૃતિક પદ્ધતિથી એકર દીઠ સરેરાશ ૧૦૦ થી ૧૫૦ ક્વિન્ટલ બટાટાનું ઉત્પાદન મળે છે. કેમિકલ ફ્રી પ્રાકૃતિક બટાટાની શહેરી વિસ્તારો અને ઓર્ગેનિક માર્કેટમાં ભારે માંગ હોય છે, જેથી સામાન્ય બટાટા કરતા ૨૫% થી ૩૦% વધુ ભાવ મળે છે. ઓક્ટોબર મહિનામાં મધ્યભાગથી અંત ભાગ દરમિયાન પ્રાકૃતિક પદ્ધતિથી બટાટાનું વાવેતર કરી ખેડૂતો રાસાયણિક ખાતરોના ખર્ચમાંથી મુક્તિ મેળવી શકે છે અને દેશી ગાય આધારિત જીવામૃત અને બીજામૃત નો ઉપયોગ કરીને સ્વસ્થ ઉત્પાદન મેળવી શકાય છે અને બમણી આવક મેળવી શકે છે.

# નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૬માં માલસામાનના લોડિંગમાં ૪૬.૫%નો વધારો નોંધાયો

(એજન્સી) માલિગાંવ | તા.13

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે (NFR) એ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન માલસામાનના પરિવહનમાં પ્રભાવશાળી કામગીરી કરી છે. રેલવેએ કુલ ૧.૧૩૪ મિલિયન ટન (MT) માલસામાનનું લોડિંગ કર્યું હતું, જે સપ્ટેમ્બર ૨૦૨૫માં નોંધાયેલા ૦.૭૭૪ MTની સરખામણીમાં ૪૬.૫%નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ના સમયગાળા માટે કુલ માલસામાન લોડિંગ ૬.૨૨૬ MT સુધી પહોંચ્યું હતું, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળા દરમિયાન નોંધાયેલા ૫.૫૫૭ MT કરતાં ૧૨% વધારે છે.સપ્ટેમ્બર મહિનામાં થયેલો આ વધારો વિવિધ મુખ્ય ચીજવસ્તુઓની મજબૂત કામગીરીને આભારી છે. અનાજના લોડિંગમાં સપ્ટેમ્બર ૨૦૨૫ની સરખામણીમાં ૬૧૦%નો જંગી ઉછાળો જોવા મળ્યો અને તે ૦.૦૭૧ MT સુધી પહોંચ્યું. ફળો, શાકભાજી અને લાકડા જેવી પરચુરણ વસ્તુઓના લોડિંગમાં ૧૫૭%થી વધુનો વધારો નોંધાયો હતો, જ્યારે સિમેન્ટ અને ખાતરના લોડિંગમાં અનુક્રમે ૨૯૫% અને ૨૦૦%નો પ્રભાવશાળી વધારો જોવા મળ્યો હતો. ડોલોમાઈટના લોડિંગમાં ૫૨% અને કન્ટેનર પરિવહનમાં ૧૭.૬%નો વધારો થયો હતો.આ



હકારાત્મક વલણ એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૬ના સમયગાળાની એકંદર કામગીરીમાં પણ જોવા મળ્યું હતું. સિમેન્ટ લોડિંગમાં ૧૮૧%નો નોંધપાત્ર વધારો થયો હતો, જ્યારે ડોલોમાઈટ લોડિંગમાં ૩૬.૭%નો વધારો થયો હતો. અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં કોલસા અને કન્ટેનર પરિવહનમાં પણ અનુક્રમે ૮.૨% અને ૯.૬%નો વૃદ્ધિ દર નોંધાયો હતો. આ સતત વૃદ્ધિ NFRના એ પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે જેનો ઉદ્દેશ્ય કાર્યકારી કાર્યક્ષમતા વધારીને, માલસામાનના ગ્રાહકો સાથે સંકલન સુધારીને અને આવશ્યક ચીજવસ્તુઓના સરળ પરિવહનને સુનિશ્ચિત કરીને માલસામાનની કામગીરીને મજબૂત બનાવવાનો છે. રેલવે તેના માલસામાનના આધારને વિસ્તારવા, પ્રદેશની બદલાતી લોજિસ્ટિક્સ જરૂરિયાતોને પૂરી કરવા અને વિશ્વસનીય, કાર્યક્ષમ તથા ગ્રાહક-કેન્દ્રિત માલસામાન સેવાઓ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સેવાની શ્રેષ્ઠતા અને કાર્યકારી કામગીરી પર સતત ભાર મૂકીને, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવે પ્રાદેશિક આર્થિક પ્રવૃત્તિઓને સમર્થન આપવા તેમજ ઉત્તર-પૂર્વ અને તેની બહાર રેલ-આધારિત લોજિસ્ટિક્સને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વદેશી મેળા ૨૦૨૬ નું આયોજન તા.૨૨ ઓક્ટોબરથી ૦૨ નવેમ્બર સુધી જૂનાગઢ શહેરમાં કરવામાં આવશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ.આર. વાળાના અધ્યક્ષ સ્થાને સ્વદેશી મેળા વર્ષ ૨૦૨૬ ના પૂર્વ આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઇ હતી. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન, ગાંધીનગર દ્વારા વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા "મેક ઈન ઈન્ડિયા", "આત્મનિર્ભર ભારત" અંતર્ગત તમામ ભારતીયો સ્વદેશી વસ્તુઓનો વપરાશ કરે તે હેતુથી હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન અમલમાં મુકવામાં આવ્યું છે. જે મુજબ મહાનગરપાલિકા તંત્ર જૂનાગઢ દ્વારા આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખતા "સ્વદેશી મેળા" યોજવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે. જે અન્વયે મહાનગર પાલિકા, જૂનાગઢ કક્ષાએ સ્વદેશી મેળા - ૨૦૨૬ નું આયોજન તા.૨૨/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૧૧/૨૦૨૬ સુધી એ.જી. સ્કુલ ગ્રાઉન્ડ, સમય સવારે ૧૧:૦૦ થી રાત્રીના ૧૦:૦૦ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્વ સહાય જૂથના બહેનો દ્વારા હસ્તકલાની વિવિધ ચીજ વસ્તુઓ જેમ કે તોરણ, ટોડલીયા, દીવા, દિવાળી ડેકોરેશન પ્રોડકટસ, પંચગવ્યમાંથી બનેલી ચીજવસ્તુઓ, પ્રાકૃતિક ખેતપેદાશને લગત સ્ટોલ, મડ વર્ક, રેઈસીન આર્ટ, લોકલ કારીગરોના સ્ટોલ, બાળકો માટે ગેમઝોનની વ્યસ્થા, ફૂડ કોર્ટ, રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમો, આંગણવાડી સ્ટોલ, મેડીકલ ટીમ, સેનિટેશન વિભાગ દ્વારા કચરાના સેગ્રીગેશન માટેનો જન જાગૃતિ સ્ટોલ વગેરેનું આયોજન કરવામાં આવશે. તેમજ પર્યાવરણ બચાઓના સંદેશ સાથેનો પ્લાસ્ટિક યુઝ એ થીમ સાથે સમગ્ર સ્વદેશી મેળાના કાર્યક્રમનું આયોજન થયું છે. તેથી કાર્યક્રમમાં કોઈપણ વ્યક્તિ પ્લાસ્ટિક સાથે પ્રવેશ કરી શકશે નહીં. કાર્યક્રમના પૂર્વ આયોજનના ભાગરૂપે પાર્કિંગ વ્યવસ્થા, સાફ સફાઇ, પીવાનું પાણી, ફર્સ્ટ એઈડ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા, મંડપ, સ્ટેજ લે આઉટ, મોબાઈલ શૌચાલયની વ્યવસ્થા, પ્રચાર પ્રસાર માટેના હોર્ડિંગ્સ બેનર્સ ઈન્વિટેશન કાર્ડસ વગેરે સુચારું સંચાલન અને આયોજન માટે સમગ્ર સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સંલગ્ન વિભાગના અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા.

# નાગરિકોની રજૂઆતોને વાચા: દાંતામાં મંત્રીશ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં સફળ જનસુનાવણી

## વહીવટી તંત્રની પારદર્શિતા: રાહતના પ્લોટની સનદ મળતા લાભાર્થીએ માન્યો સરકારનો આભાર



માહિતી બ્યુરો, બનાસકાંઠા | દાંતા પ્રાંત કચેરી ખાતે કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જનસુનાવણી યોજાઈ હતી. આ દરમિયાન મંત્રીશ્રીએ ઉપસ્થિત નાગરિકોની રજૂઆતો સાંભળી તેમની સમસ્યાઓ અને પ્રશ્નો અંગે જાણકારી મેળવી હતી. જનસુનાવણીનો મુખ્ય હેતુ નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તેમજ તેમની રજૂઆતોને યોગ્ય સ્તરે પહોંચાડી સમયસર ઉકેલ સુનિશ્ચિત કરવાનો રહ્યો હતો. આ પ્રસંગે નાગરિકો અને વહીવટી તંત્ર વચ્ચે સીધો સંવાદ સ્થાપિત કરી લોકોની સમસ્યાઓના નિરાકરણ માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો.જનસુનાવણી દરમિયાન મંત્રીશ્રીએ નાગરિકોની રજૂઆતો અંગે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા માર્ગદર્શન આપ્યું હતું. નાગરિકોની રજૂઆતોને ગંભીરતાથી લઈ નિયમોનુસાર અને સમયમર્યાદામાં યોગ્ય ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. જનસુનાવણી વખતે બોધણી ગામના રહેવાસીશ્રી રબારી વિહાભાઈ અણદાભાઈએ જણાવ્યું હતું કે, મેં રાહતના પ્લોટ માટે અરજી કરી હતી. કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા મને પ્લોટની સનદ આપવામાં આવી છે. આ બદલ હું રાજ્ય સરકારશ્રી અને મંત્રીશ્રીનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. જનસુનાવણીના માધ્યમથી નાગરિકોની રજૂઆતો સાંભળી તેમના પ્રશ્નોના નિરાકરણ માટે વહીવટી તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# જૂનાગઢ ખાતે SGFI રાજ્યકક્ષાની ગ્રીકો- રોમન કુસ્તી સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ: રાજ્યભરમાંથી ૩૬૫થી વધુ ખેલાડીઓએ લીધો ઉત્સાહભેર ભાગ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા SGFI રાજ્યકક્ષાની ગ્રીકો-રોમન કુસ્તી સ્પર્ધાનું આયોજનના રોજ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યના ૩૨ જિલ્લાઓમાંથી આશરે ૩૬૫ જેટલા ખેલાડી ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ સ્પર્ધાના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડના સદસ્યશ્રી નીલેશભાઈ સોનારા, ડૉ. પ્રકાશભાઈ હાથી, આચાર્યશ્રી સિસ્ટર ક્લેરા તેમજ કુસ્તી એસો. ટેકનિકલ ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા એ ખેલાડીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, રમતગમત વ્યક્તિમાં શિસ્ત, આત્મવિશ્વાસ, સંઘભાવના અને સંઘર્ષ કરવાની શક્તિ વિકસાવે છે. રાજ્યકક્ષાની આવી સ્પર્ધાઓ યુવા ખેલાડીઓને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે. તેમણે તમામ ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા તથા ભવિષ્યમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરવા બદલ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ખેલાડીઓ વચ્ચે યોજાતી આ સ્પર્ધા યુવા કુસ્તીબાજોની રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન આપવા તથા ભવિષ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ તૈયાર કરવા માટે મહત્વપૂર્ણ બની રહેશે. સમગ્ર સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા કુસ્તી એસો. ટેકનિકલ ટીમના સહયોગથી સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું એમ મનીષકુમાર જીલડીયા, જિલ્લા રમત ગમત અધિકારીની યાદી જણાવેલ છે.

# ધી લિબર્ટી હાઈસ્કૂલ ખારોલ ખાતે કોઠંબા તાલુકા કક્ષાના "કલા મહાકુંભ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું



જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત સરકારના જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી વિભાગ દ્વારા આયોજિત કોઠંબા તાલુકા કક્ષાના 'કલા મહાકુંભ' નું ભવ્ય આયોજન ધી લિબર્ટી હાઈસ્કૂલ, ખારોલ મુકામે કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક મહોત્સવમાં તાલુકાભરની વિવિધ શાળાઓમાંથી મોટી સંખ્યામાં કલાકારો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં થાણાસાવલી પગાર કેન્દ્ર શાળાના શિક્ષક અને વિદ્યાર્થીઓએ પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી સમગ્ર શાળા પરિવારનું નામ રોશન કર્યું છે.તાલુકા કક્ષાની આ મહોત્સવ સ્પર્ધા અંતર્ગત ૨૧ થી ૬૦ વર્ષની વયજૂથ (Open Age Category) ની ભજન સ્પર્ધામાં થાણાસાવલી પગારકેન્દ્ર શાળાના સંગીત પ્રેમી શિક્ષકશ્રી નિરવકુમાર કનૈયાલાલ પંચાલે ભાગ લીધો હતો. તેમણે પોતાના મધુર, રણકતા અને ભાવવાહી ગાયનથી પરંપરાગત ભજન રજૂ કરીને ઉપસ્થિત નિર્ણાયકો તેમજ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમના

### કોઠંબા તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં થાણાસાવલી પગાર કેન્દ્ર શાળાના શિક્ષક નિરવકુમાર પંચાલ ભજન સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા

આ અદ્ભુત પ્રદર્શન બદલ નિર્ણાયકો દ્વારા તેમને સમગ્ર તાલુકામાં દ્વિતીય ક્રમાંક (બીજું સ્થાન) માટે પસંદ કરવામાં આવ્યા હતા.પોતાની આ સફળતા સાથે સાથે શિક્ષકશ્રી નિરવકુમાર કનૈયાલાલ પંચાલે એક આદર્શ શિક્ષક તરીકેની ફરજ નિભાવીને શાળાના બાળકોને પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તરફ પ્રોત્સાહિત કર્યા હતા. તેમના યોગ્ય અને નિપુણ માર્ગદર્શન હેઠળ શાળાના ૧૦ બાળ કલાકારોએ કલા મહાકુંભની અલગ-અલગ ત્રણ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈને પોતાની કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. શિક્ષકશ્રી નિરવકુમાર કનૈયાલાલ પંચાલની આ વિશેષ સિદ્ધિ તેમજ બાળકોના પ્રોત્સાહક ભાગીદારી બદલ સમગ્ર કોઠંબા તાલુકામાં થાણાસાવલી પગારકેન્દ્ર શાળા પરિવારનું ગૌરવ સ્થાન પ્રાપ્ત થયું છે. જે બદલ શાળા પરિવાર, વાલીગણ, સ્થાનિક ગ્રામજનો તથા સમગ્ર શિક્ષક આલમ તરફથી નિરવકુમાર પંચાલ અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ અને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જાફરાબાદ SBI બેંકનું બેંક પાસબુકમાં એન્ટ્રી પાડવાનું મશીન બન્યું શોભાના ગાંઠીયા સમાન

**બે મશીનો હોવા છતાં પણ બંધ હાલતમાં બેંકની શોભા વધારી રહ્યા છે**



રિપોર્ટર કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ખાતે આવેલ એસબીઆઈ બેંક નું બેંક પાસબુક ના મશીનો બે. બે. હોવા છતાં પણ બંધ હાલતમાં અમુક સમયે એન્ટ્રી પરણવાનું મશીન ચાલું હોય પરંતુ પાસબુક માં એન્ટ્રી પડતી નથી મશીન માં ખામી હોય પરંતુ જવાબદાર આ બાબતે ગ્રાહકો ને પડતી હાલાકી ની ગંભીરતા લેવામાં આવતી નથી આ એસબીઆઈ બેંકમાં આવતા ગ્રામ્ય લોકો તથા શહેરી લોકો આ એન્ટ્રી મશીન સુધી જાય છે. અને પાસબુક એન્ટ્રી મશીન માં નાખે એટલે એરો આવી જતા હોય તથા અમુક સમયે સંપૂર્ણ બંધ હાલતમાં હોય છે. નાગરિકો ના છુટકે ૫ થી ૧૦ રૂપિયા ખર્ચીને બેંક પાસબુક માં એન્ટ્રી પાડવા ગ્રાહકો મજબૂર બન્યા છે. પરંતુ જવાબદાર અધિકારી ગ્રાહકો ને સારી એવી સુવિધા દેવામાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. બેંક પાસબુક માં એન્ટ્રી પાડવા માટે બે મશીન હોવા છતાં એકપણ એન્ટ્રી મશીન ચાલુ હોવા છતાં બંધ હાલતમાં હોય તેવું જોવા મળી રહ્યું છે. પરંતુ ગ્રાહકો દુર દુર સુધી ગ્રામ્ય વિસ્તારોમાં થી પોતાના રોજિંદા કામકાજ મુકીને વાહનોમાં ટીકીટ ખર્ચ કરી આ એસ.બી.આઈ બેંકમાં કામકાજ પતાવી બેંક પાસબુક માં એન્ટ્રી મશીનમાં એન્ટ્રી પાડવા જાય ત્યારે ગ્રાહકો ને ખબર પડે કે અહીં સુધી નો ફેરો ફોગટ ગયો ગ્રાહકો ને પડતી હાલાકી બાબતે એસબીઆઈ બેંક મેનેજરે ઘટતી કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. અને તાત્કાલિક ધોરણે શોભા ના ગાંઠીયા સમાન એન્ટ્રી મશીનો નું રિપેરિંગ કરી એસબીઆઈ બેંક ના ગ્રાહકોને પડતી હાલાકી દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# જૂનાગઢમાં આઠમા યુવક મહોત્સવમાં બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજના ચાર વિદ્યાર્થીઓ વિજેતા બન્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢમાં સ્થિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજિત આઠમાં યુવક મહોત્સવ 'કલા ઉત્સવ-૨૦૨૬' યોજાયો હતો. આ યુવક મહોત્સવમાં બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજ, જૂનાગઢ દ્વારા વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીઓમાં કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ નંબર બારસીયા વિશ્વા, કલે મોડેલિંગમાં પ્રથમ નંબર કરમુર ઈશા, લઘુ નાટકમાં પ્રથમ નંબર, શાસ્ત્રીય સ્વર વાદ્યમાં દ્વિતીય નંબર વ્યાસ કલ્યાણી, વક્તૃત્વ સ્પર્ધા દ્વિતીય નંબર બારસિયા વિશ્વા, દુહા છંદ સ્પર્ધામાં દ્વિતીય નંબર નાકરાણી ગીગાભાઈ, કાર્ટૂનિંગ સ્પર્ધામાં તૃતીય નંબર કરમુર ઈશા, મુક અભિનયમાં તૃતીય નંબર, એકાંકી સ્પર્ધામાં તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. આ યુવક મહોત્સવમાં તમામ વિભાગમાં નંબરો પ્રાપ્ત કરીને કૉલેજનું પ્રદર્શન સારું રહ્યું હતું. સારા પ્રદર્શનના કારણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં સેકન્ડ રનર્સઅપની ટ્રોફી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવી હતી. કૉલેજની આ સફળતા માટે સમગ્ર ટીમ વતી આચાર્યશ્રી ડૉ.જે.આર.વાંઝા, ડૉ. પી.વી.બારસીયા, ડૉ.આલોક વાઘેલા, ડૉ.જી.એચ.જાની, શ્રી ક્ષિતિબેન વૈષ્ણવ, શ્રી જાન્વીબેન સાકરીયા ને બિરદાવવામાં આવ્યા હતા. તેમણે આ તકે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્બોધન આપ્યું હતું. તેમ બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું સફળ આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા નોકરી દાતાઓ તથા રોજગારવાચ્છું વચ્ચે સેતુરૂપ બનવાના આશ્રયથી ઔદ્યોગિક ભરતીમેળા નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ભરતીમેળામાં જૂનાગઢ જિલ્લાના ૧૦૦૦ થી વધુ ઉમેદવારોને ઈ-મેઈલ અને સોશિયલ મિડિયાના જુદા-જુદા માધ્યમથી ઈન્ટરવ્યું પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૪૯ થી વધુ ઉમેદવારો હાજર રહયા હતા. જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ ખાતે યોજાયેલ આ ભરતીમેળામાં નોકરીદાતાશ્રીઓ દ્વારા તેમની સંસ્થા ખાતે ખાલી રહેલ જગ્યા તેમજ સંસ્થા સાથે જોડાઇ પોતાની કારકિર્દી શરૂ કરવા આહવાન કરેલુ હતુ જેમા ઇંડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની, જૂનાગઢ બ્રાંચ, લેમન ટ્રી હોટેલ, ગેલેક્સી માર્કેટીંગ(ટાઇટન શો રૂમ) ,તથા બ્રાઈટ માર્કેટીંગ(જોકિ શો-રૂમ) આ નોકરીદાતાઓ દ્વારા ઉમેદવારો માટે ઈન્ટરવ્યું પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત પૈકી ૨૭ ઉમેદવારો ના શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, અનુભવ તથા આવડતના આધારે રોજગાર વાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી, અને તેમને ફરી બીજા રાઉન્ડ માટે બોલાવવામાં આવશે. તદઉપરાંત રોજગાર કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર દ્વારા રોજગારવાંચ્છુ ઉમેદવારોને મોટીવેશન આપી કારકિર્દી માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

# નવરાત્રિના વ્રતનો આનંદ

નવરાત્રિ ના નવ દિવસ એ આનંદ ઉત્સાહ અને ઉમંગ સાથે માઁ ભગવતી જગદંબા ની આરાધના અને ઉપાસના ના પવિત્ર દિવસો છે.ગુજરાત સહિત ભારતના મોટાભાગ ના રાજ્યો માં શ્રાવણ માસ માં જેમ ભગવાન ભોળાનાથ ની પૂજા અર્ચના સાથે ઉપવાસ એકટાણા થાય છે એમજ નવરાત્રિ ના નવ દિવસ નોરતા નું વ્રત કરવામાં આવતું હોય છે.નોરતાના નવ દિવસ માં નકોરડા(માત્ર ચા,પાણી,દૂધ,છાશ,શરબત પી ને)ઉપવાસ, એકટાણા (એક ટાઈમ જમીને) ઉપવાસ અને ફરાળ કરીને ઉપવાસ નો નિયમ લેવામાં આવતો હોય આવે છે.મોટાભાગ ના પરિવારો માં નોરતા નું વ્રત ફરાળી ઉપવાસ નો નિયમ લઈને થતો હોય છે. શ્રાવણ માસ માં ભોલેબાબા ના વ્રત કરતા માઁ જગદંબા ના વ્રત નો નિયમ આકરો માનવામાં આવે છે,કેમ?એકવાર નિયમ લીધા બાદ એ કર બની જતા લાઈફ ટાઈમ કરવા પડે છે.આખરે માઁ એ માઁ એ જન્મદાત્રી ની માફક એને જે વચન આપો એ પાળવું પડે ના પાળો તો માતાજી પણ હઠ કરશે જ.આપણા પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી માતૃભકત અને માઁ ભગવતી જગદંબા ના પરમ ઉપાસક છે એ દર વર્ષે નોરતા ના નકોરડા ઉપવાસ કરે છે.પ્રધાન મંત્રી ના પદ પર બેઠા હોવાથી નવરાત્રિ માં પણ દેશ વિદેશ માં ફરવું પડતું હોય છે છતાંય એ વ્રત ના નિયમ નું પાલન અને જપ સાધના માં નાનકડી પણ ત્રુટિ ન પડે એનું વિશેષ ધ્યાન રાખતા હોય છે.માતૃભકત એવા કે જ્યાં સુધી એના માતાજી હયાત હતા ત્યાં સુધી એને મળવા ગુજરાત આવ્યા કરતા હતા.આપણા ને એ દેખાડો લાગતો હતો પણ પ્રધાનમંત્રી નું પદ એવું છે ને કે આ પદ માં બેઠેલ વ્યક્તિ ના જીવન માં રજા અને પર્સનલ લાઈફ ની બાદબાકી થઈ જતી હોય છે.૧૪૮ કરોડ દેશવાસી ની સેવા કરવી જેવી તેવી વાત નથી દુશ્મન કોઈપણ હોય દેશ ની અંદર નો કે બહારનો એની સામે લડવા ચોવીસ કલાક સજાગ રહેવું પડતું હોય છે.મોદીજી ના જીવન ની પ્રત્યેક લડાઈ માં મળતી સફળતા પાછળ એના પરિશ્રમ થી પણ વધારે માતૃશક્તિ અને માઁ જગદંબાના આશીર્વાદ ભરપૂર છે.નિશસ્ત્ર ભક્ત ની લડાઈ માઁ આદ્ય શક્તિ જ લડતા હોય છે. નવરાત્રિ નો ત્રીજો દિવસ : સહાય કરો આરાસુર વાળી અંબિકા..

આજે નવરાત્રિ ના ચોથા નોરતા માં અસુરો સામે લડવા માઁ જગદંબા નું ચંદ્રઘંટા દેવી સ્વરૂપે પ્રાગટ્ય થયું હતું. માઁ ચંદ્રઘંટા ના કપાળે અર્ધકાર રૂપે ચંદ્ર શોભતો હોવાથી માતાજી ના આ સ્વરૂપ નું નામ "ચંદ્રઘંટા અથવા ચંદ્ર ઘટા" છે. માઁ જગદંબા ના બીજા નોરતા ના સ્વરૂપ માઁ બ્રહ્મચારિણી (માઁ પાર્વતીજી) ને પૂર્વ જન્મ નું દક્ષ પ્રજાપતિ ની કન્યા સતી ના લગ્ન ભગવાન શિવજી સાથે થયા બાદ એના પિતા એ કરેલ પતિ ભગવાન ભોળાનાથ ના અપમાન બાદ સ્વયં અગ્નિ પેદા કરી ને ભસ્મ ગયા ગયા હતા આ વૃતાંત નારદજી દ્વાર યાદ આવતા જ બાર વર્ષ ની ઉંમરે ગૃહ ત્યાગ કરી ને વન માં ઉગ્ર તપશ્ચર્યા



- રુપાલી દવે

કરી હતી.અન્ન પાણી અને હવા નો ત્યાગ કર્યો બાદ માઁ બ્રહ્મચારિણી દેવી એ પુન: ભગવાન સદાશિવ ને પતિ રૂપે પ્રાપ્ત કર્યા હતા.દેવલોક પર અસુરો ની તાકાત વધતા દેવો એકઠા થઈ ને ત્રાહિમામ પોકારતા માઁ પાર્વતીને સહાય કરવા માટે આજીજી કરતા ચંદ્રઘંટા સ્વરૂપ એ માતાજી એ નોરતા ના ત્રીજા દિવસે દેવો ની સહાય કરવા હેતુ યુદ્ધ મેદાન માં ઉતરી ને સશક્ત બળવાન અસુરો નો વધ કર્યો હતો. આપણા ને એવું લાગતું હોય છે કે નવ નોરતા એટલે નવ દિવસ પણ ધરા,દેવલોક,બ્રહ્મલોક અને વૈકુંઠલોક માં એક દિવસ નો હિસાબ અલગ અલગ છે.ધરા પર એક દિવસ ચોવીસ કલાક નો હોય છે જે દેવ લોકમાં બાર માસ બરોબર એક દિવસ થાય છે બ્રહ્મ લોક અને વૈકુંઠ લોક માં બાર વર્ષ બરાબર એક દિવસ ગણાય છે.ત્રીજા નોરતે માઁ ચંદ્રઘંટા એ દેવલોકના બાર વર્ષ બરાબર એક દિવસ ના સમય મુજબ અસુરો સાથે યુદ્ધ કર્યું હતું. ધરા માં કાલ ગણના ને ધ્યાન માં રાખીને કર્મકાંડ શાસ્ત્ર માં મનુષ્ય ના મૃત્યુ બાદ મૃતક ની વર્ષી એક વર્ષ બાદ કરવા નું પ્રયોજન આપેલ છે. યમ લોક માં મૃતક ની આખરી ક્રિયા વર્ષ બાદ જ સ્વીકાર્ય છે કેમકે ત્યાં બાર માસ પૂર્ણ થયા બાદ એક દિવસ પૂરો થયો ગણાય છે. આપણે માણસ એટલે સગવડતા અગવડતા અનુસાર મૃત્યુ બાદ શું?કોણે જોયું છે? તો સાચું ખોટું નક્કી કરવું આવું વિચારતા હોઈએ છીએ.

### નવરાત્રિ માં ફરાળ :

આમ તો વિવિધ વ્રતમાં ફળા આહાર નું સૂચન થયેલ છે પણ માણસ ના જીવનમાં જે રીતે કાયદા અને વાયદાઓ ની ઉંમર ટૂંકી થઈ જાય છે એમજ ફળા આહાર નું અપભ્રંશ થતા ફરાળ શબ્દ નું અસ્તિત્વ વધતા વ્રતો માં ફરાળ ની થાળી પણ રેસ્ટોરન્ટ માં સરળતા થી મળતી થઈ ગઈ છે. આશ્ચર્ય થયું? ના બિલકુલ આશ્ચર્ય કરવા જેવું નથી અમારા સૌરાષ્ટ્ર માં તો વર્ષો થી શિવરાત્રિ ના વ્રત માં ભોલેબાબા ને ફરાળ ની થાળી ધરાવવા માં આવે છે. બટાટા,સુરણ, રતાળુ,મોરિયો,સાબુદાણા, રાજગરા નો લોટ,શીંગદાણા વગેરે આઈટમ થી ફરાળી થાળી સ્વાદિષ્ટ બને છે.કેવી રીતે!

### રાજગરા નો લોટ:

વ્રત નેઉપવાસમાં રાજગરાના લોટની આદુ મરચા ની પેસ્ટ અને નમક વાળી ફરાળી પૂરી,શ્રીખંડ અને બટેટા નું ફરાળી શાક બસ આટલું મળી જાય ને તો દિવસ ધન્ય ધન્ય થઇ જાય.રાજગરા ની ધાણી ની ચિક્કી અને શિરો પણ વ્રત ઉપવાસ માં ફરાળી થાળી ની મીઠાઇ નું સ્થાન સમજો.

### મોરયો :

જ્યારે પ્રાચીન સમયમાં માં ચોખા ની ખેતી નહતી થતી ત્યારે મોરયો એ લોકો ના રૂટિન ભોજન નો હિસ્સો હતો. મોરિયો એ ખડ ધાન હોવાથી એ ફરાળી વસ્તુ માનવામાં આવે છે. મોરયા અને બટેટા ની ખીચડી કે પછી મોરયા ની ખીર મોઢાંમાં મૂકતા જ એના સ્વાદ માં ખોવાઈ જવાય છે.

### બટાટા :

ભલે અંગ્રેજો એ બટાટા ની એન્ટ્રી ભારત માં કરાવી હોય પણ અંગ્રેજો દેશ છોડી ને ભાગ્યા બાદ એમણે બટાટા ને ભારતીય લોકો ના ટેસ્ટ નો રાજા સ્થાપિત કરી દીધા છે. ફરાળની થાળી માં બટેટા ની સૂકી ભાજી,વિવિધ પ્રકાર ની ચિપ્સ વગેરે સ્વાદિષ્ટ આઈટમ જ હશે.

### સુરણ અને રતાળુ :

કંદ સુરણ અને રતાળુ સમારવું અઘરું છે કેમકે એમાં ચીપકેલી રજ સ્કિન પર ખુજલી લાવે છે છતાંય ઉપવાસી લોકો ની ફેવરિટ હોય છે.

રતાળુ ની ફરાળી પૂરી અને ચિપ્સનો ટેસ્ટ એટલો સરસ હોય ને કે મોટાભાગ લોકો ને ફેવરિટ હોય છે.સુરણ ના ફરાળી શાક સાથે કશુંજ ન ચાલે એ એટલું બધું ટેસ્ટી હોય છે કે દહીં સાથે સુરણ ની મજાજ અલગ હોય છે.

### સાબુદાણા :

સાબુદાણા એ બટેટા સાથે ભળે ત્યારે સોનામાં સુગંધ જેવું સમજો. સાબુદાણા અને બટેટા ની ફરાળી ખીચડી થી લઈને સાબુદાણા ના તળેલા ફરાળી ફરફરિયા અને ચકરી ના સ્વાદ નુ તો કેવું જ શું? ઓલ ટાઈમ ફેવરિટ સમજો.

### શીંગદાણા :

કોઈપણ ડ્રાયફ્રુટ એ શીંગદાણા ની જગ્યા લઈ શકે નહી કેમકે આ એક માત્ર એવું ડ્રાયફ્રુટ છે કે જેને અમીરી ગરીબી નડતી નથી.આમ પણ ફરાળી થાળી શીંગદાણા વગર અધૂરી તળેલા કે શેકેલા શીંગદાણા કે એની ચિક્કી ની મજાજ ખાસ હોય છે.

આપણા ને તો જો ફૂલ થાળી ની જગ્યા એ ફરાળી થાળી નું ઓપ્શન મળે તો એ જ પસંદ કરીએ.ખબર નહી પણ કેમ? ઘણીવાર લોકો વ્રતો પણ ફરાળ માટે જ વધારે કરતા હોય છે.ચેન્જ કોને ન ગમે?પછી ભલે ને રૂટિન ભોજન થી અલગ જ કેમ ન હોય? તો એ હાલો ત્યારે

માટલા ઉપર માટલું મહા મહિના નું માટલું,
એ ઢગલો પ્રેમ કરીશ તોય નહી બને રાણી..રાણી..



માતાની ચૌકીમાં ઉત્સાહથી ભજનો ગાયા, કહ્યું- '5 કલાકનો સમય એક ક્ષણ જેવો લાગ્યો'

# નવરાત્રિમાં તમન્ના ભાટિયા અને મૃણાલ ઠાકુર ભક્તિમાં લીન...!

(એજન્સી) મુંબઈ | તા.13

એક્ટ્રેસ તમન્ના ભાટિયાએ નવરાત્રિ નિમિત્તે માતાની ચોકીમાં ભાગ લીધો. પોતાની એક મિત્રના ઘરે આયોજિત આ ધાર્મિક કાર્યક્રમમાં તેની સાથે એક્ટ્રેસ મૃણાલ ઠાકુર પણ હાજર હતી.

તમન્નાએ સોશિયલ મીડિયા પર આ કાર્યક્રમની તસવીરો અને વીડિયો શેર કર્યા છે, જેમાં તે મૃણાલ ઠાકુર સાથે ભજન ગાતી અને આરતીમાં સામેલ થતી જોવા મળી રહી છે. તમન્નાએ એક ભાવુક નોંધ શેર કરીને જણાવ્યું કે, સતત 5 કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમમાં તેને શાંતિ અને આધ્યાત્મિક અનુભવ મળ્યો.

તમન્ના ભાટિયાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર માતાની ચૌકીની ઘણી ઝલકીઓ પોસ્ટ કરી છે. વીડિયોમાં મહેમાનો ભજનો પર ઝૂમતા અને આરતી કરતા જોવા મળી રહ્યા છે. આમાંથી એક વીડિયોમાં તમન્ના પોતાની કૉ-એક્ટ્રેસ મૃણાલ ઠાકુર સાથે બેસીને દેવી માતાના ભજનો ગાતી જોવા મળી રહી છે. તમન્નાએ આ ધાર્મિક અનુષ્ઠાનમાં સામેલ થવાની તક માટે આભાર વ્યક્ત કર્યો અને પોતાની આધ્યાત્મિક યાત્રા વિશે વાત કરી.

કાર્યક્રમના અનુભવ વિશે જણાવતાં તમન્નાએ લખ્યું કે, 'ભજનોની ગુંજ અને માતા રાનીની કથાઓ દ્વારા મને એવું લાગ્યું જાણે હું વૈષ્ણો દેવીની યાત્રા કરી રહી હોઉં.'

તેણે લખ્યું કે, 'રૂમમાં ઉઠતી સંગીતની તરંગો અને ભક્તિમય વાતાવ-રણ વચ્ચે વ્યક્તિ અંદરથી શાંત થઈ જાય છે. સંગીત, પ્રાર્થના અને સમર્પણના એ 5 કલાક મને એક જ ક્ષણ જેવા લાગ્યા.'

તમન્ના ભાટિયા છેલ્લા કેટલાક સમયથી સતત પોતાની આધ્યાત્મિક યાત્રાને લઈને ચર્ચામાં રહી છે. ભારતીય પૌરાણિક કથાઓ પર આધારિત ફેન્ટસી ડ્રામા ફિલ્મ 'ધ વન'ના શૂટિંગ બાદથી જ તેનો ઝુકાવ ધાર્મિક પરંપરાઓ તરફ વધ્યો છે.

છઠી મૈયા ગીતના શૂટિંગ દરમિયાન તે ભાવુક થઈ ગઈ હતી. તેણે કહ્યું, 'જ્યારે મેં પહેલી વાર વિશાલ મિશ્રાના અવાજમાં આ ગીત સાંભળ્યું, ત્યારે લાગ્યું કે આ દરેક ભક્તની આંતરિક લાગણી છે.'

તમન્નાએ આગળ કહ્યું, 'શૂટિંગ દરમિયાન જ્યારે હું સૂર્યદેવને અર્ઘ્ય આપવાની વિધિ કરી રહી હતી, ત્યારે મને એક બહુ મોટી વાત સમજાઈ- જેનો અસ્ત થાય છે, તેનો ઉદય પણ નિશ્ચિત છે.' 'આપણે જીવનમાં ઘણી વાર ઉતાર-ચઢાવ જોઈને નિરાશ થઈ જઈએ છીએ, પરંતુ છઠ મહાપર્વ આપણને શીખવે છે કે ડૂબતા સૂરજ પછી ઉગતો સૂરજ ચોક્કસ આવે છે. આ ગીતે મને કૃતજ્ઞતાની ઊંડી લાગણીનો અનુભવ કરાવ્યો.'

**4 વર્ષ પહેલાં શરૂ થઈ આધ્યાત્મિક સફર :** વાતચીત દરમિયાન તમન્નાએ આગળ કહ્યું કે, 'લગભગ ચાર વર્ષ પહેલાં જ્યારે હું મારા ગુરુને મળી, ત્યારે મારી સાચી આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ. મને લાગે છે કે જો આ ફિલ્મ મને ચાર વર્ષ પહેલાં ઓફર થઈ હોત, તો કદાચ હું તેને એ રીતે ન કરી શકી હોત.' 'કારણ કે ભક્તિ એક એવો ભાવ છે, જેમાં તમે કોઈ બનાવટ કે ખોટી એક્ટિંગ કરી શકતા નથી. જો તમારા અંતરમાં એ ભાવ સાચો ન હોય, તો દર્શકો તરત જ પકડી લે છે. પટનામાં એક વિદ્યાર્થીએ મને કહ્યું હતું કે તમે આ ગીત એટલા માટે કરી શક્યાં, કારણ કે ઉપરવાળાએ તમને આ માટે પસંદ કર્યા છે.'

## ગુજરાતી ફિલ્મ 'લાલો'ના મેકર્સની નવી મૂવીની જાહેરાત

# આવતા વર્ષે 11 નવેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે



અમદાવાદ | ફિલ્મ 'લાલો' 100 કરોડની કમાણી કરનાર પહેલી ગુજરાતી ફિલ્મ છે. ફિલ્મના મેકર્સે 'લાલો' બાદ હવે નવી ફિલ્મની જાહેરાત કરી છે. આ ફિલ્મને ફરી એક વાર ડિરેક્ટર અંકિત સખિયા જ ડિરેક્ટ કરશે. મેકર્સના જણાવ્યા પ્રમાણે, ફિલ્મ ગુજરાતની પવિત્ર ધરતી, સમૃદ્ધ સંસ્કૃતિ ને લાગણીઓ સાથે જોડાયેલી હશે. આ ફિલ્મની વાર્તા આજ પહેલા ક્યારેય ગુજરાતી સિનેમામાં બતાવવામાં આવી ના હોય તે રીતની છે. હાલમાં આ ફિલ્મનું નામ ટેમ્પરરી 'પ્રોડક્શન નંબર 2' આપવામાં આવ્યું છે. આ સાથે જ ફિલ્મ આવતા વર્ષે 11 નવેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે. ફિલ્મના કલાકારો અંગે હજી સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી. મેકર્સે ફિલ્મ અનાઉન્સમેન્ટના વીડિયો સાથે 'જય ગિરનારી' ને 'એક નવી સફર.. એક નવી કહાની....એક નવો ઈતિહાસ...'ની ટેગલાઈન આપવામાં આવી છે. પોસ્ટર અને બેકગ્રાઉન્ડ મ્યૂઝિકથી લાગી રહ્યું છે કે ગુજરાતની ધરતી માટે અમર થયેલા યૌદ્ધાની સ્ટોરી જોવા મળી શકે છે. પોસ્ટરમાં દેખાતા પાળિયા એ વાતનું પ્રમાણ આપે છે કે ફિલ્મ ગુજરાતની ઐતિહાસિક અમરકથાની વાર્તા રજૂ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે આવતા વર્ષે 11 નવેમ્બરે સોની પિક્ચર્સ ને ડિરેક્ટર રિડલી સ્કોટના ડિરેક્શનમાં બનેલી મેગા બજેટ હોલિવૂડ ફિલ્મ 'ટ્રેઝર આઈલેન્ડ' રિલીઝ થવાની છે.

50 લાખના બજેટમાં બનેલી 'લાલો'એ 100 કરોડની કમાણી કરી માત્ર 50 લાખના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો હતો.ફિલ્મ રિલીઝ થઈ ત્યારે ખાસ હિટ રહી નહોતી ને દિવસે દિવસે સ્ક્રીનિંગ શો પણ ઘટી રહ્યા હતા, પરંતુ ફિલ્મની ટીમે નહાર ના માની ને લોકોની વચ્ચે જઈને ફિલ્મનું પ્રમોશન કર્યું. ત્યારબાદ જે થયું તે ચમત્કારથી ઓછું નહોતું.

# ₹9.56 લાખની ચણિયાચોળીમાં ઈશા અંબાણીનો રોયલ ઠાઠ

## 10 કારીગરોનો 2000 કલાકનો પરિશ્રમ



(એજન્સી) મુંબઈ | તા.13

અંબાણી પરિવારે નવરાત્રિની પૂર્વ સંધ્યાએ 'દેવી શક્તિ' ઉત્સવનું આયોજ કર્યું હતું. સ્વદેશ ઈરોસને એક વર્ષ પૂરું થવાના અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં બોલિવૂડ સેલિબ્રિટીઝનો જમાવડો હતો, પરંતુ જો સૌથી વધુ કોઈએ ધ્યાન આકર્ષિત કર્યું હોય તો તે અંબાણી પરિવાની લાડકવાયી દીકરી ઈશા અંબાણી હતાં. ઈશા અંબાણીએ ઝરદોજી અને આભલાથી મઢેલી ચણિયાચોલી પહેરી હતી. 90 દિવસે તૈયાર થયેલી આ ચણિયાચોલીની કિંમત 9.56 લાખ છે.

અત્યારના જમાનામાં જ્યાં એક તરફ લોકો મિનિમલિઝમ તરફ વળી રહ્યા છે, ત્યારે ઈશા અંબાણીએ તેના મેક્સિમલિઝમ આઉટફિટથી સૌના દિલ જીતી લીધા છે. તોરાણી બ્રાન્ડે સ્વદેશ સાથે મળીને આ ભવ્ય લુક તૈયાર કર્યો છે. 10 કારીગરોએ 90 દિવસથી પણ વધુ દિવસ પેઈન્ટિંગ અને અંદાજે 2,000 કલાકથી પણ વધુની અથાગ કારીગરી કરીને ચણિયાચોલીને એક માસ્ટરપીસ બનાવ્યો છે.

આઈવરી-બેજ રંગના શુદ્ધ સિલ્ક પર આંધ્રપ્રદેશની કલમકારી અને ઓડિશાનું પટ્ટચિત્ર દોરવામાં આવ્યાં. આ ચિત્રો પર ઝરદોઝી, સિક્વિન, ફ્રેન્ચ નોટ્સ, મોતી કામ, આભલાં, લટકણ અને ટાટલ્સનું કામ કરીને તેને જીવંત કરવામાં આવ્યા. ઘેરદાર ચણિયાની સાથે શર્ટ-સ્ટાઈલ ચોલીએ આ સમૃદ્ધ લેયર્ડ આઉટફિટના શોભામાં અભિવૃદ્ધિ કરી. જ્યારે ઈંટ જેવા લાલ રંગના દુપટ્ટાએ માટી અને ગરબાની અનુભૂતિ કરાવી.

રાસ-ગરબા અને કૃષ્ણ અભિન્ન છે. આ જ ભાવને દર્શાવવા માટે ઈશા અંબાણીની ચણિયાચોલીમાં રાધા-કૃષ્ણની રાસલીલા કંડારવામાં આવી. ચણિયાની દરેક કલીમાં રાધા-કૃષ્ણના પ્રેમ, રાસલીલા અને ભક્તિની ઝલક જોવા મળી. રાસલીલા ઉપરાંત ગરબાનો તાલ, દાંડિયાના અથડામણનો સાદ અને સાથે મળીને નૃત્ય કરવાના સમર્પણની વાતને આ ચણિયાચોલીમાં વણી લેવામાં આવી.

ઈશાએ આ રોયલ ચણિયાચોલી સાથે માતા નીતા અંબાણીના પર્સનલ કલેક્શનમાંથી સુંદર દાગીનાં પહેર્યાં હતાં. તેમણે બે લેયરવાળો નેકલેસ પહેર્યો હતો, જેમાં ઉપરના ભાગે ગોલ્ડન કુંદર અને બારીક વર્કવાળું પોલકી ચોકર અને નીચે ત્રિકોણાકાર બ્લુ-લીલા રંગના મીનાકારી અને જડતર કામવાળું સ્ટેટમેન્ટ હેગિંગ ચોકર હાર હતો.

આ આઉટફિટમાં મોરની ડિઝાઈનવાળી એમ્બ્રોઈડરી અને જડતરવાળા ઈયરકફે ચાર ચાંદ લગાવી દીધા. તેની સાથે નીચે મોતી અને ઝીણાં ઝુમખાં લટકતાં હતાં.

આ સાથે તેમણે મોરપંખ રંગની મીનાકારી અને સોનાના જાડા પાટલા પહેર્યાં. સાથે જ તેમણે કુંદન અને ડાયમન્ડવાળી સ્ટેટમેન્ટ રિંગ પણ પહેરી હતી.

## મોહનલાલ અજય દેવગનની 'દૃશ્યમ 3'ના ફેન બન્યા:કહ્યું- 'હું ખરેખર પ્રભાવિત છું'; ફિલ્મની કમાણી 489.74 કરોડ રૂપિયાને પાર

(એજન્સી) મુંબઈ | તા.13

સાઉથ સુપરસ્ટાર મોહનલાલે સોમવારે અજય દેવગનની ફિલ્મ 'દૃશ્યમ: ધ કન્ક્લૂઝન' એટલે કે 'દૃશ્યમ 3'ની પ્રશંસા કરી. તેમણે ફિલ્મની વાર્તા જોઈને કહ્યું કે, તેઓ તેનાથી ખૂબ પ્રભાવિત થયા છે.

ઉલ્લેખનીય છે કે, અજય દેવગનની 'દૃશ્યમ' અને 'દૃશ્યમ 2' મોહનલાલની મૂળ મલયાલમ ફિલ્મોની સત્તાવાર હિન્દી રીમેક હતી. જોકે, અજય દેવગનની 'દૃશ્યમ 3' મોહનલાલની મલયાલમ ફિલ્મની રીમેક નથી.



'દૃશ્યમ: ધ કન્ક્લૂઝન' બોક્સ ઑફિસ પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. ફિલ્મને લઈને દેશભરમાં ચર્ચા ચાલુ છે અને તેને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ફિલ્મ જોયા બાદ મોહનલાલે તેની ટીમ માટે ખાસ સંદેશ શેર કર્યો. તેમણે કહ્યું, "મેં 'દૃશ્યમ: ધ કન્ક્લૂઝન' જોઈ. જે રીતે તેમણે આ પસંદગીની વાર્તાને શાનદાર અંત સુધી પહોંચાડી, તેનાથી હું ખરેખર પ્રભાવિત થયો છું."

તેમણે આગળ કહ્યું, "અભિષેક પાઠક, કુમાર મંગત પાઠક, અજય દેવગન અને સમગ્ર કાસ્ટ-ક્રૂને ખૂબ સારું કામ કરવા બદલ અભિનંદન."

પ્રોડક્શન હાઉસ સ્ટાર સ્ટુડિયોઝ18એ મોહનલાલનો વીડિયો પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો. તેમણે લખ્યું, "તમારી પ્રશંસા માટે ખૂબ ખૂબ આભાર, મોહનલાલ સર."

ફિલ્મ 'દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન' બોક્સ ઑફિસ પર શાનદાર કમાણી કરી રહી છે. રિલીઝના 11મા દિવસે ફિલ્મે ભારતમાં 6.25 કરોડ રૂપિયા નેટ કમાણી કરી.

આ સાથે જ ભારતમાં ફિલ્મનું કુલ નેટ કલેક્શન 315.25 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 378.24 કરોડ રૂપિયા થઈ ગયું.

વળી, વિદેશોમાં 11મા દિવસે ફિલ્મે 2.50 કરોડ રૂપિયા કમાયા. આ સાથે વિદેશોમાં કુલ ગ્રોસ કમાણી 111.50 કરોડ રૂપિયા પર પહોંચી ગઈ. ફિલ્મનું વિશ્વભરમાં કુલ ગ્રોસ કલેક્શન હવે 489.74 કરોડ રૂપિયા થઈ ગયું છે.

## લંડન ફેશન વીકમાં ગુજરાતની માલધારી સમાજની દીકરી સોનલ દેસાઈના પરંપરાગત રબારી ભરતકામના વસ્ત્રોનો ફેશન શો યોજાયો

(એજન્સી) અમદાવાદ | તા.13

ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અને માલધારી સમાજની પરંપરાગત હસ્તકળા માટે એક ઐતિહાસિક ક્ષણ તાજેતરમાં લંડન ફેશન વીકમાં સર્જાઈ હતી. રાંધેજા ગાંધીનગરના માલધારી સમાજની દીકરી અને FLAPPER6 બ્રાન્ડના ફાઉન્ડર સોનલ દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલા પરંપરાગત રબારી ભરતકામ, હાથ ભરતકામ, જેકો મોતી ભરતકામથી તૈયાર કરવામાં આવેલા 25 જેટલાં વિવિધ અલગ-અલગ ડિઝાઈનર વસ્ત્રોના વિશેષ કલેક્શન - સમર 2027 "BECOMING"નો ફેશન શો 20 સપ્ટેમ્બર 2026 ના રોજ સેન્ટ્રલ લંડનમાં આવેલા ફેશન સ્કાઉટ પ્રોટીન સ્ટુડિઓ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય લંડન ફેશન વીકમાં યોજાયો હતો. તા 17 થી 21 સપ્ટેમ્બર 2026 દરમિયાન લંડન ફેશન વીકમાં યોજાયેલા ફેશન શોમાં સમગ્ર વિશ્વના ફેશન ડિઝાઈનરોએ ભાગ લીધો હતો. જેમાં FLAPPER6 ના ફાઉન્ડર સોનલ દેસાઈએ ભારતીય કારીગરી અને આધુનિક લક્ઝરી ફેશનનું સંયોજન રજૂ કર્યું હતું. તેમના કલેકશનમાં રબારી ભરતકામ, જૅકો મોતી વર્ક, હેન્ડ પેઈન્ટિંગ, વૂલ, લેધર અને ડિજિટલ પ્રિન્ટ જેવી ટેકનિકનો સમાવેશ થયો હતો. વૈશ્વિક ડિઝાઈનરો અને ફેશનપ્રેમીઓની હાજરી વચ્ચે આ ફેશન શોમાં માલધારી સમુદાયના સાંસ્કૃતિક વારસા, આકર્ષક કલર કોમ્બિનેશન અને પરંપરાગત હાથ-ભરતકામની અનોખી ભાત ધરાવતા વસ્ત્રોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.



# હોલીવૂડ એક્ટર આરજે મિટેએ આત્મહત્યા કરી : બાળપણથી સેલેબ્રલ પાલ્સીથી પીડાતો હતો; 'બ્રેકિંગ બેડ'માં વૉલ્ટર વ્હાઈટ જુનિયરનું પાત્ર ભજવ્યું હતું...



(એજન્સી) મુંબઈ | તા.13

પ્રખ્યાત અમેરિકન ટીવી સિરીઝ 'બ્રેકિંગ બેડ'માં વૉલ્ટર વ્હાઈટના દીકરાની ભૂમિકા ભજવનાર એક્ટર આરજે મિટેનું 34 વર્ષની ઉંમરે અવસાન થયું છે. અમેરિકન મનોરંજન વેબસાઈટ TMZ અનુસાર, એક્ટરે સોમવારે ટેક્સાસમાં આત્મહત્યા કરી.

આરજે મિટેને 14 વર્ષની ઉંમરે 'બ્રેકિંગ બેડ'ના પાઈલટ એપિસોડમાં કામ મળ્યું હતું. તેણે સિરીઝના 56 એપિસોડમાં વૉલ્ટર વ્હાઈટ જુનિયરની ભૂમિકા ભજવી હતી.

મિટેને સેરેબ્રલ પાલ્સી હતી, એટલે કે તેને બાળપણથી જ ચાલવા-ફરવામાં અને શરીરની ગતિવિધિઓને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડતી હતી. તેણે પોતાના અનુભવનો ઉપયોગ હૉલીવુડમાં દિવ્યાંગ કલાકારોના અધિકારો માટે અવાજ ઉઠાવવા માટે કર્યો હતો.

મિટેના પ્રતિનિધિએ કહ્યું, 'ઘણા દુઃખ સાથે અમે પ્રિય એક્ટર, સમાજસેવક અને દિવ્યાંગોના અધિકારોના ઉત્સાહી સમર્થક આરજે મિટેના દુઃખદ અવસાનની જાણકારી આપી રહ્યા છીએ.' પ્રતિનિધિએ વધુમાં કહ્યું, 'દુનિયાભરના મિત્રો અને પરિવારનું મનોરંજન કરવા ઉપરાંત, તેણે યુનાઈટેડ સેરેબ્રલ પાલ્સી અને શ્રાઈનર્સ ચિલ્ડ્રન્સના એમ્બેસેડર તરીકે પણ કામ કર્યું હતું.'

વિન્સ ગિલિગન દ્વારા બનાવવામાં આવેલી આ સીરિઝ માટે મિટેએ 13 વર્ષની ઉંમરે ઑડિશન આપ્યું હતું. તે 14 વર્ષનો હતો, જ્યારે તેણે તેના પાઈલટ એપિસોડનું શૂટિંગ કર્યું હતું.

'બ્રેકિંગ બેડ'એ પોતાના કલાકારોને દુનિયાભરમાં ઓળખ અપાવી. મિટેએ સીરિઝમાં બ્રાયન ક્રેન્સ્ટન અને અન્ના ગન સાથે કામ કર્યું. સીરિઝમાં બંનેએ તેમના ઑન-સ્ક્રીન માતા-પિતાની ભૂમિકા ભજવી હતી. મિટેએ બાદમાં 'ધ ઓક રૂમ', 'ધ ગાર્ડિયન્સ ઑફ જસ્ટિસ' અને 'ટ્રાયમ્ફ'માં પણ કામ કર્યું.

એક્ટરની છેલ્લી જાહેર હાજરી 'બ્રેકિંગ બેડ'ના સહ-કલાકાર લુઈસ મોનકાડા સાથે અલ્બુકર્કના 'બલૂન ફિએસ્ટા'માં હતી. 'બ્રેકિંગ બેડ'ના મુખ્ય એક્ટર બ્રાયન ક્રેન્સ્ટને મિટેના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે, થોડા અઠવાડિયા પહેલાં જ બંને લંચ પર મળવાની યોજના બનાવી રહ્યા હતા.

ક્રેન્સ્ટને લખ્યું, 'આજે રાત્રે આ લખતી વખતે હું ખૂબ જ દુઃખી છું. 'બ્રેકિંગ બેડ'માં મારો વહાલો દીકરો આરજે મિટે હવે રહ્યા નથી.'

તેમણે લખ્યું, 'જ્યારે તેઓ માત્ર 14 વર્ષના હતા ત્યારે હું તેમને મળ્યો હતો. તેમને વૉલ્ટર વ્હાઈટના જુનિયરના પાત્ર માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે આ ભૂમિકા ખુશી અને ઉત્સાહ સાથે ભજવી હતી.'

ક્રેન્સ્ટને કહ્યું, 'સેરેબ્રલ પાલ્સી સાથે જન્મ્યા હોવા છતાં, આરજેએ ક્યારેય આ પડકારને કોઈ કામ માટે બહાનું બનવા દીધું નહીં.' તેમણે આગળ લખ્યું, 'તેણે શૂટિંગના મુશ્કેલ સમયપત્રકનો પૂરી દૃઢતાથી સામનો કર્યો. તે પોતાની ટીવી મા અન્ના ગન અને મારી પાસેથી મળેલી સલાહ હંમેશાં સાંભળતો હતો, પરંતુ કિશોર વયનો હોવાથી, ક્યારેક શરારતપૂર્વક અમારી સલાહ અવગણતો પણ હતો. તે મુશ્કેલ રીતે શીખવા માગતો હતો. તે એક હિટ ટીવી શોના કલાકારોમાંનો એક હતો, પરંતુ તેમ છતાં એક બાળક જ હતો.' ક્રેન્સ્ટને કહ્યું કે, 'જ્યારે મિટે ટીમ સાથે જોડાયો, ત્યારે તે એક્ટિંગમાં કાચો હતો. બાદમાં તે એક ઉત્તમ એક્ટર બન્યો.'

તેમણે કહ્યું કે, 'મિટેએ શોમાં મળેલા પોતાના અનુભવનો ઉપયોગ દિવ્યાંગ કલાકારો માટે ખૂલીને અવાજ ઉઠાવવામાં કર્યો.' ક્રેન્સ્ટને લખ્યું, 'તેમની બધી આશા અને ક્ષમતા હવે ખોવાઈ ગઈ છે.



# શુભમન ગિલ અભિષેક શર્માને હરાવીને પાંચમી વખત ICC એવોર્ડ જીત્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.13

ICCએ સપ્ટેમ્બર મહિના માટે 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડની જાહેરાત કરી છે. ભારતના કેપ્ટન શુભમન ગિલે પાંચમી વખત આ સન્માન મેળવ્યું છે.સપ્ટેમ્બર મહિનામાં શુભમન ગિલનું વર્ચસ્વ રહ્યું છે. ICCએ તેને સપ્ટેમ્બર માટે 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડથી નવાજ્યો છે. આ એવોર્ડ જીતવા માટે ગિલે તેના બાળપણના મિત્ર અભિષેક શર્મા અને ઝિમ્બાબ્વેના ઓલ-રાઉન્ડર સિકંદર રઝા સામે સ્પર્ધા કરી હતી.ICC 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં અગિયાર ભારતીય પુરુષ ક્રિકેટરોએ તે જીત્યો છે. આ અગિયાર ખેલાડીઓમાંથી શુભમન ગિલના નામે સૌથી વધુ વખત (પાંચ વખત) આ એવોર્ડ જીતવાનો રેકોર્ડ છે.જસપ્રીત બુમરાહ અને શ્રેયસ અય્યરે બબ્બે વખત ICC 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડ જીત્યો છે, જ્યારે રિષભ પંત, રવિચંદ્રન અશ્વિન, ભુવનેશ્વર કુમાર, વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ, અભિષેક શર્મા અને સંજુ સેમસને એક-એક વખત આ એવોર્ડ જીત્યો છે.વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે (ODI) શ્રેણીમાં શાનદાર પ્રદર્શનને કારણે શુભમન ગિલે તેનો પાંચમો ICC 'પ્લેયર ઓફ ધ મંથ' એવોર્ડ મેળવ્યો; તેણે શ્રેણીની પ્રથમ બે વન-ડે મેચોમાં કુલ ૩૩૩ રન બનાવ્યા હતા. જ્યાં પુરુષોની શ્રેણીમાં શુભમન ગિલને ICC 'પ્લેયર ઓફ ધ મંથ' જાહેર કરવામાં આવ્યો, ત્યાં મહિલાઓની શ્રેણીમાં ભારતની સ્ટાર ઓપનર શેફાલી વર્માને આ સન્માન મળ્યું.

# અર્શદીપ સિંહ હૈદરાબાદ ટીર૦ વર્લ્ડ રેકોર્ડ રચવા સજ્જ




(એજન્સી) નવી દિલ્હી | તા.13

ભારતીય ઝડપી બોલર અર્શદીપ સિંહ પાસે ચોથી T20 મેચમાં એક મોટો રેકોર્ડ બનાવવાની તક છે. ઈંદૌમાં ત્રણ વિકેટ ઝડપ્યા બાદ, અર્શદીપ હાલમાં શાનદાર બોલિંગ ફોર્મમાં છે. તે હૈદરાબાદમાં ફરી એકવાર પોતાની ક્ષમતા સાબિત કરવા માટે સજ્જ છે.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પાંચ મેચની T20 શ્રેણીની ચોથી મેચ 14 ઓક્ટોબર (બુધવાર)ના રોજ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં યોજાનાર છે. આ મુકાબલા પહેલા, ભારતના સ્ટાર ઝડપી બોલર અર્શદીપ સિંહ પાસે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરવાની તક છે.અર્શદીપ સિંહ કંઈક એવું કરી શકે છે જે અગાઉ કોઈ ભારતીય ઝડપી બોલરે કર્યું નથી. તે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 150 વિકેટના સીમાચિહ્ન સુધી પહોંચવાથી માત્ર છ વિકેટ દૂર છે. ભારત માટે અત્યાર સુધીમાં 97 T20I મેચ રમી ચૂકેલા અર્શદીપના નામે 144 વિકેટ છે, જેમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન 51 રનમાં 5 વિકેટ લેવાનું રહ્યું છે. T20 ફોર્મેટમાં તેનો રેકોર્ડ શાનદાર રહ્યો છે.જો અર્શદીપ હૈદરાબાદમાં રમાનારી ચોથી મેચમાં અથવા શ્રેણીની અન્ય કોઈ મેચમાં બાકીની છ વિકેટ ઝડપી લે છે, તો તે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 150 વિકેટ લેનાર પ્રથમ ભારતીય ઝડપી બોલર બની જશે.અર્શદીપ સિંહે ઈંદૌમાં રમાયેલી ત્રીજી T20 મેચમાં પણ પોતાની બોલિંગથી પ્રભાવિત કર્યા હતા. તેણે વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપને આઉટ કરીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. આ ઉપરાંત, તેણે શેરફેન રધરફોર્ડ અને કીમો પોલને પણ પેવેલિયન ભેગા કર્યા હતા, જેનાથી ભારતને 14 રનથી રોમાંચક જીત મેળવવામાં અને શ્રેણીમાં 2-1ની સરસાઈ મેળવવામાં મદદ મળી હતી.

# જોસ બટલર હેમસ્ટ્રિંગ સર્જરી બાદ કમબેક માટે સજ્જ




(એજન્સી) ઈંગ્લેન્ડ | તા.13

ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટર જોસ બટલરે તેમના ડાબા પગના હેમસ્ટ્રિંગની સફળ સર્જરી કરાવી છે. શ્રીલંકા સામેની વન-ડે શ્રેણી દરમિયાન ઈજાગ્રસ્ત થયેલા બટલરે હોસ્પિટલમાંથી એક તસવીર શેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ સાજા થઈ રહ્યા છે અને વાપસી કરવા માટે પહેલાં કરતાં વધુ પ્રેરિત અનુભવી રહ્યા છે. ઈજાને કારણે તેઓ પાકિસ્તાનમાં યોજાનારી ત્રિકોણીય શ્રેણી અને ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ભાગ લઈ શકશે નહીં. SA20 લીગમાં તેમની ભાગીદારી અંગે પણ અનિશ્ચિતતા છે.સર્જરી બાદ, ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટર જોસ બટલરે વ્યક્ત કર્યું હતું કે તેઓ સંપૂર્ણ ફિટનેસ પાછી મેળવવા માટે પહેલાં કરતાં વધુ પ્રેરિત છે. ગયા મહિને શ્રીલંકા સામેની વન-ડે શ્રેણી દરમિયાન બેટિંગ કરતી વખતે બટલરને ડાબા પગના હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં બટલરે કહ્યું, 'મારી સર્જરી થઈ છે. સર્જરી સફળ રહી અને હું સાજો થઈ રહ્યો છું. હું પહેલાં કરતાં વધુ પ્રેરિત અનુભવી રહ્યો છું.'આ અનુભવી વિકેટકીપર-બેટરે હોસ્પિટલના બેડ પરથી 'થમ્બ્સ-અપ' આપતી પોતાની તસવીર પણ શેર કરી હતી; આ તસવીરમાં તેમના ડાબા પગ પર બ્રેસ (સપોર્ટ) જોવા મળે છે. સર્જરી છતાં, આ ઈજા ચિંતાનો વિષય બની રહી છે. તાજેતરના વર્ષોમાં બટલરને સોફ્ટ-ટિશ્યુની ઘણી ઈજાઓ થઈ છે, જેમાં મુખ્યત્વે તેમના પગના સ્નાયુઓ (કાલ્વ્સ) ની સમસ્યાઓનો સમાવેશ થાય છે. તેમને 2024ની IPL દરમિયાન પણ ડાબા પગના હેમસ્ટ્રિંગની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો.

# ચેન્નાઈ સુપર કિંગ્સ કોચિંગ સ્ટાફ રાજીનામા આપતા ધમાકો




(એજન્સી) નવી દિલ્હી | તા.13

ચેન્નાઈ સુપર કિંગ્સના કોચિંગ સ્ટાફમાં સતત ફેરફારો થઈ રહ્યા છે. હવે એ વાત સામે આવી છે કે ભૂતપૂર્વ મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગના ગયા બાદ, વધુ બે વ્યક્તિઓએ ફ્રેન્ચાઈઝી છોડી દીધી છે.ચેન્નાઈ સુપર કિંગ્સના બોલિંગ કોચ એરિક સાયમન્સ અને ફિલ્ડિંગ કોચ જેમ્સ ફોસ્ટરે રાજીનામાં આપ્યા છે. હવે આ બંને ઈંગ્લેન્ડના કોચિંગ સ્ટાફમાં જોડાશે. આ બંનેને CSKના ભૂતપૂર્વ મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગના નજીકના સાથી માનવામાં આવે છે. ફ્લેમિંગ ગયા મહિને જ ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત થઈને ત્યાંના કોચિંગ સ્ટાફમાં જોડાયા હતા. હવે, ફોસ્ટર અને સાયમન્સ ફરી એકવાર ફ્લેમિંગ સાથે કામ કરશે. ચેન્નાઈ સુપર કિંગ્સે આ બાબતની જાહેરાત કરી ન હતી; આ નિમણૂકોની માહિતી ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB)ની એક પોસ્ટ દ્વારા સામે આવી હતી. ECBએ જણાવ્યું હતું કે સાયમન્સની નિમણૂક ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમ માટે બોલિંગ કોચ તરીકે કરવામાં આવી છે, જ્યારે ફોસ્ટર ફ્લેમિંગના સહાયક કોચ તરીકે સેવા આપશે. સાયમન્સ, જેઓ દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડી છે, તેમની પાસે કોચિંગનો બહોળો અનુભવ છે. તેમણે 2002 થી 2004 દરમિયાન દક્ષિણ આફ્રિકાના મુખ્ય કોચ તરીકે સેવા આપી હતી અને ભારતીય સિનિયર પુરુષ ટીમ માટે બોલિંગ સલાહકાર તરીકે પણ કામ કર્યું છે. 64 વર્ષીય સાયમન્સ 2018થી CSKના કોચિંગ સ્ટાફનો ભાગ હતા. ફોસ્ટર પણ આંતરરાષ્ટ્રીય અને ફ્રેન્ચાઈઝી ક્રિકેટ બંનેમાં કોચિંગનો વિશાળ અનુભવ ધરાવે છે.

# કોવેન્ટ્રીએ ૨૫ વર્ષમાં પ્રીમિયર લીગમાં પોતાની ધરતી પર પ્રથમ જીતનો આનંદ માણ્યો



કોવેન્ટ્રી, ઈંગ્લેન્ડ | સોમવારે ન્યૂકેસલ યુનાઈટેડ સામે ૪-૧થી શાનદાર વિજય મેળવીને આ સિઝનમાં પોતાની ધરતી પર પ્રથમ જીત નોંધાવ્યા બાદ, કોવેન્ટ્રી સિટી પ્રીમિયર લીગમાં પોતાની સ્થિતિ મજબૂત કરતી જણાય છે; બીજી તરફ, મુલાકાતી ટીમને આ હાર બાદ આત્મ-મંથન કરવાની ફરજ પડી છે.સીઝનની મુશ્કેલ શરૂઆત બાદ કોવેન્ટ્રીએ સતત બીજી જીત હાંસલ કરી છે અને સાથે જ ટોચની લીગમાં ૨૫ વર્ષમાં પોતાની ધરતી પર પ્રથમ વિજય મેળવ્યો છે. આ મેચમાં જેક રુડોનીએ શરૂઆતમાં પેનલ્ટી દ્વારા ગોલ કર્યો હતો, ત્યારબાદ સિડિકી શેરીફ, એલિસ સિમ્સ અને સ્ટીફન મફુનીએ ગોલ કર્યા હતા.



## ઓલી પોપ અફઘાનિસ્તાન પ્રીમિયર લીગથી દુર થયા

અફઘાનિસ્તાન | અફઘાનિસ્તાનમાં મહિલાઓ પ્રત્યે તાલિબાનના વર્તનને કારણે ઈંગ્લેન્ડના બેટ્સમેને અફઘાનિસ્તાન T20 લીગમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે; અગાઉ પણ કેટલીક મેચો રદ કરવામાં આવી હતી. અફઘાનિસ્તાનમાં મહિલાઓ પ્રત્યે તાલિબાનના વર્તનને ધ્યાનમાં રાખીને ઈંગ્લેન્ડના ક્રિકેટરોએ આ સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ કે નહીં તે અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે ઓલી પોપનો આ નિર્ણય સામે આવ્યો છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન ઓલી પોપે અફઘાનિસ્તાન પ્રીમિયર લીગ (APL)ના ડ્રાફ્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. APLની પ્રથમ સીઝન માટે પસંદગી પામેલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા ઈંગ્લેન્ડના એકમાત્ર ખેલાડી પોપ હતા. આ ટુર્નામેન્ટ આ વર્ષના અંત ભાગમાં સંયુક્ત આરબ અમીરાતમાં યોજાવાની છે.

**તાલિબાન મહિલા શોષણ વિરોધ**

# સાનિયા મિર્ઝાનો ૨૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડનાર ૧૭ વર્ષીય ભારતીય ટેનિસ ખેલાડી માયા રાજેશ્વરન રેવતી...



(એજન્સી) નવી દિલ્હી | તા.13

The Offer is being made in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the **"SCRR"**), read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made in accordance with Regulation 6(2) of the SEBI ICDR Regulations, as our Company does not fulfil the requirement under Regulation 6(1)(a) of SEBI ICDR Regulations, through the Book Building Process wherein in terms of Regulation 32(2) of the SEBI ICDR Regulations not less than 75% of the Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers (**"QIBs"**) (such portion referred to as **"QIB Portion"**), provided that our Company in consultation with the BRLMs, may allocate up to 60% of the Net QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations (the **"Anchor Investor Portion"**), out of which 40% of the Anchor Investor Portion shall be reserved within which: (i) 33.33% of the Anchor Investor Portion shall be reserved for domestic Mutual Funds; and (ii) 6.67% shall be reserved for Life Insurance Companies and Pension Funds, subject to valid Bids being received from domestic Mutual Funds and Life Insurance Companies and Pension Funds at or above the price at which allocation is made to Anchor Investors (**"Anchor Investor Allocation Price"**), in accordance with the SEBI ICDR Regulations. In the event of any under-subscription or non-allocation in the category of Life Insurance Companies and Pension Funds, the balance Equity Shares shall be added to the category of domestic Mutual Funds In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the QIB Portion (excluding the Anchor Investor Portion) (the **"Net QIB Portion"**). Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors), including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to all QIBs. Further, not more than 15% of the Offer shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹0.20 million and up to ₹1.00 million; and (b) two third of such portion shall be reserved for applicants with application size of more than ₹1.00 million, provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Investors and not more than 10% of the Offer shall be available for allocation to Retail Individual Investors in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) are required to mandatorily use the Application Supported by Blocked Amount (**"ASBA"**) process providing details of their respective ASBA accounts, and UPI ID in case of UPI Bidders, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as applicable, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For further details, see 'Offer Procedure' on page 503 of the RHP.

**Bidders/ Applicants should ensure that DP ID, PAN, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI Mechanism) are correctly filled in the Bid cum Application Form. The DP ID, PAN and Client ID provided in the Bid cum Application Form should match with the DP ID, PAN, Client ID available in the Depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/ Applicants should ensure that the beneficiary account provided in the Bid cum Application Form is active. Bidders/Applicants should note that on the basis of the PAN, DP ID, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI Mechanism) as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorised the Depositories to provide to the Registrar to the Issue, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for giving Allotment Advice or unblocking of ASBA Account or for other correspondence(s) related to the Issue. Bidders/Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders'/Applicants' sole risk. Investors must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with CBDT notification dated February 13, 2020 and press release dated June 25, 2021, read with press release dated September 17, 2021 and CBDT circular no.7 of 2022, dated March 30, 2022 read with press release dated March 28, 2023 and any subsequent press releases in this regard.**

**Contents of the Memorandum of Association of our Company as regards its objects:** For information on the main objects of our Company, please see the section ***"History and Certain Corporate Matters - Main Objects of our Company"*** on page 232 of the RHP. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Issue. For further details, please see the section titled **"*Material Contracts and Documents for Inspection*"** on page 538 of the RHP.

**Liability of the members of our Company:** Limited by shares

**Amount of share capital of our Company and Capital structure:** As on the date of the RHP, the authorised share capital of the Company is ₹200,000,000 divided into 200,000,000 Equity Shares bearing face value ₹1 each and the issued, subscribed and paid-up share capital of the Company is ₹ 127,059,295 divided into 127,059,295 Equity Shares bearing face value ₹1 each. For details, please see the section titled ***"Capital Structure"*** on page 81 of the RHP.

**Names of signatories to the Memorandum of Association of our Company and the number of Equity Shares subscribed by them:** The initial signatories to the Memorandum of Association of our Company are Pankaj Dhanuka and Santosh Saraf. For details of the share capital history of our Company, please see the section titled ***"Capital Structure"*** on page 81 of the RHP.

**Listing:** The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received in-principle approvals from BSE and NSE for listing of the Equity Shares pursuant to their letters each dated November 26, 2025. For the purposes of the Offer, National Stock Exchange of India Limited shall be the Designated Stock Exchange. A signed copy of the Red Herring Prospectus and the Prospectus shall be filed with the RoC in accordance with Section 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/Offer Closing Date, see ***"Material Contracts and Documents for Inspection"*** on page 538 of the RHP.

**Disclaimer Clause of the Securities and Exchange Board of India ("SEBI"):** SEBI only gives its observations on the Issue documents and this does not constitute approval of either the Issue or the specified securities stated in the Issue Document. The investors are advised to refer to page 482 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**Disclaimer Clause of NSE (Designated Stock Exchange) :** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Issue Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Issue Document. The investors are advised to refer to page 485 of the RHP for the full text of the Disclaimer Clause of NSE.

**Disclaimer Clause of BSE:** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Red Herring Prospectus has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Red Herring Prospectus. The investors are advised to refer to page 485 of the Red Herring Prospectus for the full text of the Disclaimer Clause of BSE.

**General Risk:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 19 of the RHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|---|---|
| nuvama | IIFL CAPITAL | motilal oswal Investment Banking | KFINTECH | **Barun Singh**<br>Plot No. Y9, Block EP & GP, Sector-5, Bidhan Nagar<br>Salt Lake, Kolkata – 700091, West Bengal, India<br>**Tel:** 033 45086520<br>**E-mail:** secretarial@fusioncx.com |
| **Nuvama Wealth Management Limited**<br>801 – 804, Wing A, Building No 3, Inspire BKC, G Block, Bandra Kurla Complex East, Mumbai - 400 051, Maharashtra, India<br>**Tel.:** +91 22 4009 4400<br>**E-mail:** fusion@nuvama.com<br>**Website:** www.nuvama.com<br>**Investor grievance e-mail:** customerservice.mb@nuvama.com<br>**Contact person:** Lokesh Shah<br>**SEBI Registration Number:** INM000013004 | **IIFL Capital Services Limited,**<br>*(formerly known as IIFL Securities Limited)*<br>24th Floor, One Lodha Place, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai - 400013, Maharashtra, India<br>**Tel:** + 91 22 4646 4728<br>**E-Mail:** fusioncx.ipo@iiflcap.com<br>**Investor Grievance e-mail:** ig.ib@iiflcap.com<br>**Website:** www.iiflcapital.com<br>**Contact person:** Dhruv Bhavsar / Pawan Kumar Jain<br>**SEBI registration No:** INM000010940 | **Motilal Oswal Investment Advisors Limited**<br>Motilal Oswal Tower, Rahimtullah Sayani Road, Opposite Parel ST Depot, Prabhadevi, Mumbai - 400 025 Maharashtra, India<br>**Tel:** + 91 22 7193 4380<br>**E-mail:** fusion.ipo@motilaloswal.com<br>**Website:** www.motilaloswal.com<br>**Investor grievance e-mail:** moiaplredressal@motilaloswal.com<br>**Contact person:** Vaibhav Shah<br>**SEBI Registration No.:** INM000011005 | **KFin Technologies Limited**<br>301, The Centrium, 3rd Floor, 57, Lal Bahadur Shastri Road, Nav Pada, Kurla (West), Kurla, Mumbai, Maharashtra, India 400 070<br>**Tel:** +91 40 67162222 / 18003094001<br>**E-mail:** fusion.ipo@kfintech.com<br>**Website:** www.kfintech.com<br>**Investor grievance ID:** einward.ris@kfintech.com<br>**Contact person:** Williams R<br>**SEBI registration number:** INR000000221 | Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Issue in case of any pre-Issue or post-Issue related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Issue related queries and for redressal of complaints, Investors may also write to the BRLMs. |

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the section titled ***"Risk Factors"*** on page 19 of the RHP, before applying in the Issue. A copy of the RHP shall be available on website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of our Company at www.fusioncx.com and on the websites of the **BRLMs,** i.e. Nuvama Wealth Management Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* and Motilal Oswal Investment Advisors Limited at www.nuvama.com, www.iiflcapital.com and www.motilaloswal.com respectively.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the abridged prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at www.fusioncx.com, www.nuvama.com, www.iiflcapital.com, www.motilaloswal.com and www.kfintech.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the Registered and Corporate Office of **FUSION CX LIMITED; Tel:** 033 45086520; **BRLMs : Nuvama Wealth Management Limited, Tel.:** +91 22 4009 4400; **IIFL Capital Services Limited,** *(formerly known as IIFL Securities Limited),* **Tel:** + 91 22 4646 4728 **and Motilal Oswal Investment Advisors Limited, Tel:** + 91 22 7193 4380 and **Syndicate Members:** Nuvama Wealth Management Limited, Motilal Oswal Financial Services Limited, at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Issue. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Sub-Syndicate Members:** 5Paisa Capital Limited, Alankit Imaginations Limited, Almondz Global Securities Limited, Anand Rathi Share and Stock Brokers Limited, ANS Pvt Limited, Arihant Capital Markets Limited, Asit C Mehta Financial Services Limited, Asit C. Mehta Investment Interrmediates Limited, Axis Capital Limited, Centrum Capital Advisors Limited, CENTRUM FINVERSE LIMITED, DALAL & BROACHA STOCK BROKING PVT Limited, DB(International) Stock Brokers Ltd, Equiras Securities Pvt Ltd, Eureka Stock & Share Broking Services Limited, Finwizard Technology Pvt. Ltd, Globe Capital Markets Ltd, HDFC Securities Limited, ICICI Securities Limited, IDBI Capital Market Services Limited, India Infoline Limited, JM Financial Services Limited, Jobanputra Fiscal Services Pvt Ltd, Kantilal Chhaganlal Securities Pvt.Limited, Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Prabhudas Lilladher Private Limited, Pravin Ratilal Share And Stock Brokers Limited, Religare Securities Limited, RR Equity Brokers Private Limited, SBI Capital Markets Limited, SBICAP Securities Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, SS Corporate Securities Limited, Sushil Financial Services Private Limited, Tradebulls Securities Private Limited, Upstox Securities Private Limited, Viren M Shah and Yes Securities (India) Limited

**Public Offer Account Bank :** ICICI Bank Limited • **Escrow Collection Bank and Refund Bank :** HDFC Bank Limited • **Sponsor Banks :** ICICI Bank Limited and HDFC Bank Limited

**UPI:** UPI Bidders can also bid through UPI mechanism

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **FUSION CX LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Barun Singh**
Company Secretary and Compliance Officer

**Place:** Kolkata, West Bengal
**Date:** October 13, 2026

**FUSION CX LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated October 8, 2026 with RoC and the Stock Exchanges. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.fusioncx.com; and on the websites of the Book Running Lead Managers ("**BRLMs**"), i.e. Nuvama Wealth Management Limited, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* and Motilal Oswal Investment Advisors Limited at www.nuvama.com, www.iiflcapital.com and www.motilaloswal.com respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *"**Risk Factors**"* on page 19 of the RHP filed with SEBI and the details set out in the RHP, when filed. Potential Bidders should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"U.S. Securities Act"**), or the securities laws of any state of the United States and may not be offered or sold in the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. The Equity Shares offered in the Offer are being offered and sold only outside the United States to persons who are not U.S. persons (as that term is defined in Regulation S (**"Regulation S"**) under the U.S. Securities Act, such persons **"U.S. Persons"**) in "offshore transactions" as that term is defined in and in reliance on Regulation S. As a result of relying on the Regulation S exemption, the Equity Shares sold in the Offer will be 'restricted securities' under Rule 144 under the U.S. Securities Act, which means that such Equity Shares may not be resold/transferred into the United States or to a U.S. Person for a period of 12 months from the date of Allotment (the **"Distribution Compliance Period"**), unless the resale of the Equity Shares is registered under the U.S. Securities Act or an exemption is available.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 14 OCTOBER-2026
AHMEDABAD

## અમદાવાદમાં કોમ્પ્યુટર વેપારીના 95000 ઉપડી ગયા

અમદાવાદ | અમદાવાદ શહેરના ઈસનપુરમા રહેતા અને આશ્રમ રોડ ખાતે કોમ્પ્યુટર હાર્ડવેર નેટવર્કનો વેપાર કરતા 50 વર્ષીય આધેડ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. તેમણે રેપિડો એપ્લિકેશનની સર્વિસ બાબતે ગૂગલ પરથી કસ્ટમર કેર નંબર શોધી સંપર્ક કર્યો હતો. સામે રહેલા સાયબર ગઠિયાએ કસ્ટમર સપોર્ટના નામે apk ફાઈલ ડાઉનલોડ કરાવી મોબાઈલ હેક કરીને એક્સિસ બેંક ખાતામાંથી રૂ. 95 હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતા વેપારીએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## જૂની અદાવતમાં 23 વર્ષના યુવકનું રિક્ષામાં અપહરણ

અમદાવાદ |અમદાવાદના નારોલ વિસ્તારમાં પીપળજ રોડ પર જૂની અદાવતની દાઝ રાખી ચાર શખસોએ ભંગારના કારખાનામાંથી એક 23 વર્ષીય યુવકનું રિક્ષામાં અપહરણ કરી, ચાલુ રિક્ષામાં માથામાં છરી તેમજ શરીરે લોખંડના પંચના ઘા માર્યા. જે બાદ અવાવરૂ સ્થળે લઈ જઈ જમણા પગે કુહાડીના ઊંધા ઘા ઝીંકી ફ્રેક્ચર કરી નાસી છૂટ્યા હતા. બીજી બાજુ ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે નારોલ પોલીસે 4 હુમલાખોરો સામે અપહરણ, હુમલો સહુને ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



### પોલીસ ભરતીના ફોર્મમાં થર્ડ જેન્ડરની કેટેગરીનો અભાવ...

# ટ્રાન્સજેન્ડરની અરજીના કારણે પોલીસ ભરતીમાં એક જગ્યા ખાલી રાખવા આદેશ:ભરતીમાં થર્ડ જેન્ડર માટે અલગ કેટેગરી ન હોય મામલો હાઈકોર્ટમાં

ગાંધીનગર: ગુજરાત પોલીસ ભરતીમાં થર્ડ જેન્ડર માટેની જગ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટે મહત્વનો વચગાળાનો આદેશ કર્યો છે. ભાવનગરના એક ટ્રાન્સજેન્ડર દ્વારા કરવામાં આવેલી અરજી બાદ હાઈકોર્ટે હુકમ કર્યો છે કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને થર્ડ જેન્ડર તરીકે ઓળખ આપવામાં આવી છે અને સરકારી નોકરીઓ તેમજ શિક્ષણમાં તેમને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ગણી અનામત અને અન્ય હકો આપવાનો આદેશ છે.

પ્રાથમિક દ્રષ્ટિએ પોલીસની ક્લાસ-3 ભરતી પ્રક્રિયામાં ટ્રાન્સજેન્ડર માટે અલગ કેટેગરી કે ખાસ ધોરણો રાખવામાં આવ્યા નથી. કોર્ટે વચગાળાનો આદેશ કર્યો હતો કે, આ અરજીની આખરી સુનાવણી પેન્ડિંગ છે ત્યાં સુધી, ગુજરાત પોલીસ ભરતી બોર્ડે લોકરક્ષક ભરતી પ્રક્રિયામાં એક જગ્યા ખાલી રાખવી. મૂળ ભાવનગરના 35 વર્ષીય અરજદારના આધાર કાર્ડમાં તેમની ઓળખ મહિલા તરીકે દર્શાવવામાં આવી છે. જો કે તેમણે ટ્રાન્સજેન્ડર પર્સન્સ એક્ટ, 2019 ના નિયમ હેઠળ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર દ્વારા જારી કરાયેલું ઓળખનું પ્રમાણપત્ર મેળવેલું છે. આ અરજીમાં અરજદારે જણાવ્યું છે કે તેમણે ગુજરાત પોલીસની ચાલુ ભરતી પ્રક્રિયા દરમિયાન બિનહથિયારી કોન્સ્ટેબલ અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની પોસ્ટ માટે અરજી કરી હતી. પોતે ત્રીજી જાતિથી હોવાથી અને ફોર્મમાં માત્ર પુરુષ અને મહિલા કેટેગરી જ ઉપલબ્ધ હોવાથી, તેમણે અરજી કરતી વખતે DGP ઑફિસમાં પૂછપરછ કરી હતી કે તેમણે કઈ કેટેગરીમાં અરજી કરવી



જોઈએ. ત્યારે તેમને આધાર કાર્ડમાં જણાવ્યા મુજબની જાતિની કેટેગરીમાં અરજી કરવાની સલાહ આપવામાં આવી હતી.

તદનુસાર તેમણે મહિલા કેટેગરીમાં અરજી કરી હતી. તેમણે ફિઝિકલ સ્ટાન્ડર્ડ ટેસ્ટ અને ફિઝિકલ એફિશિયન્સી ટેસ્ટ પાસ કરી લીધી હતી. લેખિત પરીક્ષામાં તેમને 94 માર્ક્સ મળ્યા હતા, જ્યારે SEBC મહિલા કેટેગરીનું કટ-ઓફ મેરિટ 98.5 માર્ક્સ હતું. 11 જુલાઈના રોજ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તેમણે સત્તાધીશોને રજૂઆત કરી હતી કે તેમની ઉમેદવારીને પુરુષ કે મહિલા કેટેગરીને બદલે ત્રીજી જાતિની કેટેગરીમાં ધ્યાનમાં લેવામાં આવે. તેમને કોઈ જવાબ ન મળતાં તેમણે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. અરજીમાં સત્તાધીશોને ટ્રાન્સજેન્ડર ઉમેદવારો માટે અલગ અને બંધારણીય રીતે યોગ્ય કટ-ઓફ કે પસંદગીના માપદંડો લાગુ કરીને ઉમેદવારી પર વિચાર કરવા માંગ કરી છે. જેથી ભરતી પ્રક્રિયામાં અરજદારને સમાન તક મળે અને NALSA કેસના ચુકાદામાં સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા નિર્દેશોનો અમલ કરવા આદેશ આપવાની માંગ કરવામાં આવી છે. અરજદારે રજૂઆત કરી હતી કે તેઓ ટ્રાન્સજેન્ડર સમુદાયમાંથી આવે છે અને વર્તમાન ભરતી પ્રક્રિયામાં માત્ર પુરુષ અને મહિલા પૃષ્ઠભૂમિના ઉમેદવારો માટે જ જોગવાઈ કરવામાં આવી છે. જે ભારતના બંધારણના અનુચ્છેદ 14 નો ભંગ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અરજદારે અન્ય ઉમેદવારોની સરખામણીમાં ઉછેર દરમિયાન સામાજિક કલંક અને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, જેના માટે ભરતી પ્રક્રિયામાં વિશેષ અનામત અને ક્વોટાની જરૂરિયાત છે. તેથી, આ ભરતી પ્રક્રિયામાં ત્રીજી કેટેગરીનો સમાવેશ ન કરવો એ અરજદારના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે.અરજદારે ત્રીજી જાતિના ઉમેદવારો માટે અલગ કટ-ઓફ મેરિટ જાહેર ન કરીને સત્તાધીશો દ્વારા જાતિના આધારે ભેદભાવ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમના વકીલે આ અંગે અન્ય રાજ્યોના દાખલાઓ પણ ટાંક્યા હતા. આ કેસની આગામી સુનાવણી 5 જાન્યુઆરી, 2027ના રોજ મુકરર કરવામાં આવી છે અને સામવાળાઓને તે પહેલાં તેમનો જવાબ રજૂ કરવા આદેશ કરાયો છે.

## કઠવાડા GIDCમાં 18 લાખના પ્લાસ્ટિકના રોલ ચોરી બે કર્મી ફરાર : CCTVથી ભાંડો ફૂટ્યો

(એજન્સી) અમદાવાદ | તા.13

કઠવાડા જીઆઈડીસીમાં આવેલી યેશ લેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં નોકરી કરતા બે કર્મચારીઓએ છેલ્લા 2 મહિના દરમિયાન રૂ. 18 લાખના કુલ 10 ટન વજનના 35 જેટલા પ્લાસ્ટિક રો-મટીરીયલના રોલની ચોરી કરી ફરાર થઈ ગયા છે. સીસીટીવીમાં ખામી સર્જાતા તેનું મોનીટરીંગ કરતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે નિકોલ પોલીસે બંને કર્મી સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

નિકોલ કઠવાડા જીઆઈડીસીમાં આવેલી યેશ લેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં એચઆર મેનેજર તરીકે જશવંતસિંહ રાજપૂત નોકરી કરે છે. ગત 27 સપ્ટેમ્બરે કંપનીમાં સીસીટીવી કેમેરાનું ચેકિંગ કરાયું હતું. દરમિયાન જાણવા મળ્યું કે, કંપનીમાં કામ કરતા ધર્મેન્દ્રસિંહ ચૌહાણ અને મહેશકુમાર સોલંકી નામના બે કર્મચારીઓ કંપનીમાંથી પ્લાસ્ટિકના રો-મટીરીયલની ચોરી કરી છે.

કંપનીના માલિક પૂર્વીશ પટેલ સમક્ષ આ બાબતે પૂછપરછ કરતા બંને આરોપીઓએ કબૂલાત કરી હતી કે, તેઓ છેલ્લા 2 મહિનાથી સવારના સમયે આ ચોરી કરતા હતા. ત્યારબાદ તેઓ ચોરીના રૂપિયા પરત કરવાનું કહીને નોકરી છોડીને જતા રહ્યા હતા. જ્યારે અન્ય કર્મચારીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ બંને આરોપીઓ કંપનીની બોલેરો ગાડીનો ઉપયોગ કરીને આવતા




અને શેઠના કહેવાથી ડિલિવરી કરવા જઈએ છીએ તેમ ખોટું બોલીને રોજ 2થી 3 પ્લાસ્ટિકના રોલ લઈ જતા હતા. કંપનીના સ્ટોર ઈન્ચાર્જ પાસે સ્ટોક રજીસ્ટરની તપાસ કરાવતા જાણવા મળ્યું કે, છેલ્લા 2 મહિનામાં અલગ અલગ સાઈઝના કુલ 35 જેટલા પ્લાસ્ટિકના રોલ ચોરાયા છે. આ રોલનું કુલ વજન 10 ટન છે અને તેની કિંમત 18 લાખ રૂપિયા છે. આ અંગે નિકોલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

### 25 ઓક્ટોબર 2026 સુધી ગાંધીનગર યાર્ડ અને GEB પાવર પ્લાન્ટની વચ્ચે આવેલ રેલવે ક્રૉસિંગ નંબર 5 (GEB ગેટ) બંધ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ગાંધીનગર યાર્ડ અને ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ (GEB) પાવર પ્લાન્ટ પેથાપુર, ગાંધીનગર વચ્ચે આવેલ રેલવે ક્રૉસિંગ નંબર 5 (GEB ગેટ), OHE પોસ્ટ નંબર GEB-05/04-05 પર કૉંક્રિટ રોડ બાંધકામને કારણે 14 ઓક્ટોબર 2026 ના રોજ સવારે 08:00 કલાકથી 25 ઓક્ટોબર 2026 ના રોજ સાંજે 20:00 કલાક સુધી (કુલ 12 દિવસો માટે) માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તા વૈકલ્પિક માર્ગ રૂપે રેલવે ક્રૉસિંગ નંબર 4 (GEB ગેટ), OHE પોસ્ટ નંબર GEB-03/16-17 (ઘ-7 સર્કલ-ગ-7 સર્કલ-ખ-7 સર્કલથી ચારેડી ચૉકડી-પેથાપુરનો ઉપયોગ કરી શકે છે.

## બહેન સાથે પ્રેમસંબંધની શંકામાં ભાઈએ યુવકને પતાવી દીધો : સગીરે પકડી રાખ્યો'ને કમર અને ગળે છરી ફેરવી

(એજન્સી) ગાંધીનગર | તા.13

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના હાજીપુર ગામે મિત્રની બહેન સાથે પ્રેમસંબંધ હોવાના વહેમમાં કાવતરું રચી 22 વર્ષીય યુવકને ખેતરમાં લઈ જઈ છરાના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક પતાવી દઈ પુરાવાનો નાશ કરવા લાશને ઊંડા કૂવામાં ફેંકી દીધી હતી. આ ચકચારી હત્યા કેસમાં એક સિક્યુરિટી ગાર્ડની સતર્કતાથી સાંતેજ પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલી કાઢ્યો છે. હાજીપુર ગામના દંતાણીવાસમાં રહેતો અને ખાત્રજની લુબી કંપનીમાં નોકરી કરતો પરેશ બાબુભાઈ દંતાણી 8 ઓક્ટોબરની રાત્રે મામાના ઘરે યોજાયેલા ભજનમાંથી અચાનક ગુમ થઈ થયો હતો. બીજા દિવસે પરેશનો મોબાઈલ સ્વિચ ઓફ આવતાં અને તેનો કોઈ પત્તો ન લાગતાં પરિવારે 10 ઓક્ટોબરે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી હતી. આ દરમિયાન મૃતક પરેશના ભાઈ અમિતને ભોયણ રોડ પર પ્લાઝમા કંપનીના સિક્યુરિટી ગાર્ડ તરફથી મહત્ત્વની માહિતી મળી હતી. સિક્યુરિટી ગાર્ડે જણાવ્યું હતું કે, ગામનો સગીર બે દિવસ પહેલાં રાત્રે લોહીથી લથબથ કપડાં સાથે કંપનીમાં આવ્યો હતો અને ત્યાં જઈને તેણે કપડાં બદલ્યા હતા. આ માહિતી મળતાં જ અમિતે 112 નંબર પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી.

જેના પગલે સાંતેજ પોલીસ મથકના PI એસ. આર.ચૌધરીએ સગીરને દબોચી લઈ કડક પૂછપરછ કરી હતી. આ પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે, તેના મિત્ર વિશાલ રાજુભાઈ દંતાણીની બહેન સાથે પરેશને આડા સંબંધ હોવાની શંકા હતી. વિશાલે પરેશને મનાઈ કરી હોવા છતાં તે વાતચીત ચાલુ રાખતો હોવાથી બંનેએ મળીને પરેશને પતાવી દેવાનું પ્લાનિંગ કર્યું હતું.

જેના ભાગરૂપે 8 ઓક્ટોબરની રાત્રે સાડા દસ વાગ્યે વિશાલે પરેશને બોલાવ્યો હતો અને ત્યારબાદ એક્ટિવા પર બેસાડી બંને તેને નજીકના ખેતરમાં લઈ ગયા હતા. ખેતરમાં સગીરે પરેશને ગળાથી પકડી રાખ્યો હતો અને વિશાલે પાછળથી કમરમાં છરો મારી દીધો હતો. ત્યારબાદ બંનેએ પરેશને નજીકમાં કુંભારીયા સીમમાં આવેલા કૂવા પાસે લઈ ગયા હતા. જ્યાં પરેશના શ્વાસ ચાલુ હોવાનું જણાતાં વિશાલે ફરીથી તેના ગળાના ભાગે છરાના ઘા ઝીંકી દીધા હતા.

## કારખાનામાં ખુલ્લી લિફ્ટ માથે પટકાતાં મહિલા શ્રમિકનું : માલિક અને કારીગરની સામે બેદરકારીનો ગુનો નોંધાયો

**> સીમાદેવીને લિફ્ટ અથડાતા મોત માલ-સામાનની ખુલ્લી લિફ્ટ અચાનક ચાલુ કરી દીધી**

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદ | ઓઢવ વિજય એસ્ટેટ સ્થિત ગજાનંદ સ્ટીલ નામના કારખાનામાં માલ-સામાનની ખુલ્લી લિફ્ટ નીચે જોયા વગર ચાલુ કરી દેતાં વચ્ચેના માળે પેકિંગ વિભાગમાં કામ કરતી મહિલા શ્રમિકને ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પતિની ફરિયાદના આધારે ઓઢવ પોલીસે કારખાનાના માલિક અને કારીગર સામે બેદરકારીથી મોત નીપજાવવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઓઢવ વિસ્તારમાં વિજય એસ્ટેટ સ્થિત ગજાનંદ સ્ટીલ નામના કારખાનામાં એક દુઃખદ અકસ્માત સર્જાયો હતો. આ કારખાનાના પેકિંગ વિભાગમાં છેલ્લાં ચારેક વર્ષથી 42 વર્ષીય સીમાદેવી નામના મહિલા શ્રમિક નોકરી કરતા હતા. 25 સપ્ટેમ્બરે કારખાનામાં પાણીવાળો આવતાં, ઉપરના માળે કામ કરતા કારીગર અંશુમનસિંગ રાજપૂતે નીચે જોયા વગર જ



પાણીના જગ લેવા માટે માલ-સામાનની ખુલ્લી લિફ્ટ અચાનક નીચે તરફ ચાલુ કરી દીધી હતી. આ જ સમયે વચ્ચેના માળે કામ કરી રહેલા સીમાદેવી પાણીનો જગ નીચે આપવા માટે લિફ્ટના ખાંચામાં જોવા ગયા હતા. તે જ ક્ષણે ઉપરથી પૂરપાટ ઝડપે આવેલી લિફ્ટ તેમના ચહેરાના જમણા ભાગે જોરથી અથડાઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા સીમાદેવીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટના સમયે ઓઢવ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે કારખાનાના માલિક રણજીત મોદી દ્વારા યોગ્ય સુરક્ષા વ્યવસ્થા વિના જ ખુલ્લી લિફ્ટ રાખવામાં આવી હતી અને કારીગર અંશુમનસિંગે પણ ઘોર બેદરકારીથી લિફ્ટ ઓપરેટ કરી હતી. આથી મૃતકના પતિ પ્રદિપકુમાર પાલની ફરિયાદના આધારે પોલીસે કારખાનાના માલિક અને કારીગર સામે બેદરકારીથી મોત નીપજાવવા બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ડોમ માટે બમણાં પૈસા ચૂકવનાર ખેલૈયાઓમાં રોષ: કીર્તિદાનના ગરબામાં ટિકિટની કિંમત અડધી થઈ, લોકો છેતરાયા

એસ પી રીંગ રોડ પર આવેલા ગોપાલ ફાર્મમાં કીર્તિદાન ગઢવીના પરંપરા ગરબાનો એસી ડોમ ધરાશાયી થતા બીજા નોરતેથી ગરબા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે મોટાભાગના ખેલૈયાઓએ એડવાન્સમાં બે હજાર રૂપિયા પ્રતિદિનની કિંમતના ટિકિટના નાણાં ચૂકવ્યા હતા. પરંતુ, હવે ટિકિટની કિંમત અડધી કરવામાં આવતા બમણાં નાણાં ચૂકવનારાઓએ રીફંડની માંગણી કરી છે. જો કે આયોજકોએ નાણાં પરત આપવાનો ઈનકાર કરતા ભારે હોબાળો થયો હતો.

## ધોળા કુવા ગામે નવરાત્રી મહોત્સવ: શક્તિ યુવક મંડળનો ગબ્બર આકર્ષણ



(એજન્સી) ગાંધીનગર | તા.13

માણસા તાલુકાના ધોળા કુવા ગામે નવરાત્રી પર્વની ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. ગામમાં આવેલા સેધણી માતાજીના મંદિર સામે શક્તિ યુવક મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવમાં તૈયાર કરાયેલો ગબ્બર ગ્રામજનો માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. મંડળ દ્વારા ગબ્બરની આકર્ષક રચના અને માતાજીની ભક્તિ સાથે જોડાયેલી સજાવટ કરવામાં આવી છે. ગબ્બરના દર્શન કરવા અને માતાજીની આરાધના માટે ગ્રામજનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાત્રિના સમયે મંદિરના ચોકમાં ગરબાના તાલે ખેલૈયાઓ ભક્તિભાવપૂર્વક ગરબા રમી રહ્યા છે. યુવાનો, મહિલાઓ અને અન્ય ગ્રામજનો આ પરંપરાગત ગરબામાં ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.

શક્તિ યુવક મંડળની વ્યવસ્થા અને ગબ્બરના કારણે ધોળા કુવા ગામનો નવરાત્રી મહોત્સવ વિશેષ આકર્ષણ જમાવી રહ્યો છે. આ રીતે ગામમાં ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનો સુંદર સંગમ જોવા મળી રહ્યો છે.

## કોમનવેલ્થને લઈ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જવાના માર્ગો ડિમોલિશન : રોડને પહોળો કરવા 75થી વધુ રહેણાંક મકાનો તોડી પાડ્યા, અસરગ્રસ્તોને મકાનો ફાળવાશે

(એજન્સી) અમદાવાદ | તા.13

આગામી કોમનવેલ્થને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારને ડેવલોપમેન્ટ કરવા માટે પ્રક્રિયા કરી રહી છે જેના ભાગરૂપે સાબરમતી ટોલનાકાથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જતા રોડને 61 મીટર પહોળો કરવા રોડ પરના 75 રહેણાંક દબાણોને દૂર કરવામાં આવ્યા છે. ટોલનાકાથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સુધીના એક કિલોમીટરના રોડ ઉપર આવતા 75થી વધુ મકાનો આજે સવારથી તોડવામાં આવી રહ્યા છે. બે હિટાચી મશીન, બે જેસીબી સહિતના સાધનો અને મજૂરોની મદદ લેવામાં આવી. તમામ લોકોને વૈકલ્પિક વ્યવસ્થાના




ભાગરૂપે મકાનો ફાળવવામાં આવશે. AMCના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ સાબરમતી વોર્ડમાં મોટેરા ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફના રોડ અને રીડીપી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ટોલનાકાથી લઈને ડી માર્ટની સામેના રોડને 61 મીટર પહોળો કરવાનો હોવાના પગલે રોડ પર 100થી વધુ રહેણાંક મકાનો આવ્યા છે જેમાં અત્યારે 75 મકાનોને તોડવાની કામગીરી કરવામાં આવી. મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા દ્વારા અગાઉ નોટિસ આપવામાં આવી હતી. મોટાભાગના રહેણાંક મકાનો ખાલી કરી દેવામાં આવ્યા છે. અસરગ્રસ્ત મકાનના માલિકોને વૈકલ્પિક વ્યવસ્થા ના ભાગરૂપે મકાનો ફાળવવામાં આવશે હાલમાં જ્યાં સુધી મકાન નહીં ફાળવવામાં આવે ત્યાં સુધી તેઓને ભાડાના ચેક આપી દેવામાં આવ્યા છે. જે લોકોએ રહેણાંકના પુરાવા આપ્યા છે એવા 66 લોકોએ ભાડાના ચેક સ્વીકારી લીધા છે. જે લોકોના પુરાવા નથી તેઓને કોર્પોરેશન દ્વારા વૈકલ્પિક મકાનો આપવામાં આવ્યા નથી.

સાબરમતી ટોલનાકાથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જવાના રોડ ઉપર ના ટીપી રોડ અંતર્ગત 18 મીટરના રોડને રીડીપી કરી 61 મીટર કરવામાં આવ્યો છે જેમાં કુલ 165થી વધારે કોમર્શિયલ અને રહેણાંક મિલકત આવી હતી જે અંતર્ગત અગાઉ 66 કોમર્શિયલ મિલકતોને તોડી પાડવામાં આવી હતી. હવે રહેણાંક મિલકતોને તોડી પાડવામાં આવી છે ત્યારે આજે સવારથી જ્યારે ડિમોલેશનની કામગીરી કરવામાં આવી ત્યારે કેટલાક લોકોએ મકાન ખાલી કર્યા ન હતા જેમના સવારે મકાન ખાલી કરાવવામાં આવ્યા હતા અને રહેવાની જગ્યા ન હોવાથી તેમનો સામાન તેઓએ ફૂટપાથ ઉપર મૂક્યો હતો.

## ગરબા રમવા ન મળતા અમદાવાદીઓ વિફર્યા : પોસ્ટર ફાડ્યા-લોખંડની જાળી ઉખાડી

અમદાવાદ | બીજા નોરતે ખેલૈયાઓ એક તરફ ગરબે ઘૂમી રહ્યા હતા ત્યાં બીજી તરફ અમદાવાદમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓએ ગરબા રમ્યા વગર પરત ઘરે જવું પડ્યું હતું. ન્યૂ સાયન્સ સિટી રોડ પર જીગરદાન ગઢવીની સાચી નવરાત્રિમાં કલાકો સુધી ખેલૈયાઓને એન્ટ્રી ગેટ પર ઊભા રાખવામાં આવ્યા હતા. પોલીસ પરવાનગી ન મળતા ગરબા શરૂ કરવામાં આવ્યા ન હતા. કલાકો સુધી રાહ જોયા બાદ પણ ગરબા રમવા ન મળતા ખેલૈયાઓએ હોબાળો કર્યા બાદ તોડફોડ કરીને પોસ્ટરો પણ ફાડી નાખ્યા હતા. કેટલાક ખેલૈયાઓ તો લાઈટો તોડીને પોતાની સાથે જ લઈ ગયા હતા.

બીજા નોરતે ગરબા ન થવાને લઈ સાચી નવરાત્રિના આયોજકોએ ખેલૈયાઓની માફી માંગી છે. સ્થળ પરની તમામ વ્યવસ્થાઓની ચકાસણી માટે સમય લાગવાના કારણે ગરબાની રમઝટ ન થઈ શક્યા હોવાની સોશિયલ મીડિયામાં પોસ્ટ પણ કરી છે. ટિકિટ બુક કરાવનાર ખેલૈયાઓને ટિકિટની રકમ તાત્કાલિક પરત કરવા માટે પણ આયોજકોએ જાહેરાત કરી છે. હજી સુધી સ્ટ્રક્ચર સ્ટેબિલીટી રિપોર્ટ મળ્યો નથી, ત્યારે બીજા નોરતાના મોડી રાત્રે જ સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકી ત્રીજા નોરતે પણ ગરબા યોજવા તૈયાર છીએ એવા પ્રકારે પોસ્ટ કરી દેવામાં આવી છે. જેને લઈ આજે 13 ઓક્ટોબરે ત્રીજા નોરતે ગરબા થશે કે નહીં એ




સવાલ છે. પ્રથમ નારતે જ જીગરદાન ગઢવીની સાચી નવરાત્રિ વિવાદમાં આવી ગઈ હતી. ફાયર વિભાગની મંજૂરી ન મળી હોવા છતાં પ્રથમ દિવસે ગરબા યોજવામાં આવતા હતા. જો કે બીજા દિવસે ફાયર વિભાગની ટીમ દ્વારા તપાસ કરીને સાંજે 7 વાગ્યા આસપાસ સાચી નવરાત્રિને NOC આપવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ ન મળ્યો હોવાથી પોલીસ દ્વારા મંજૂરી આપવામાં આવી ન હતી. સાંજ સુધીમાં પોલીસ પરવાનગી પણ મળી જશે તેવી આશા સાથે આયોજકો બેઠા હતા પરંતુ તે મળી શકી નહતી.

જો કે ખલૈયાઓને સાચી નવરાત્રિના આયોજકો દ્વારા ગરબા થશે કે નહીં તેને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. જેથી એસી ડોમમાં જીગરદાન ગઢવીની નવરાત્રિમાં ગરબે રમવા માટે મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબા સ્થળ પર 8 વાગ્યાથી પહોંચી ગયા હતા. પરંતુ થોડીવારમાં એન્ટ્રી આપવામાં આવશે તેવું કહેવામાં આવતા ખેલૈયા કલાકો સુધી એન્ટ્રી ગેટ પર ઉભા રહ્યા હતા. 10 વાગ્યા બાદ પણ એન્ટ્રી આપવામાં ન આવતા ખેલૈયાઓ રોષે ભરાયા હતા. ભારે હોબાળો મચાવી ખેલૈયાઓ એન્ટ્રી ગેટ તોડીને એસી ડોમમાં ઘૂસી ગયા હતા. એટલું જ નહીં રિફંડ રિફંડના નારા લગાવી હોબાળો કર્યો હતો. જે બાદ એસી ડોમમાં ખેલૈયાઓ ભેગા થઈ જતા લાઈટો પણ બંધ કરી દેવામાં આવતા વધારે રોષે ભરાયા હતા. જો કે ત્યારબાદ સ્ટેજ પરથી ગરબા નહીં યોજાય રિફંડ મળી જશે તેવી જાહેરાત કરતા ખેલૈયા વધારે રોષે ભરાયા હતા. એ સાથે જ નિરાશ થઈને ગરબા રમ્યા વગર બહાર નીકળવું પડ્યું હતું.

## IAS વાઈવ્સ વેલફેર એસોસિયેશન દ્વારા ગરબાનું આયોજન : CMએ મા આદ્યશક્તિની મહાઆરતી ઉતારી

(એજન્સી) અમદાવાદ | તા.13

નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે ગાંધીનગરમાં IAS વાઈવ્સ વેલફેર એસોસિયેશન દ્વારા ગરબા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને મા આદ્યશક્તિની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ એસોસિયેશન દ્વારા નવરાત્રિ ગરબા ઉત્સવ યોજાયો હતો, જેમાં રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને તેમના પરિવારજનો ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ, IAS વાઈવ્સ વેલફેર એસોસિયેશનના પ્રમુખ સી.વી. સોમ અને તેમનાં પત્ની ચંન્દ્રાણી સોમ



સહિતના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો, પોલીસ મહાનિર્દેશક જી.એસ. મલિક, હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ ડૉ. જયપાલ સિંઘ તેમજ રાજ્ય સરકારમાં ફરજ બજાવતા અને નિવૃત્ત સનદી અધિકારીઓ તેમના પરિવારજનો સાથે ગરબા ઉત્સવમાં જોડાયા હતા. નવરાત્રિના ધાર્મિક માહોલમાં મા આદ્યશક્તિની આરાધના સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.